२०३ वर्ष

# દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 *

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 299 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ માર્ગશીર્ષ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 December 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૧૭ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u





૨૦૩ વર્ષ
દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 299 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ માર્ગશીર્ષ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 17 December 2024, Tuesday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મંગળવાર, ૧૭ ડિસેમ્બર ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## જ્યોર્જિયાના તિબ્લિસીમાં ૧૨ ભારતીયનાં શંકાસ્પદ મોત

તિબ્લિસીઃ જ્યોર્જિયાના ગુદૌરીના માઉન્ટેન રિસોર્ટમાં બાર ભારતીય નાગરિકો મૃત હાલતમાં મળી આવ્યા હતા એવી માહિતી ભારતીય મીશને આપી છે.

જ્યોર્જિયાના ગૃહ મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે શરૂઆતના નિરીક્ષણમાં મૃતદેહ પર કોઈ ઈજા કે હિંસાની નિશાની જોવા મળી નથી. સ્થાનિક માધ્યમોએ પોલીસને ટાંકીને અહેવાલ આપ્યો હતો કે બધા જ ભારતીયો ઝેરી કાર્બન મોનોકસાઈડને લીધે મરણપામ્યા હોવાનું મનાય છે.

ભારતના તિબ્લિસીના મીશને કહ્યું હતું કે બારે બાર ભોગ બનેલાઓ ભારતીય નાગરિકો છે, જ્યારે જ્યોર્જિયાના ગૃહ મંત્રાલયે કહ્યું છે કે ૧૧ વિદેશી છે અને તેમના દેશનો એક નાગરિક છે.

આ ભારતીયો રીસોર્ટની ભારતીય રેસ્ટોરાંના કર્મચારીઓ હતા અને તેમના મૃતદેહ બીજા માળના બેડરૂમમાંથી મળ્યા હતા.

ભારતના મીશને કહ્યું હતું કે મીશનેને હાલમાં જ ગુદૌરીમાં ૧૨ ભારતીય નાગરિકોના મરણની ખબર પડી છે. તેમના કુટંબોને માટે દિલસોજી. મીશન સ્થાનિક સત્તાવાળાઓ સાથે સંપર્કમાં છે જેથી મૃતકોની માહિતી મળી શકે. શક્ય બધી સહાય કરાશે.

પોલીસે તપાસ શરૂ કરી છે. પ્રાથમિક (જુઓ પાનું ૨) ▸▸

## વાયવ્ય દિલ્હીમાં ચૂંટણી પૂર્વે ૪૦૦ ગુનેગારોની ધરપકડ

નવી દિલ્હી : દિલ્હી પોલીસે વાયવ્ય જિલ્લામાં પહેલી ડિસેમ્બરથી ૧૫ ડિસેમ્બર સુધી કરેલા 'ઓપરેશન ક્રેકડાઉન'માં ૮૧ રીઢા ગુનેગારો સહિત ફરાર થયેલા ૪૧૫ ગુનેગારોની ધરપકડ કરી હતી. આ ઓપરેશનમાં ૧,૫૦૦ પોલીસોએ ભાગ લીધો હતો અને આનો હેતુ ગુનાહિત પ્રવૃત્તિ ડામવાનો અને આગામી વિધાનસભાની ચૂંટણીમાં લોકોની સુરક્ષાની તકેદારીનો છે.

પોલીસના ડેપ્યુટી કમિશનર (વાયવ્ય) અભિષેક ધનિયાએ માહિતી આપી હતી કે ૮૧ રીઢા ગુનેગારોમાં પેરોલ પર છુટ્યા બાદ નાસી ગયેલા દોષીઓનો સમાવેશ થાય છે. (એજન્સી)

## સંભલમાં ૪૬ વર્ષ પછી ખોલવામાં આવેલા મંદિરના કૂવામાંથી બે મૂર્તિ મળી આવી

સંભલ (ઉત્તર પ્રદેશ) : સંભલમાં ૪૬ વર્ષ સુધી બંધ રહેલા ભસ્મશંકર મંદિરને ગયા અઠવાડિયે ખોલવામાં આવ્યું તો તેના કૂવામાંથી બે ક્ષતીગ્રસ્ત મૂર્તિઓ મળી આવી હતી. સત્તાવાળાઓએ કહ્યું હતું કે અતિક્રમણ વિરુદ્ધની ઝુંબેશ દરમિયાન અમને એક બંધ સ્ટ્રકચર મળ્યું હતું. આ ૧૩ ડિસેમ્બરે શ્રી કાર્તિક મહાદેવ મંદિર (ભસ્મશંકર મંદિર) ખોલવામાં આવ્યું હતું. મંદિરમાં ભગવાન હનુમાનની મૂર્તિ અને શિવલિંગ મળી આવ્યું હતું. આ મંદિર ૧૯૭૮થી બંધ હતું. મંદિરના નજીક (જુઓ પાનું ૨) ▸▸

## જયપુરમાં કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં શ્વાસ રૂંધાતા ૧૦ વિદ્યાર્થી બેભાનઃ ગૅસ લીકેજની શક્યતા

જયપુર : રાજસ્થાનના જયપુરમાં મહેશ નગર વિસ્તારમાં આવેલી કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં અભ્યાસ કરતા ૧૦ વિદ્યાર્થીઓ રવિવારે સાંજે અચાનક બેહોશ થઈ ગયા હતા. આ તમામને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. હાલ તમામ વિદ્યાર્થીઓની હાલત સારી છે. પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર, સંભવત સંસ્થાની ઉપરની છત પરના રસોડામાં ગટરના ગેસ અથવા ધુમાડાને કારણે આવું થયું હતું.

જ્યારે ઘટનાસ્થળે હાજર પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે, ગટરમાંથી આવતી દુર્ગંધ અને બિલ્ડીંગની છત પરના રસોડામાંથી આવતા ધુમાડાને કારણે ધુમાડો (જુઓ પાનું ૨) ▸▸

## ઑસ્ટ્રેલિયાના ૪૪૫ રન પછી ભારત મુશ્કેલીમાંઃ ૫૧ રનમાં ચાર વિકેટ ગુમાવી

### ગેબામાં વરસાદને લીધે આઠ વાર રમત રોકવી પડીઃ રેકોર્ડ બની ગયો!



બ્રિસબેનઃ અહીં ગેબાના ગ્રાઉન્ડ પર બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ત્રીજી ટેસ્ટમાં મેઘરાજા ખૂબ નડ્યા છે. વરસાદને કારણે ટૂંકા સમયમાં આઠેક વખત રમત અટકાવવી પડી હતી અને એ એક પ્રકારનો વિક્રમ છે. સોમવારના ત્રીજા દિવસે પહેલા દાવમાં ઑસ્ટ્રેલિયા પ્રથમ દાવમાં ૪૪૫ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગયું ત્યાર પછી ભારતે ૧૭ ઓવરની રમતમાં ફક્ત ૫૧ રનમાં ચાર વિકેટ ગુમાવી (જુઓ પાનું ૨) ▸▸

## વડા પ્રધાન મોદી, રાષ્ટ્રપતિ મુર્મૂએ આપી ઝાકિર હુસૈનને શ્રદ્ધાંજલિ

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ પીઢ તબલાવાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનને તેમના નિધન પર શ્રદ્ધાંજલિ પાઠવી છે. ઝાકિર હુસૈનનું ૭૩ વર્ષની વયે સાન ફ્રાન્સિસ્કો, કેલિફોર્નિયામાં અવસાન થયું છે. પીએમ મોદીએ તેમને શ્રદ્ધાંજલિ આપતા સોશિયલ મીડિયા પર લખ્યું હતું કે, 'મહાન તબલાવાદક ઉસ્તાદ ઝાકિર હુસૈનજીના નિધનથી ખૂબ જ દુઃખી છું. તેમને ભારતીય શાસ્ત્રીય સંગીતના એક સાચી પ્રતિભા, ક્રાંતિકારી તરીકે યાદ કરવામાં આવશે. તેઓ તબલાને વૈશ્વિક મંચ પર લાવ્યા અને લાખો લોકોને તેમના અજોડ તાલથી મંત્રમુગ્ધ કરી દીધા. તેમના કૌશલ્ય દ્વારા, તેમણે સાંસ્કૃતિક એકતાનું પ્રતીક બનીને વૈશ્વિક સંગીત સાથે ભારતીય શાસ્ત્રીય પરંપરાઓને એકીકૃત રીતે (જુઓ પાનું ૨) ▸▸

## હ્યુસ્ટનની ક્લબના ગોળીબારમાં બેનાં મોત, ચાર ઘાયલ

હ્યુસ્ટનઃ હ્યુસ્ટનમાં એક કામચલાઉ ઊભી કરાયેલી ક્લબમાં થયેલા ગોળીબારમાં બે જણ માર્યા ગયા હતા અને ચાર ઘાયલ થયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે કેટલાક સાક્ષીઓએ ડિટેક્ટીવ્સને કહ્યું હતું કે તેઓએ હૂડવાળા સ્વેટશર્ટ અને તેના ચહેરાને ઢાંકેલા કાળા માસ્ક સહિત તમામ ડ્રેસ કાળો પહેરેલા એક માણસને સ્થળ પર લોકોની ભીડ પર પિસ્તોલથી ગોળી ચલાવતા જોયો હતો.

પોલીસે જણાવ્યું કે ૧૬ વર્ષીય કિશોરનું ઘટનાસ્થળે અને ૧૪ વર્ષીય કિશોરીનું હૉસ્પિટલમાં મૃત્યુ થયું હતું. તેમની ઓળખની તપાસ બાકી છે.

આસિસ્ટન્ટ ચીફ લુઈસ મેનેન્ડેઝ-સિએરાએ એક ન્યૂઝ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે શનિવારની મોડી રાત્રે ગોળીબારના (જુઓ પાનું ૨) ▸▸

## ભારત અને શ્રીલંકાનો સંરક્ષણ, ઊર્જા અને વેપાર સંબંધો વધારવાનો નિર્ણય

નવી દિલ્હીઃ ભારત અને શ્રીલંકાએ સોમવારે તેમની ભાગીદારીને વિસ્તૃત કરવા માટે ભવિષ્યવાદી અભિગમ અપનાવ્યો છે. બંને દેશોએ ટૂંક સમયમાં સંરક્ષણ સહયોગ કરારને પૂર્ણ કરવાનો સંકલ્પ લીધો છે. તેમજ પાવર ગ્રીડ કનેક્ટિવિટી અને મલ્ટી-પ્રોડક્ટ પેટ્રોલિયમ પાઇપલાઇન્સની સ્થાપના કરીને ઊર્જા સંબંધોને વધારવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયો વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને શ્રીલંકાના રાષ્ટ્રપતિ અનુરા કુમારા દિસાનાયકા વચ્ચે વ્યાપક વાટાઘાટો દરમિયાન લેવામાં આવ્યા હતા.

વડા પ્રધાન મોદીએ જણાવ્યું કે બંને પક્ષોએ ભારત-શ્રીલંકા આર્થિક ભાગીદારી માટે રોકાણ આધારિત વિકાસ અને કનેક્ટિવિટી પર ભાર મૂકવાનો નિર્ણય કર્યો હતો. તેમજ ભૌતિક, ડિજિટલ અને ઊર્જા જોડાણ સહયોગના મુખ્ય સ્તંભો બની રહેશે. મોદીએ જણાવ્યું કે પાવર ગ્રીડ કનેક્ટિવિટી (જુઓ પાનું ૨) ▸▸



વિજય દિવસઃ વર્ષ ૧૯૭૧માં બાંગ્લાદેશની આઝાદીના યુદ્ધમાં ભારતને મળેલા વિજયને યાદમાં ઉજવાતા 'વિજય દિવસ'ને પ્રસંગે કેન્દ્રના સંરક્ષણ ખાતાના પ્રધાન રાજનાથ સિંહે સોમવારે દિલ્હીમાં રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક ખાતે શ્રદ્ધાજલિ આપી હતી તે સમયે ચીફ ઑફ ડિફેન્સ સ્ટાફ (સીડીએસ) જનરલ અનિલ ચૌહાણ, ચીફ ઑફ આર્મી સ્ટાફ જનરલ મનોજ પાંડે, નૌકાદળના ચીફ એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી અને ઈન્ડિયન ઍર ફોર્સ (આઈએએફ)ના વડા ઍર ચીફ માર્શલ એ. પી. સિંહે પણ હાજર રહ્યા હતા. (એજન્સી)

## 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' બિલ આજે લોકસભામાં રજૂ થવાની શક્યતા, સંયુક્ત સમિતિને મોકલાશે

નવી દિલ્હીઃ લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ એકસાથે યોજવા માટેનું બંધારણ સંશોધન બિલ આજે સંસદમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. જેને બંને ગૃહોની સંયુક્ત સમિતિને મોકલવામાં આવશે.

એક ટોચના સરકારી અધિકારીના જણાવ્યા અનુસાર બંધારણ(એકસો ઓગણત્રીસમો સુધારો) બિલ, ૨૦૨૪ કે જે 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' બિલ તરીકે જાણીતું છે, તેને કેન્દ્રીય કાયદા પ્રધાન અર્જુન રામ મેઘવાલ દ્વારા રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. બિલને રજૂ કર્યા બાદ મેઘવાલ લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાને બિલને વિગતવાર ચર્ચા માટે સંસદની સંયુક્ત સમિતિને મોકલવાની વિનંતી કરશે. સંયુક્ત સમિતિની રચના વિવિધ પક્ષોના સાંસદોની સંખ્યાના આધારે પ્રમાણસર કરવામાં આવશે. પદાધિકારીએ કહ્યું કે સૌથી મોટી પાર્ટી હોવાના કારણે ભાજપને સમિતિની અધ્યક્ષતા મળશે. ઉપરાંત ઘણા સભ્યો પણ હશે.

પદાધિકારીએ જણાવ્યું કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ કે જે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના નેતૃત્વ હેઠળની ઉચ્ચ-સ્તરીય સમિતિના સભ્ય હતા જેણે તબક્કાવાર રીતે લોકસભા, રાજ્ય વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ એક સાથે યોજાવની ભલામણ કરી હતી. તેઓ જ્યારે બિલ રજૂ કરવામાં આવે ત્યારે નીચલા ગૃહમાં હાજર રહી શકે છે. કેન્દ્રીય મંત્રીમંડળે ગયા અઠવાડિયે લોકસભા અને રાજ્ય વિધાનસભાઓની ચૂંટણીઓ એકસાથે યોજવાનો નિર્ણય લીધો હતો, પરંતુ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ હાલ જે રીતે યોજાઇ છે તે રીતે જ યોજવાનું નક્કી કર્યું હતું.

મેઘવાલ નીચલા ગૃહને જણાવી શકે છે કે બિલને સાંસદો અને જનતા સાથે વ્યાપક પરામર્શની જરૂર હોવાથી તેને સંયુક્ત સમિતિને મોકલવામાં આવશે. સ્પીકર એ જ દિવસે પાર્ટીઓ પાસેથી સૂચિત પેનલ માટે સભ્યોના નામ માંગશે. ઉલ્લેખનીય છે કે દેશમાં ૧૯૫૧ અને ૧૯૬૭ વચ્ચે એક સાથે ચૂંટણી યોજાઇ હતી.

## કૉંગ્રેસ 'મહિલા વિરોધી', 'પરિવાર'ને મદદ કરવા બંધારણમાં સુધારો કર્યોઃ સીતારમણ

નવી દિલ્હીઃ નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે સોમવારે જણાવ્યું હતું કે કૉંગ્રેસ પાર્ટીએ ''પરિવાર'' અને ''વંશવાદ'' ને મદદ કરવા બંધારણમાં અનેક મોટા સુધારા કર્યા છે.

પોતાના ગઠબંધન ભાગીદારોના દબાણ હેઠળ મહિલા અનામત બિલ પસાર ન કરવા બદલ કૉંગ્રેસ પાર્ટીને સીતારમણે ''મહિલા વિરોધી'' પણ ગણાવી હતી.

રાજ્યસભામાં 'ભારતના બંધારણનાં ૭૫ વર્ષની ગૌરવપૂર્ણ યાત્રા' પર ચર્ચાની શરૂઆત કરતાં સીતારમણે કહ્યું કે લગભગ ૫૦ વર્ષ સુધીની અગાઉની કૉંગ્રેસ સરકારોની આર્થિક નીતિઓએ ભારતીય અર્થવ્યવસ્થાને મજબૂત બનાવી નથી.

કૉંગ્રેસે માત્ર પરિવાર, વંશને મદદ કરવા માટે બેશરમીથી બંધારણમાં ઘણી વખત સુધારો કર્યો.

૪૨મા બંધારણીય સુધારા અને શાહ બાનો કેસ સાથે સંબંધિત એક સહિત વિવિધ સુધારાઓને ટાંકીને નાણાપ્રધાને જણાવ્યું હતું કે કોઈ પણ સુધારા ચાર માપદંડોની કસોટીમાં પાસ થયા નથી - આર્થિક લાભ, સામાજિક ઉદ્દેશ્ય, યોગ્ય પ્રક્રિયા અને બંધારણીય ભાવના.

તેમણે જણાવ્યું હતું કે સુધારા લોકશાહીને મજબૂત કરવા માટે નહીં, પરંતુ સત્તામાં રહેલા લોકોની સુરક્ષા અને પરિવારને મજબૂત કરવા માટે કરાયા હતા.

તેમણે કહ્યું કે ૫૦ વર્ષ સુધી કૉંગ્રેસ સરકારો દ્વારા અનુસરવામાં આવેલી આર્થિક નીતિઓ અર્થતંત્રને મજબૂત કરી શકી નથી.

સંસદ અને રાજ્ય વિધાનસભાઓમાં મહિલા આરક્ષણનો ઉલ્લેખ કરતાં સીતારમણે કહ્યું કે ૨૦૦૮માં રાજ્યસભામાં આ અંગેનું એક બિલ પસાર કરવામાં આવ્યું હતું, પરંતુ શાસક કૉંગ્રેસે તેને લોકસભામાં ન લીધું, કારણ કે તેના ગઠબંધન ભાગીદારો આ કાયદાની તરફેણમાં ન હતા.

તેમણે કહ્યું કે કૉંગ્રેસ ''મહિલા વિરોધી'' છે. તેણે ''કુર્સી'' (સત્તા) બચાવવા માટે મહિલા અનામત બિલ પાસ કર્યું નહોતું.

રાજીવ ગાંધીના લોકસભામાં ૪૨૬ અને રાજ્યસભામાં ૧૫૯ સભ્ય હતા, તેઓને તે સમયે મહિલા અનામત બિલ પસાર કરવાની જરૂર નહોતી જણાઈ.

ખૂબ જ સ્પષ્ટપણે, તેઓ હંમેશાં મહિલા વિરોધી રહ્યા છે. શાહ બાનો કેસ તેનું સ્પષ્ટ ઉદાહરણ છે.

તેમણે કહ્યું કે કૉંગ્રેસ પાર્ટીએ છૂટાછેડા પર મુસ્લિમ મહિલા અધિકાર સંરક્ષણ અધિનિયમ, ૧૯૮૬ પસાર કર્યો, જેણે મુસ્લિમ મહિલાઓ પાસેથી તેમનાં ભરણપોષણના અધિકારને છીનવ્યો.

બીજી તરફ, મોદી સરકાર સંસદના નવા બિલ્ડિંગમાં યોજાયેલા પ્રથમ સત્રમાં 'નારી શક્તિ વંદન અધિનિયમ' લાવી હતી.

## કાશ્મીરમાં શીત લહેરનો પ્રકોપ

શ્રીનગરઃ કાશ્મીરમાં લઘુતમ તાપમાન હિમાંકથી અનેક ડિગ્રી નીચે રહેતાં લોકો ભીષણ શીત લહેરના પ્રકોપનો સામનો કરી રહ્યા છે. આ માહિતી અધિકારીઓએ સોમવારે આપી હતી.

શ્રીનગર શહેરમાં લઘુતમ તાપમાન માઇનસ ૩.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગત રાત્રિ જેટલું જ હતું. ગુલમર્ગમાં લઘુતમ તાપમાન માઇનસ ચાર ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગત રાત્રિ કરતાં થોડું ઓછું હતું. અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ પહેલગામમાં લઘુતમ તાપમાન માઇનસ પાંચ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે ગત રાત્રિના માઇનસ ૪.૮ ડિગ્રી કરતાં થોડું ઓછું હતું.

પંપોર શહેરના સીમાડે આવેલું એક શાંત ગામ કોનીબલ ખીણનું સૌથી ઠંડું સ્થળ રહ્યું હતું, જ્યાં પારો માઇનસ છ ડિગ્રીથી નીચે ગગડ્યો હતો. કાશ્મીરના પ્રવેશદ્વાર કાઝીગુંડમાં લઘુતમ તાપમાન માઇનસ ચાર ડિગ્રી, ઉત્તર કાશ્મીરના કુપવાડામાં માઇનસ ૪.૨ ડિગ્રી અને દક્ષિણ કાશ્મીરના કોકરનાગમાં માઇનસ ૩.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.હવામાન વિભાગે ૨૬ ડિસેમ્બર સુધી હવામાન મુખ્યત્વે સૂકું રહેવાની તથા ૨૧-૨૨ ડિસેમ્બરની રાત્રે ખીણના ઊંચાણવાળા વિસ્તારોમાં હળવી હિમવર્ષાની આગાહી કરી છે. જોકે આગામી ત્રણ દિવસ સુધી ખીણમાં લઘુતમ તાપમાનમાં વધુ ઘટાડો થવાની તથા કેટલાંક સ્થાનો પર શીતલહેરની સંભાવના પણ વ્યક્ત કરી છે.

## આંધ્ર પ્રદેશમાં પ્રોપર્ટીના વિવાદમાં ત્રણની કથિત રીતે હત્યા કરાઈ

વેટલાપાલેમઃ કાકીનાડા જિલ્લાના વેટલાપાલેમ ગામમાં રવિવારે રાત્રે એક ઘરના બાંધકામ સાથે સંકળાયેલા વિવાદમાં એક જ પરિવારના ત્રણ સભ્યની કથિત રીતે હત્યા કરવામાં આવી હતી.

ડી એસ પી વિક્રાંત પાટીલે સોમવારે જણાવ્યું હતું કે હુમલામાં કે પ્રકાશ રાવ (૫૩), કે ચંદ્ર રાવ (૬૦), અને કે યેસુ બાબુ (૪૮) કથિત રીતે માર્યા ગયા હતા, જ્યારે ચાર અન્ય જણ ઘાયલ થયા હતા.

પાટીલે જણાવ્યું હતું કે, ''પીડિતો જ્યાં ઘર બનાવી રહ્યા હતા તે જમીન પર વિવાદ હતો. તેઓ કોંક્રિટ સ્લેબ નાખવાના હતા ત્યારે આરોપીઓએ સ્થળ પર તેમના પર હુમલો કર્યો હતો.''

પાટીલના જણાવ્યા અનુસાર, લગભગ ૧૫ લોકોએ કથિત રીતે હુમલો કર્યો હતો, જેમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ મોત થયું હતું અને અન્ય બે ઈજાગ્રસ્ત હૉસ્પિટલમાં મૃત્યુ પામ્યા હતા.

પોલીસે હુમલાખોરોની ઓળખ બી ઝકરિયા, બી મોશે, અપ્પન્ના, દોરૈયા અને અન્ય તરીકે કરી છે, જેઓ અત્યારે ભાગતા ફરે છે.

પાટીલે કહ્યું હતું કે મૃતક અને હુમલાખોરો બંને અલગ-અલગ પરિવારના હતા અને પીડિતોએ ઘર બનાવવા માટે સામૂદાયિક તળાવ પર અતિક્રમણ કરવાનો આરોપ મૂક્યા પછી વિવાદ શરૂ થયો હતો.

વધુમાં, પોલીસે નોંધ્યું હતું કે હુમલાખોરોને કથિત રીતે ગામમાં તેમની મોટપ ગુમાવવાનો ડર હતો કારણ કે પીડિતો એક મોટું મકાન બનાવવાનાં હતા, જે આખરે લોહિયાળ અથડામણમાં પરિણમી હતી.

પાટીલે કહ્યું હતું કે પોલીસે ગામમાં સુરક્ષા વધારી દીધી છે અને આરોપીઓને સક્રિયપણે શોધી રહી છે. હત્યાનો કેસ નોંધવામાં આવ્યો છે, અને તપાસ ચાલી રહી છે.



સ્વાગતઃ શ્રીલંકાના પ્રમુખ અનુરા કુમારા દિસાનાયકેનું દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે સોમવારે સ્વાગત કરવામાં આવ્યા બાદ તેમણે ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે તસવીર ખેંચાવી હતી. (એજન્સી)

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ઉસ્તાદ ઝાકિર હુસૈને તબલાંવાદનને વૈશ્વિક બનાવ્યું

**વિશ્વપ્રસિદ્ધ** તબલાંવાદક અને પદ્મવિભૂષણ ઉસ્તાદ ઝાકિર હુસૈનનું નિધન થયું એ સાથે જ એક યુગ પૂરો થઈ ગયો. ઝાકિર હુસૈનનું ૧૪ ડિસેમ્બરે અવસાન થયું હતું પણ પરિવારે આ વાત જાહેર નહોતી કરી. તેમના ભાઈ રવિવારે રાત્રે અમેરિકા જવા રવાના થયા પછી જાહેરાત કરાઈ. તેઓ ઇડિયોપેથિક પલ્મોનરી ફાઇબ્રોસિસથી પિડાતા હતા. ઇડિયોપેથિક પલ્મોનરી ફાઇબ્રોસિસ ફેફસાંને લગતો રોગ છે કે જેમાં ધીરે ધીરે અંગો પણ કામ કરવાનું બંધ કરી દે છે. ઝાકિર હુસૈને ભલે આપણી વચ્ચેથી વિદાય લીધી પણ તેમણે ભારતીય શાસ્ત્રીય સંગીતને વિશ્વવ્યાપી બનાવવામાં આપેલા યોગદાનને જોતાં એ હંમેશાં લોકોના હૃદયમાં જીવંત રહેશે. ભારતીય સંગીતના મશાલચીઓની વાત નિકળશે ત્યારે ત્યારે ઝાકિર હુસૈનને યાદ કરવા જ પડશે.

નવી પેઢી ઝાકિર હુસૈનને તાજ ચાની જાહેરખબરમાં ચમકતા વાહ તાજ કહેતા તબલાંવાદક તરીકે ઓળખે છે પણ વૈશ્વિક સ્તરે તેમની ઓળખ પૂર્વ અને પશ્ચિમના સંગીતનો સમન્વય કરાવનારા મહાન સંગીતકાર તરીકે હતી. ભારતીય વાદ્ય સંગીતને વૈશ્વિક સ્તરે પહોંચાડનારા પંડિત રવિશંકર, બિસ્માલ્લાહ ખાન, હરિપ્રસાદ ચૌરસિયા સહિતના મહાન ભારતીયોની યાદીમાં તેમનું નામ લેવાય એટલું મોટું તેમનું યોગદાન છે. મિકી હાર્ટ, જોન મેકલોફલિન જેવા પશ્ચિમના ધુરંધર કલાકારો સાથે ફ્યુઝન મ્યુઝિક દ્વારા તેમણે દુનિયાભરના સંગીત રસિયાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. ઝાકીર હુસૈનના આલ્બમ પ્લેનેટ ડ્રમને ૧૯૯૨માં ગ્રેમી એવૉર્ડ મળેલો. આ આલ્બમની લગભગ ૮ લાખ રેકર્ડ વેચાઈ હતી. બહુ ઓછા ભારતીય સંગીતકારોને વિદેશીઓએ આ હદે પસંદ કર્યા છે.

ઝાકિર હુસૈને ફિલ્મ સંગીતમાં પણ યોગદાન આપ્યું છે. બાવર્ચી, સત્યમ શિવમ સુંદરમ, હીર-રાંઝા અને સાઝ જેવી જૂની ફિલ્મોમાં હુસૈન સાહેબના તબલાંનો જાદુ જોઈ શકાય છે. લિટલ બુદ્ધ અને સાઝ જેવી ફિલ્મોમાં ઝાકિર હુસૈને અભિનય પણ કર્યો હતો. મતલબ કે, ઝાકિર હુસૈન ગ્લેમરની દુનિયામાં પણ છવાયેલા હતા પણ રસપ્રદ વાત એ છે કે, આંતરરાષ્ટ્રીય સ્તરે ફ્યુઝન મ્યુઝિક ફિલ્મ સંગીતમાં જબરદસ્ત સફળતા મળી પછી પણ ઝાકિર હુસૈને તબલાં છોડ્યાં નહોતાં કેમ કે તબલાંને એ પોતાનો ધર્મ માનતા હતા. તબલાંને પોતાના પરિવારની અમૂલ્ય ભેટ માનતા હતા.

મહારાષ્ટ્રમાં ઉસ્તાદ અલ્લારખા અને બાવી બેગમને ત્યાં ૯ માર્ચ ૧૯૫૧ના રોજ જન્મેલા ઝાકિર હુસૈનનું બાળપણ પિતાના તબલાંના તાલ સાંભળવામાં વીત્યું હતું. પિતાએ ૩ વર્ષની ઉંમરે ઝાકિરને પણ તબલાં આપી દીધાં અને આ સાથ કદી ના છૂટ્યો. બલકે સમય જતો ગયો તેમ તેમ તબલાંનો રંગ વધારે ને વધારે ઘેરો થતો ગયો. તેમના પિતા ઉસ્તાદ અલ્લારખાં તેમના અને પ્રથમ ગુરુ હતા. એ પછી ઉસ્તાદ લતીફ અહેમદ ખાન અને ઉસ્તાદ વિલાયત હુસૈન ખાન પાસેથી તબલાંના પાઠ શીખીને માત્ર ૧૨ વર્ષની ઉંમરે તેમણે પહેલો શો કર્યો. આ સિલસિલો કદી બંધ થયો જ નહીં.

ઝાકિર હુસૈને ભારતમાં એક એકથી ચડિયાતા ધુરંધરો સાથે સંગત કરીને પોતાની ક્ષમતાનો પરચો આપ્યો હતો. ઝાકિર હુસૈને ખૂબ જ નાની ઉંમરે આંતરરાષ્ટ્રીય કલાકાર તરીકે ખ્યાતિ મેળવી હતી પણ પોતાનાં મૂળને નહોતા ભૂલ્યા. આ કારણે જ સિનિયર ડાગર બ્રધર્સ, ઉસ્તાદ બડે ગુલામ અલી ખાન સાહેબથી લઈને બિરજુ મહારાજ અને નીલાદ્રી કુમાર, હરિહરન સુધીની ૪ પેઢીના કલાકારો સાથે તબલાં પર સંગત કરીને ભારત સાથેનો નાતો પણ જાળવી રાખ્યો હતો. આ યોગદાનના કારણે ઝાકિર હુસૈન તેમના પિતા ઉસ્તાદ અલ્લારખાંની જેમ તબલાંનો પર્યાય બની ગયા હતા.

ઝાકિર હુસૈનના નામે બીજી પણ એક સિદ્ધિ બોલે છે. ઝાકિર હુસૈને પોતાનું બેન્ડ શક્તિ શરૂ કર્યું હતું. ૨૦૨૪માં આ બેન્ડને ૩ ગ્રેમી એવૉર્ડ એનાયત થયા છે. એકસાથે ૩ ગ્રેમી એવૉર્ડ જીતનારા ઝાકિર હુસૈન પહેલા અને એકમાત્ર ભારતીય છે. ઝાકિર હુસૈન પહેલા ભારતીય સંગીતકાર હતા જેમને વાઇટ હાઉસ ખાતે ઓલ સ્ટાર ગ્લોબલ કોન્સર્ટ માટે આમંત્રિત કરવામાં આવ્યા હતા.

ઝાકિર હુસૈન જન્મે મુસ્લિમ હતા પણ કર્મે ભારતીય હતા. ઝાકિર હુસૈનના પિતા ઉસ્તાદ અલ્લારખાં સૌથી પ્રસિદ્ધ તબલાંવાદક હતા. મુસ્લિમોમાં પુત્ર જન્મે પછી તેને ખોળામાં રાખીને પિતા કુરાનની આયત સંભળવાતા હોય છે કે જેથી એ સારો ને સાચો મુસલમાન બને. ઉત્સાદ અલ્લારખાંએ નાના ઝાકિર હુસૈનને ખોળામાં બેસાડીને કાનમાં કુરાનની આયત સંભળાવી નહોતી પણ તબલાંના તાલ સંભળાવ્યા હતા એવું કહેવાય છે. તેમના પરિવારે કારણ પૂછ્યું તો તેમણે કહેલું કે, તબલાંના આ તાલ જ મારી આયત છે. અલ્લારખાંએ ઝાકિર હુસૈનને કાનમાં આપેલો મંત્ર એ વાતનો પુરાવો હતો કે, જિંદગીમાં ધર્મ જ બધું નથી અને કેટલાક લોકો માટે ધર્મથી પણ ઉપર ઉઠીને બીજું કંઈક હોય છે.

મુંબઈ-પુણે એક્સપ્રેસવે પર આવેલા ભાજા ગામની ઈસવીસન પૂર્વે બીજી સદીમાં બનેલી ગુફાઓમાં તબલાં વગાડતી મહિલાનું ચિત્ર છે. તેના પરથી સ્પષ્ટ છે કે, તબલાંના મૂળ ભારતીય પરંપરામાં છે. તેને કોઈ વ્યક્તિ ધર્મથી પણ ઉપર માને તેનો અર્થ શો? ઝાકિર હુસૈનના કાનમાં પિતાઓ ફૂંકેલો મંત્ર આજીવન કામ કરતો રહ્યો કેમ કે ઝાકિર હુસૈન પોતે ધર્મથી પર હતા. હમણાં તેમનો એક વીડિયો વાયરલ થયો છે કે જેમાં ઉસ્તાદ તબલાં પર ભગવાન શિવનું ડમરું અને શંખ વગાડે છે. ભારતમાં અત્યારે દરેક વાતને હિંદુ-મુસ્લિમ એંગલથી જ જોવામાં આવે છે. કોઈ પણ બાબતને કોમવાદનાં ચશ્માં ચડાવીને જોવાની ફેશન ચાલી રહી છે ત્યારે આ વીડિયોને જોવાની જરૂર છે, ઝાકિર હુસૈન જેવા લોકોને યાદ કરવાની જરૂર છે. શરણાઈ વાદક બિસ્મિલ્લાહ ખાનથી માંડીને ઝાકિર હુસૈન સહિતના લોકો હિંદુ-મુસ્લિમ દૃષ્ટિકોણથી પર રહીને ભારતીય તરીકે જીવ્યા અને ભારતને ગૌરવાન્વિત પણ કર્યું. આ યાદીમાં ઘણાં બધાં નામો ઉમેરી શકાય કે જેમણે ભારતીય પરંપરાને જીવંત જ ના રાખી પણ વધારે સમૃદ્ધ બનાવી અને તેનો વૈશ્વિક સ્તરે વ્યાપ વધાર્યો. ભારતીય કલા-સંસ્કૃતિનો મહિમા આખી દુનિયામાં ફેલાવ્યો.

આ મહાન લોકોને પોતે મુસલમાન છે એવું યાદ નહોતું ને આ દેશનાં લોકોએ તેમને એ કદી અહેસાસ ના કરાવ્યો કે તમે અમારાથી અલગ છો કેમ કે એ લોકો આપણામાંથી એક હતા, છે અને રહેશે. આ વાત ઝાકિર હુસૈન, બિસ્મિલ્લાહ ખાન, ઉસ્તાદ બડે ગુલા અલી ખાં કે મોહમ્મદ રફી જેવા ગણતરીના કલાકારોને લાગુ નથી પડતી પણ તમામ મુસ્લિમોને લાગુ પડે છે. આ જ ભારતીયતા છે ને આ ભારતીયતા કોઈ એક ધર્મથી નથી બનેલી. કમનસીબે આ વાત ભુલાઈ રહી છે. ભારતીયતા પર પણ ધર્મનાં લેબલ લગાવાઈ રહ્યાં છે ત્યારે ઝાકિર હુસૈન સહિતના મહાન લોકોએ ધર્મથી પર રહીને આ દેશને અપાવેલા ગૌરવને પાછું યાદ કરવું જોઈએ. આ વાત કોઈ એક ધર્મનાં લોકોને નહીં પણ બધા ધર્મનાં લોકોને લાગુ પડે છે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન/સૌર હેમંતઋતુ, મંગળવાર, તા. ૧૭-૧૨-૨૦૨૪, ભદ્રા પ્રારંભ

- ભારતીય દિનાંક ૨૬, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, માર્ગશીર્ષ વદ - ૨
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે માર્ગશીર્ષ, તિથિ વદ-૨
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૧૫મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૬મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૬
- નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૨૪-૪૩ સુધી, પછી પુષ્ય.
- ચંદ્ર મિથુનમાં સાંજે ક. ૧૮-૪૭ સુધી, પછી કર્કમાં.
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ).
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ.૦૬ અમદાવાદ ક. ૦૭ મિ. ૧૬, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૦૨, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૬, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : બપોરે ક. ૧૨-૫૮, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૫૮ (તા. ૧૮)
- ઓટઃ સવારે ક. ૦૭-૨૫, રાત્રે ક. ૧૮-૫૯.
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, ‘અનલ’ નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, ‘ક્રોધી’ નામ સંવત્સર, માર્ગશીર્ષ કૃષ્ણ - દ્વિતિયા. હુથરી (કુર્ગ), ભદ્રા પ્રારંભ ક. ૨૨-૨૫.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, અદિતિ પૂજન, પરદેશગમનનું પસ્તાનું, વિદ્યારંભ, પ્રયાણ શુભ, બી વાવવું, લાલ વસ્રો, આભૂષણ, નિત્ય થતાં દુકાન-વેપાર, પશુ લે-વેંચ, સ્થાવર લેવડદેવડ, ખેતીવાડીના કામકાજ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, સીમંત સંસ્કાર, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, બગીચાના કામકાજ,
- આચમનઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ સ્વપનદષ્ટા.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-નેપ્ચૂન ત્રિકોણ (તા. ૧૮). ચંદ્ર પુનર્વસુ યુતિ.
- ગોચરગ્રહોઃ સૂર્ય-ધનુ, વક્રી મંગળ-કર્ક, માર્ગી બુધ-વૃશ્ચિક, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- મકર, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ, માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર . ■

# ઝાકિર હુસૈનને ફિલ્મજગતના લોકોની ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

નવી દિલ્હીઃ મહાન સંગીતકાર એ. આર. રહેમાન, સરોદવાદક અમજદ અલી ખાન, સારંગીવાદક કમલ સાબરી અને ફિલ્મ અભિનેતા અક્ષયકુમાર સહિતના ફિલ્મજગતના વિવિધ ક્ષેત્રના નામી કલાકારોએ તબલાવાદક ઝાકિર હુસૈનને ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ આપી હતી. ફેફસાને લગતી બીમારીને કારણએ ૭૩ વર્ષના હુસૈનનું સાન ફ્રાન્સિસ્કૉની હૉસ્પિટલમાં મૃત્યુ થયું હોવાનું તેમનાં પરિવારજનોએ કહ્યું હતું.

અમજદ અલી ખાને કહ્યું હતું કે ઝાકિર હુસૈનના નિધનને કારણે પડેલી ખોટને હું શબ્દોમાં વર્ણવી શકું એમ નથી. ઝાકિર હુસૈનના મોતના સમાચાર સાંભળી મારું હૃદય ભાંગી ગયું છે અને હું વિચલિત થઈ ગયો છું. હુસૈન અસાધારણ અને વિશ્વભરના લોકોએ જેમને ખૂબ પ્રેમ આપ્યો હોય તેવા સંગીતકારોમાંનાં એક હતા.

સારંગીવાદક કમલ સાબરીએ હુસૈનના નિધનને મોટી ખોટ લેખાવી હતી. હુસૈન ભારતીય સંગીતને વૈશ્વિક મંચ પર લઈ ગયા હતા એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે વૈશ્વિક મંચ પર તેમણે ભારતીય સંગીતનું લાંબા સમય સુધી પ્રતિનિધિત્વ કર્યું હતું.

હુસૈન પ્રેરણા સ્વરૂપ હતા અને તેમની વિદાયને કારણે વિશ્વને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે એમ જણાવતાં ક્લાસિકલ સિંગર વાસિફુદ્દીન ડાગરે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે હુસૈન વિશ્વમાં સૌથી વધુ લોકપ્રિય ભારતીય સંગીતકાર હતા. હુસૈન કોઈ પણ સંગીત ઘરાનાથી પર હતા એમ અમેરિકાસ્થિત ગાયિકા અનુરાધા પાલાકૂર્થિએ કહ્યું હતું કે તેઓ કોઈ એક ચોક્કસ ઘરાનાના નહોતા. તેઓ તમામ ઘરાનાના પ્રતિનિધિ હતા.

અસંખ્ય એવૉડ મેળવનાર ઝાકિર હુસૈનના નિધનથી હું ઘેરા શોકની લાગણી અનુભવી રહ્યો છું એમ જણાવતાં બોલીવુડના સુપરસ્ટાર અક્ષયકુમારે કહ્યું હતું કે હુસૈન ભારતીય સંગીતનું અલૌકિક ઘરેણું અને ભારતીય સંગીતના વારસાનો ખજાનો હતા. ઝાકિર હુસૈનને તેમણે અસાધારણ વ્યક્તિ અને વિશ્વભરનાં લોકોએ જેમને સૌથી વધુ પ્રેમ આપ્યો હોય તેવા સંગીતકારોમાંનાં એક લેખાવ્યા હતા.

વર્ષ ૧૯૯૭માં આવેલી ‘સાઝ’ ફિલ્મના ગીતકાર અને વરિષ્ઠ લેખક જાવેદ અખ્તરે કહ્યું હતું કે હુસૈનના મૃત્યુને કારણે વિશ્વનું સંગીત એક મુખ્ય સ્વરથી વંચિત થઈ ગયું છે. મહાન સંગીતકાર, મહાન વ્યક્તિ અને મહાન મિત્ર આપણો સાથ છોડી ગયો છે. આપણે ઘણીવાર સહજ અને બેદરકારીપણે આ શબ્દો બોલતાં હોઈએ છીએ, પરંતુ હુસૈન વાસ્તવમાં એક જિનિયસ સંગીતકાર હતા, એમ તેમણે કહ્યું હતું.

કમલ હસને ઝાકિર હૂસૈન સાથેની તસવીર સોશિયલ મીડિયા પર શૅર કરી હતી. ઝાકિર ભાઈએ વહેલી વિદાય લઈ લીધી હોવા છતાં તેઓ કલા સ્વરૂપે વારસામાં જે છોડી ગયા છે તે માટે અમે તેમના આભારી છીએ. ગાયિકા શ્રેયા ઘોસલે હુસૈનને તબલાને લાગણી, આત્મા અને સુંદરતામાં પરિવર્તિત કરવાનો યશ આપ્યો હતો. હું તેમને પ્રથમવાર મળી હતી ત્યારે તેમનું દયાળુ-માયાળુ સ્મિત, અસાધારણ વ્યક્તિત્વ અને તેમની અલૌકિક પ્રતિભાનો અનુભવ થયો હતો. મારા જેવા યુવા કલાકારો માટે તેઓ કાયમ પ્રોત્સાહક હતા. ‘માસ્ટરો ફૉરએવર’, એમ કરિના કપૂરે કહ્યું હતું.

રવિવારે સાંજથી જ હુસૈનના મૃત્યુના સમાચાર સોશિયલ મીડિયા પર વહેતા થયા હતા, પરંતુ તેને કોઈ સત્તાવર સમર્થન નહોતું મળ્યું. અમિતાભ બચ્ચન, રણવીર સિંહ, નિર્મત કૌર, રીતેશ દેશમુખ અને અનુપમ ખેર સહિત અનેક સેલિબ્રિટી આ અટકળોનો શિકાર બની હતી. મહાન ક્રિકેટર સચિન તેન્ડુલકરે કહ્યું હતું કે હુસૈનના સંગીતને કોઈ સરહદો નહોતી અને વિશ્વભરના સંગીતપ્રેમીઓ તેમની ખોટ અનુભવી રહ્યા છે. પડદો પડી ગયો છે, પરંતુ હુસૈનના સંગીતનો પડઘો હૃદયમાં કાયમ પડતો રહેશે. તેમના હાથ લયનો તો તેમનો હસતો ચહેરો અને તેમનું સ્મિત મધુર સંગીતનો સંદેશો આપતા હતા. હુસૈન તેમની આસપાસના લોકોનો કાયમ આદર કરતા હતા અને તેમને હળવાશનો અનુભવ કરાવતા હતા એમ જણાવતાં તેન્ડુલકરે કહ્યું હતું કે અમે તમારા સંગીતનું જાદુ જોવા જેટલા ભાગ્યશાળી બન્યા તે બદલ ઈશ્વરનો આભાર. ઈશ્વર તેમના આત્માને શાંતિ આપે, એમ તેન્ડુલકરે કહ્યું હતું. ઉસ્તાદ ઝાકિર હુસૈન જેવો કલાકાર હવે નહીં થાય, એમ મ્યૂઝિક કમ્પોઝર વિશાલ દદલાનીએ કહ્યું હતું. હુસૈનના યોગદાન થકી દેશ વધુ સમૃદ્ધ થયો છે એમ ભાજપનાં સાંસદ અને ફિલ્મ અભિનેત્રી કંગના રનૌતે કહ્યું હતું. (એજન્સી) ■

# વિકાસ, રાષ્ટ્રવાદને બંધારણના માધ્યમથી નિહાળવાં જોઈએઃ ઉપરાષ્ટ્રપતિ

નવી દિલ્હીઃ વિકાસ, રાષ્ટ્રવાદ, સુરક્ષા, સરકારની જનકલ્યાણ અને હકારાત્મક યોજનાઓને બંધારણના માધ્યમથી જોવા જોઈએ, એમ ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે સોમવારે કહ્યું હતું.

સાતમા ડિફેન્સ એસ્ટેટ ડૅની ઉજવણી નિમિત્તે યોજાયેલા કાર્યક્રમને સંબોધન કરતાં તેમણે કહ્યું હતું કે મંચ પર મેં જ્યારે મધ્ય બેઠક પર સ્થાન ગ્રહણ કર્યું ત્યારે મને રાજ્યસભાના અધ્યક્ષ તરીકેના મારા હોદ્દાની યાદ અપાવવામાં આવી હતી. હું જ્યારે રાજ્યસભાના અધ્યક્ષપદની ખુરશી પર બેંસું છું ત્યારે મારી જમણે શાસક સરકાર અને ડાબે વિપક્ષ હોય છે.

અહીં મંચ પર હું મારી જમણે ડિરેક્ટર જનરલ ઑફ ડિફેન્સ એસ્ટેટ અને ડાબે એક્સ સર્વિસમેન વેલ્ફેર ડિપાર્ટમેન્ટના સેક્રેટરી છે.

અહીં મારી જમણે ડિફેન્સ એસ્ટેટના ડિરેક્ટર જનરલ છે તેમ જ સદનસીબે મારી ડાબે એક્સ સર્વિસમેન વેલ્ફેર ડિપાર્ટમેન્ટના સેક્રેટરી છે અને તેમની સાથે મને કોઈ સમસ્યા નથી. આ બંને રચનાત્મક વિચારધારાવાળા, આદેશનું પાલન કરનારા, પ્રેરણાદાયક અને હંમેશાં મદદરૂપ થનારાં છે, એમ તેમણે કહ્યું હતું. હું આ સંદેશો સંસદના ઉપલા ગૃહમાં આપીશ જ્યાં અમે બંધારણની ચર્ચા કરવાના છીએ, એમ તેમણે કહ્યું હતું. આપણે આશા અને શક્યતાઓથી ભરેલા એક સક્ષમ દેશમાં વસી રહ્યા છીએ. આ દેશ વૈશ્વિક સ્તરે ઊભરી રહ્યો છે અને તેની સફર રોકી શકાય તેવી નથી. (એજન્સી) ■

# ભયંકર ચક્રવાતે માયોટ દ્વીપને કાટમાળમાં ફેરવી નાખ્યો

## હજારો લોકો માર્યા ગયા હોવાની આશંકા, ફ્રાન્સે મદદ મોકલાવી

કેપટાઉન : સદીમાં આવેલા સૌથી ભયાનક ચક્રવાત ચિડોએ ફ્રાન્સના હિન્દી મહાસાગરમાં આવેલા દ્વીપમાં ભયંકર તારાજી અને તબાહી મચાવી છે. સત્તાવાળાઓને આશંકા છે કે આ વાવાઝોડામાં હજારો લોકો માર્યા ગયા છે. ફ્રાન્સે રાહત અને બચાવ કામગીરી માટે જહાજ અને લશ્કરી વિમાનો મોકલ્યા છે.

ફ્રાન્સે આફ્રિકાના અગ્નિ દિશામાં આવેલા આ ટાપુમાં તબીબોની ટુકડી અને ખાદ્યસામગ્રીનો પુરવઠો મોકલાવ્યો છે. સોમવાર સવાર સુધી સત્તાવાર રીતે તો મરણાંક ૧૪નો જ હતો, પરતું ગૃહ પ્રધાન બ્રુનો રીટેલીઉના કહેવા મૂજબ સાચો મરણાંક જાણવામાં દિવસો અને મહિનાઓ લાગી શકે.

લગભગ ૮૦૦ બચાવકારો ત્યાં પહોંચી જશે. વાવાઝોડું શનિવારે ભરચક વસતિવાળા દ્વીપસમૂહમાં ત્રાટક્યું હતું. માયોટના પ્રિફેક્ટ ફ્રાન્કોઈઝ-ઝેવિયર-બિએવીલેના જણાવ્યા પ્રમાણે મરણાંક સેંકડો કે હજારોનો હોઈ શકે. આ ફ્રાન્સનો સૌથી ગરીબ વિસ્તાર છે. વાવાઝોડાએ સ્લમના અસ્થાયી ઘરોને જમીનદોસ્ત કરી દીધા હતા. ૧૯૩૦ના દાયકા પછીનું સૌથી ભયાનક વાવાઝોડું માયોટમાં ત્રાટક્યું છે અને સત્તાવાળાઓ મરણાંકના આંકડો કહેવામાં સંઘર્ષ કરી રહ્યા છે અમુકની ગણતરી પણ નહીં થઈ શકે.

વાવાઝોડાને લીધે આખો વિસ્તાર નામશેષ થઈ ગયો છે. જાહેર માળખા જેવા કે મુખ્ય હવાઈમથક અને હૉસ્પિટલને પણ નુકસાન થયું છે. ફક્ત લશ્કરી વિમાનો માયોટે ઊડી શકે છે. વીજળીનો પુરવઠો ખોરવાઈ ગયો છે.

આ ફ્રાન્સનું સૌથી ગરીબ ક્ષેત્ર હોવા છતાં અહીં આફ્રિકાના કોમોરોસ અને સોમાલિયા જેવા ગરીબ દેશોના લોકો હીજરત કરે છે. કેટલા લોકો મરણ પામ્યા એ કહેવું અઘરું છે કારણ કે આ મુસ્લિમ બહુમતીવાળું ક્ષેત્ર છે અને મુસ્લિમોનો રીવાજ પ્રમાણે મરણ પામ્યાની ૨૪ કલાકની અંદર દફનવિધિ કરવી પડે છે.

ચિડો નજીકના ટાપુ કોમોરોસ અને મદગાસકરમાં પણ ત્રાટક્યું હતું. આ કેટેગરી ચાર એટલે કે બીજા નંબરનું પ્રબળ વાવાઝોડું હતું. આમાં પવન એક કલાકદિઠ ૨૨૦ કિલોમીટરની ઝડપે ફૂંકાયો હતો. આ મોઝામ્બીકમાં ટકરાયું હતું. તે પણ એક ગરીબ દેશ છે અને એના ૨૦ લાખ લોકો પ્રભાવિત થયા છે.

ડિસેમ્બરથી માર્ચ સુધી હિન્દી મહાસાગરના અગ્નિ બાજુએ વાવાઝોડાની મોસમ હોય છે. ૨૦૧૯માં વાવાઝોડા ઈડાઈએ ૧,૩૦૦ લોકોનો ભોગ લીધો હતો. (એજન્સી) ■

પહેલા પાનાનું ચાલુ

### ઑસ્ટ્રેલિયાના ૪૪૫ રન

દીધી હતી. આખા દિવસમાં ફક્ત ૩૩.૧ ઓવર બોલિંગ થઈ શકી હતી.

ધોધમાર વરસાદ પડ્યા પછી મેદાન ભીનું રહેતાં ત્રીજા દિવસની રમત વહેલી બંધ રહી ત્યારે ઓપનર કે. એલ. રાહુલ ૩૩ રને રમી રહ્યો હતો. એ ૩૩ રન તેણે ૬૪ બોલમાં ચાર ફોરની મદદથી બનાવ્યા હતા. તેની સાથે કેપ્ટન રોહિત શર્મા શૂન્ય પર નોટઆઉટ હતો.

મંગળવાર અને બુધવારના બાકીના બે દિવસે પણ વરસાદ પડવાની આગાહી છે.

ઓપનર યશસ્વી જયસ્વાલે ચાર રનમાં, શુભમન ગિલે એક રનમાં અને વિરાટ કોહલીએ ત્રણ રનમાં વિકેટ ગુમાવી દીધી હતી.

વરસાદને કારણે લાંબો સમય સુધી રમત અટકી ગયા બાદ ભારતીય સમય મુજબ સવારે ૯:૦૦ વાગ્યા પછી રમત ફરી શરૂ થઈ હતી. જોકે એમાં ભારતે રિષભ પંત (નવ રન)ની વિકેટ ગુમાવી દીધી હતી. તેને કેપ્ટન પેટ કમિન્સે વિકેટકીપર ઍલેક્સ કેરીના હાથમાં કેચઆઉટ કરાવ્યો હતો.

એ પહેલાં, યશસ્વી અને ગિલ, બંનેની વિકેટ મિચલ સ્ટાર્કે લીધી હતી. યશસ્વી ઈનિંગ્સના બીજા જ બોલમાં ફોરવર્ડ શોર્ટ લેગમાં મિચલ માર્શને કેચ આપી બેઠો હતો. થોડીવાર બાદ મિચલ સ્ટાર્કની ઓવરમાં ગિલ ગલીના સ્થાન પર મિચલ માર્શનો શિકાર થયો હતો. તેણે અફલાતૂન ડાઈવિંગ કેચ પકડ્યો હતો.

કોહલીને જોશ હેઝલવૂડે વિકેટકીપર ઍલેક્સ કેરીના હાથમાં કેચઆઉટ કરાવ્યો હતો.

એ અગાઉ, ઑસ્ટ્રેલિયાની ટીમ ૪૪૫ રનના સ્કોર પર આઉટ થઈ હતી. જસપ્રીત બુમરાહે સૌથી વધુ છ વિકેટ તેમ જ મોહમ્મદ સિરાજે બે વિકેટ અને નીતીશ રેડ્ડી તથા આકાશ દીપે એક-એક વિકેટ લીધી હતી. રવીન્દ્ર જાડેજાને ૯૫ રનમાં એક પણ વિકેટ નહોતી મળી.

વિકેટકીપર ઍલેક્સ કેરીએ ભારતીય બોલર્સને જોરદાર લડત આપી હતી અને ૭૦ રનના પોતાના સ્કોર પર આઉટ થયો હતો. તેની એ દસમી વિકેટ પેસ બોલર આકાશ દીપે લીધી હતી. ■

### જયપુરમાં કોચિંગ

નીચે ઉતર્યો હતો. જેના કારણે કોચિંગ ઈન્સ્ટિટ્યૂટમાં ભણતા વિદ્યાર્થીઓને શ્વાસ લેવામાં તકલીફ થઈ હતી અને બેભાન થઈ ગયા.

તેમણે કહ્યું કે બેહોશ થયેલાઓમાં આઠ છોકરીઓ, બે છોકરાઓ અને એક રસોઈયાનો સમાવેશ થાય છે. અધિકારીઓએ ‘ફૂડ પોઈઝનિંગ’ની શક્યતાને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે અસરગ્રસ્ત વિદ્યાર્થીઓની સ્થિતિ હવે સામાન્ય છે. આ વિસ્તારમાં આવેલી એક ખાનગી હૉસ્પિટલના ડોક્ટરે જણાવ્યું હતું કે શ્વાસ લેવામાં તકલીફને કારણે અહીં સાત વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવ્યા હતા, જોકે બે વિદ્યાર્થીઓને અન્યત્ર લઈ જવામાં આવ્યા હતા. તેમણે જણાવ્યું કે તમામ વિદ્યાર્થીઓનેને શ્વાસ લેવામાં તકલીફ હતી અને સતત ઉધરસ આવી રહી હતી પરંતુ તેમને બીજી કોઈ સમસ્યા નહોતી. હાલ પોલીસ ગેસ લીક થવાના કારણને લગતી માહિતી મેળવવામાં વ્યસ્ત છે.

અહીં ઘટના બાદ હૉસ્પિટલની બહાર યુવાનોની મોટી ભીડ ઉમટી પડી હતી. રાજસ્થાન યુનિવર્સિટી સ્ટુડન્ટ્સ યુનિયનના ભૂતપૂર્વ પ્રમુખ નિર્મલ ચૌધરી તેમના સમર્થકો સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને ઘટનાનો વિરોધ કર્યો હતો. આ દરમિયાન પોલીસ અને યુવકો વચ્ચે તંગદિલી સર્જાઈ હતી. બાદમાં હૉસ્પિટલની બહાર નિર્મલ ચૌધરી તેમના સમર્થકો સાથે ધરણાં બેસી ગયા હતા. આ ઘટનાની જાણકારી મળતા જ જયપુરના સાંસદ મંજુ શર્મા પણ હૉસ્પિટલમાં દાખલ વિદ્યાર્થીઓને મળવા પહોંચ્યા હતા. ■

### ભારત અને શ્રીલંકાનો

અને મલ્ટિ-પ્રોડક્ટ પેટ્રોલિયમ પાઇપલાઇન્સ સ્થાપિત કરવા માટે કામ કરવામાં આવશે. ભારત ટાપુ રાષ્ટ્રના પાવર પ્લાન્ટ્સને લિક્વિફાઇડ નેચરલ ગેસ સપ્લાય કરશે. વડા પ્રધાને એ પણ જાહેરાત કરી કે બંને દેશો વચ્ચે કનેક્ટિવિટી વધારવા માટે રામેશ્વરમ અને તલાઇમનાર વચ્ચે ફેરી સર્વિસ શરૂ કરવામાં આવશે.

મોદીએ જણાવ્યું કે અમે બંને એ વાત પર સંમત છીએ કે અમારા સુરક્ષા હિતો એકબીજા સાથે જોડાયેલા છે. અમે જલ્દી સંરક્ષણ સહયોગ કરારને અંતિમ સ્વરૂપ આપવાનો નિર્ણય કર્યો છે. હાઇડ્રોગ્રાફી પર સહયોગ માટે પણ કરાર કરવામાં આવ્યો છે. મંત્રણામાં માછીમારોના વિવાદાસ્પદ મુદ્દે પણ ચર્ચા થઇ હતી. મોદીએ કહ્યું કે અમે માછીમારોની આજીવિકા સાથે જોડાયેલા મુદ્દાઓ પર પણ ચર્ચા કરી હતી. અમે એ વાત પર સંમત છીએ કે આપણે આ મામલે માનવતાવાદી અભિગમ સાથે આગળ વધવું જોઇએ. તમિલ મુદ્દાનો ઉલ્લેખ કરતાં મોદીએ કહ્યું કે ભારતને આશા છે કે શ્રીલંકાની સરકાર સમુદાયની આકાંક્ષાઓ પૂરી કરશે. ■

### હ્યુસ્ટનની ક્લબના

સ્થળે પહોંચેલા અધિકારીઓને એક કામચલાઉ ક્લબમાંથી લોકોની મોટી ભીડ બહાર ભાગતી દેખાઇ હતી. પોલીસે હજુ સુધી કોઈ શંકાસ્પદની ઓળખ કરી નથી અને ઘટના વખતે હાજર વ્યક્તિને કોઈપણ માહિતી પોલીસને જણાવવા જણાવ્યું છે. જે ચાર મહિલા ઘાયલ થઇ હતી એમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. ઘાયલ ૧૩ વર્ષીય અને ૧૮ વર્ષીય કિશોરીની હાલત ગંભીર છે. અન્ય બેની હાલત સ્થિર છે.મેનેન્ડેઝ-સિએરાએ જણાવ્યું હતું કે સોશિયલ મીડિયા પર આયોજિત દેખાતા ઇવેન્ટમાં ભાગ લેનારા મોટાભાગના કિશોરો હતા. તેઓ અમસ્તા ભેગા થયા હતા. હેરિસ કાઉન્ટી શેરિફ એડ ગોન્ઝાલેઝે એક્સ પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે “કામચલાઉ, બિન-મંજૂર પોપ-અપ પાર્ટીઓ ઝડપથી અરાજકતા અને હિંસા તરફ દોરી શકે છે. પોપ-અપ પાર્ટીઓ જાહેર સુરક્ષાની ચિંતાઓ ઊભી કરે છે અને કિશોરોએ તેમની પોતાની સલામતી માટે એથી દૂર રહેવાની જરૂર છે.”

### જ્યોર્જિયાના

તપાસ પ્રમાણે પાવરજનરેટર બેડરૂમની બાજુના બંધ ઈન્ડોર એરિયામાં મુકાયું હતું અને શુક્રવારે રાત્રે લાઈટ ગયા બાદ તેને ચાલુ કરવામાં આવ્યું હતું.

આ બનાવની ફોરેન્સિક તપાસ પણહાથ ધરવામાં આવી છે, જેથી મૃત્યુનું સાચું કારણ જાણી શકાય. આ બનાવ સાથે સંકળાયેલા લોકોની મુલાકાત પણ લેવામાં આવી રહી છે. (એજન્સી) ■

### વડા પ્રધાન મોદી

સાંકળી લીધી. ઝાકિર હુસૈનનું આઇકોનિક પર્ફોર્મન્સ અને ભાવપૂર્ણ કમ્પોઝિશન સંગીતકારો અને સંગીત પ્રેમીઓની પ્રેરણાદાયી પેઢીઓમાં યોગદાન આપશે. તેમના પરિવાર, મિત્રો અને વૈશ્વિક સંગીત સમુદાય પ્રત્યે મારી હૃદયપૂર્વકની સંવેદનાઓ

તેમના નિધન પર શોક વ્યક્ત કરતા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ જણાવ્યું હતું કે તબલાના જાદુગર ઉસ્તાદ ઝાકિર હુસૈનનું નિધન સંગીત જગત માટે એક મોટી ખોટ છે. તેઓ તેમની અસાધારણ સર્જનાત્મક્તા માટે જાણીતા હતા. તેમણે વિશ્વભરની સંગીતપ્રેમી પેઢીઓને મોહિત કરી છે. તેઓ ભારત અને પશ્ચિમ જગતની સંગીતની પરંપરા વચ્ચેનો સેતુ હતા. મને તેમને પદ્મ વિભૂષણથી સન્માનિત કરવાનું સદ્ભાગ્ય મળ્યું હતું. હું તેમના પરિવારજનો અને તેમના અસંખ્ય ચાહકો પ્રત્યે મારી ઊંડી સંવેદના વ્યક્ત કરું છું.

કૉંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ પણ ઉસ્તાદ ઝાકિર હુસૈનના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. અમે એક વારસો ગુમાવ્યો છે જેણે સરહદો અને પેઢીઓને તેમના તબલાના સૂર સાથે જોડ્યા હતા. અમારા વિચારો તેમના પરિવાર, મિત્રો અને વિશ્વભરના ચાહકો સાથે છે.

પોતાની શાનદાર કરિયરમાં ઉસ્તાદ ઝાકિર હુસૈનને દેશવિદેશમાંથી અનેક પુરસ્કાર મળ્યા હતા, જેમાં ગ્રેમી એવૉર્ડ્ઝનો પણ સમાવેશ થાય છે. ■

### સંભલમાં ૪૬ વર્ષ પછી

કૂવો છે અને સત્તાવાળાઓ એમાં ખોદકામ કર્યું હતું.

ઘટનાસ્થળે હાજર સંજીવ શર્માએ કહ્યું હતું રે કૂવામાંથી માતા લક્ષ્મીની ક્ષતીગ્રસ્ત મૂર્તિ મળી હતી. કૂવામાંથી માતા પાર્વતીની મૂર્તિ પણ મળી છે. સત્યેન્દ્ર કુમાર સિંહે કહ્યું હતું કે પાર્વતીની મૂર્તિ કુવામાં ૧૫-૨૦ ફૂટ ઊંડાઈએથી મળી છે. સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ વંદના મિશ્રાએ કહ્યું હતું કે સ્થાનિક એસએચઓ તરફથી માહિતી મળી છે કે બે મૂર્તિ મળી આવી છે. વધુ માહિતી એકઠી કરાઈ રહી છે. શાહી જામા મસ્જિદથી એક કિલોમીટરના અંતરે આવેલા ખગ્ગુ સરાઈ વિસ્તારમાં આ મંદિર આવેલું છે. અદાલતના આદેશ મુજબ કરવામાં આવેલા શાહી જામા મસ્જિદના સર્વે દરમિયાન હિંસા ફાટી નીકળી હતી. જિલ્લા વહીવટીતંત્રે આર્કિયોલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયાને આ મંદિર તેમ જ કૂવાનું કાર્બન ડેટિંગ કરવા માટે પત્ર લખ્યો છે. પ્રાચીન સ્થળોની કલાકૃતિની ઉમરનો કયાસ મેળવવા કાર્બન ડેટિંગ પદ્ધતિનો ઉપયોગ થાય છે. (એજન્સી) ■

# પોરબંદરમાં જેતપુરનાં ઝેરી પાણીની સમસ્યા મુદ્દે જનઆક્રોશ: રૅલીમાં હજારો લોકો સ્વયંભૂ જોડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પોરબંદરના સમુદ્રમાં જેતપુરનાં કેમિકલયુક્ત પાણી વહાવવાના પ્રોજેક્ટને સરકારે લીલીઝંડી આપવાની સાથોસાથ પાઈપલાઈન બિછાવવા માટે જમીન સંપાદનની કામગીરી પણ આગળ વધી છે, તેની સામે 'સેવ પોરબંદર સી કમિટી' દ્વારા જેતપુરનાં ઝેરી પાણીના કેરબાની સ્મશાનયાત્રા આજે યોજાઈ હતી, જેમાં હજારોની સંખ્યામાં શહેરીજનો સ્વયંભૂ જોડાયા હતા.

જેતપુરના સાડી ઉદ્યોગનાં કેમિકલયુક્ત પાણી પોરબંદરના દરિયામાં નાખવા માટેની તમામ મંજૂરી કેન્દ્ર અને રાજ્ય સરકારે આપી દીધી છે ત્યારે તેનો છેલ્લાં સાડા ત્રણ વર્ષથી વિરોધ કરી રહેલી સેવ પોરબંદર સી કમિટી દ્વારા વિશિષ્ટ આયોજનના ભાગરૂપે સ્મશાનયાત્રા યોજાઈ હતી. તેમાં સ્વયંભૂ રીતે હજારો લોકોને ગાંધીભૂમિ ઉપરથી સરકારને સ્પષ્ટ સંદેશો આપી દીધો હતો કે તમારે પ્રોજેક્ટ રદ કરવો જ પડશે. સંસ્થાના સભ્યો લોકોની આંખ ઉઘાડવા માટે જેતપુર જઈને ઝેરી પાણીના કેરબા ભરીને લઈ આવ્યા હતા, આ પાણી જોતાં જ સ્પષ્ટપણે ખ્યાલ આવે છે કે અત્યંત નુકસાનકારક આ પાણી દરિયામાં વહેવડાવવામાં આવશે તો સમુદ્રી જીવસૃષ્ટિને નહીં, પણ જમીનને પણ મોટું નુકસાન થશે.

પોરબંદરવાસીઓએ તંત્રની આંખ ઉઘાડવા જેતપુરનાં ઝેરી પાણીની અંતિમયાત્રા કાઢી હતી. સવારે ૧૧ વાગ્યે નરસંગ ટેકરી ખાતેથી શરૂ થયેલી આ સ્મશાનયાત્રા જૂના ફુવારાથી હેલ્મેટ સર્કલ થઈ ઇન્દ્રેશ્વર મહાદેવ મંદિર પાસે સ્મશાન ખાતે પૂર્ણ થઈ હતી અને આ સ્મશાનયાત્રામાં સ્કૂટર પર કાળા કપડા પહેરી સ્વયંભુ રીતે હજારો લોકો અંતિમયાત્રામાં જોડાયા હતા.

આ સ્મશાનયાત્રાની પૂર્ણાહુતિ થઈ ત્યાં સ્મશાનભૂમિની સામે દરીયાકાંઠે ચિતા ગોઠવી અંતિમસંસ્કાર પણ કરવામાં આવ્યા હતા. ■

# ગુજરાતમાં હૃદયરોગ સંબંધિત ઈમરજન્સીના રોજના ૨૪૫ જેટલા કોલ્સ: અમદાવાદમાં સૌથી વધુ 30 ટકા કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કોરોના કાળ બાદ ગુજરાતમાં હૃદયરોગને લગતી સમસ્યાના કેસમાં ચિંતાજનક વધારો જોવા મળ્યો છે. ઑક્ટોબર-નવેમ્બર એમ બે મહિનામાં હૃદયને લગતી ઇમરજન્સીના ૧૪૭૦૧ કેસ નોંધાયા હતા. આમ આ બે મહિનામાં હૃદયને લગતી ઇમરજન્સીના પ્રતિ કલાકે ૧૦ કેસ નોંધાયા છે. ગત વર્ષની સરખામણીએ હૃદયની ઈમરજન્સીના કેસમાં ૧૪ ટકા જેટલો વધારો થયો છે. ઇમરજન્સી સેવા ૧૦૮ પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર, હૃદયને લઈને સમસ્યામાં ઇમરજન્સીના ઑક્ટોબર ૨૦૨૩માં ૬૭૬૩ કેસ, જ્યારે ઑક્ટોબર ૨૦૨૪માં ૭૭૨૨ કેસ નોંધાયા હતા. આમ ગત વર્ષના ઑક્ટોબર કરતાં ઇમરજન્સીમાં ૧૪.૧૮ ટકાનો વધારો થયો છે. આ જ રીતે નવેમ્બર ૨૦૨૪માં ૬૯૭૯ અને નવેમ્બર ૨૦૨૩માં ૬૨૫૪ કેસ સામે આવ્યા હતા. ગત વર્ષના નવેમ્બર કરતાં આ વખતે ઇમરજન્સીના કેસમાં ૧૨.૯૪ ટકા જેટલો વધારો થયો છે. આ બે મહિનાના આધારે જોવામાં આવે તો ગુજરાતમાં પ્રતિ દિવસે સરેરાશ ૨૪૧ લોકોને હૃદયની ઇમરજન્સીને કારણે ૧૦૮ સેવાની મદદ લેવી પડી હતી.

ગુજરાતમાં હૃદયની ઇમરજન્સીના જે કેસ નોંધાયા છે તેમાંથી ૩૦ ટકા માત્ર અમદાવાદ જિલ્લામાંથી છે. અમદાવાદમાં વર્ષ ૨૦૨૩ ઑક્ટોબરમાં ૧૯૮૭ કેસ, જ્યારે વર્ષ ૨૦૨૪ ઑક્ટોબરમાં ૨૨૩૫ કેસ નોંધાયા હતા. ગત વર્ષના ઑક્ટોબર કરતાં અમદાવાદમાં હૃદયની ઇમરજન્સીના કેસ ૧૨.૪૮ ટકા વધ્યા છે. નવેમ્બર ૨૦૨૩માં ૧૭૧૮ કેસ સામે નવેમ્બર ૨૦૨૪માં હૃદયની ઇમરજન્સીના ૧૯૨૦ કેસ નોંધાયા હતા. બે મહિનામાં અમદાવાદમાં હૃદયની ઇમરજન્સીના ૪૧૫૫ કેસ સામે આવ્યા છે. ગુજરાતમાં આ વર્ષે જાન્યુઆરીથી નવેમ્બર સુધી ૭૭૪૨૭ વ્યક્તિને હૃદયને લગતી ઇમરજન્સીની સારવાર લેવી પડી હતી. જેની સરખામણીએ ગત સમગ્ર વર્ષે ૭૨૫૭૩ કોલ આવ્યા હતા. ■

# અનાજમાં થતી ભેળસેળ રોકવા રાજ્ય સરકારનો મહત્ત્વપૂર્ણ નિર્ણય

## પેકેટમાં અનાજનું વિતરણ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકાર દ્વારા ૭૨.૫૧ લાખ કરતાં વધુ પરિવારોને સસ્તું અનાજ પૂરું પાડવામાં આવે છે. આ અનાજ વિતરણ વ્યવસ્થા અને ક્વૉલિટી મુદ્દે અવાર-નવાર ફરિયાદો થતી રહે છે. રાજ્ય સરકાર અનાજમાં થતી ભેળસેળને અટકાવવા અને સારી ક્વૉલિટીનું અનાજ મળી રહે તે માટે મહત્ત્વનો નિર્ણય લેવા જઈ રહી છે. સરકાર હવે છૂટક અનાજ વહેંચવાનું બંધ કરીને પેકેટમાં અનાજ આપવાનું વિચારી રહી છે. ત્યારે અહીં સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું પેકેજિંગ અનાજ વિતરણ ભેળસેળ અટકી જશે. શું ડુપ્લિકેટ પેકેજિંગ સંભાવનાઓ નથી? ભેળસેળને અટકાવવા માટે માત્ર પેકેજિંગ અનાજ વેચવાથી અટકાવી શકાય? આ અંગે અન્ન નાગરિક પુરવઠા પ્રધાન કુંવરજી બાવળિયાએ જણાવ્યું હતું કે રાજ્યના ગરીબોને આપવામાં આવતું અનાજ સારી ક્વૉલિટીનું મળે. તેમાં કોઈ પણ પ્રકારની ભેળસેળ ન થાય તે માટે અનાજનું પેકેજિંગ કરી વિતરણ કરવા અંગે વિચારણા ચાલી રહી છે. આ બાબતે કેન્દ્ર સરકાર સાથે ચર્ચા કરી મંજૂરી મેળવવામાં આવશે. આગામી બજેટમાં અનાજના પેકેજિંગ કરવા માટેની રકમની જોગવાઈ કરવામાં આવશે.

બીપીએલ અને અંત્યોદય કુટુંબોને મળવાપાત્ર જથ્થા ઉપરાંત વધારાની ૧ કિગ્રા.ખાંડ એટલે કે બીપીએલ કુટુંબોને કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. રૂપિયા ૨૨ પ્રતિ કિ.ગ્રા.ના રાહત દરે તથા અંત્યોદય કુટુંબોને કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. રૂપિયા ૧૫ ના રાહત દરે વિતરણ કરવામાં આવી રહ્યું છે. રાજ્યના ૮ લાખ જેટલાં અંત્યોદય અન્ન યોજનાનાં કુટુંબોને પ્રતિ કાર્ડ ૧૫ કિલો ઘઉં, ૧૫ કિલો ચોખા અને ૫ કિલો બાજરી મળી કુલ ૩૫ કિલો અનાજનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ માટે કુલ ૨૭૧૧ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી હતી. રાજ્યનાં ૭૨ લાખ કુટુંબોને છેલ્લાં ચાર વર્ષમાં ૬૮ લાખ મેટ્રિક ટન અનાજ વિનામૂલ્યે પૂરું પાડવામાં આવ્યું હતું. નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ-૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતાં અંદાજે ૭૨ લાખ કુટુંબોને એનએફએસએ હેઠળ આવરી અનાજ પૂરું પાડવા માટે ૬૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી હતી. ■

# ગુજરાત સરકારે ઈમ્પેક્ટ ફીની મુદત પાંચમી વખત વધારી

## મુદત વધુ છ મહિના લંબાવતો પરિપત્ર જાહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત સરકારે ઈમ્પેક્ટ ફીને અંગે એક મહત્ત્વનો નિર્ણય લીધો હતો, જેમાં ઇમ્પેક્ટ ફી ભરવાની મુદતમાં વધારો કર્યો હતો. ગુજરાત સરકાર દ્વારા ગેરકાયદે તેમ જ બીયુ વિનાના બાંધકામને તોડીને ઈમ્પેક્ટ ફી ભરીને કાયદેસર કરી શકાય તે માટે બાંધકામો તોડવાને બદલે નિયત ફી વસૂલીને કાયદેસર કરવા માટે ઇમ્પેક્ટ ફી કાયદો અમલી બનાવવામાં આવ્યો હતો. સરકાર દ્વારા ઓક્ટોબર ૨૦૨૨માં લાગુ થયેલી સ્કીમની મુદત ૧૬ જૂન ૨૦૨૪ના રોજ છ માસ માટે લંબાવવામાં આવી હતી. ચોથી વખત અપાયેલી ૬ મહિનાની મુદત ૧૬મી ડિસેમ્બરના રોજ પૂર્ણ થઈ રહી હતી. સરકારે નવી તારીખ ૧૭મી ડિસેમ્બરથી મંગળવારથી આગામી છ મહિના સુધી મુદતમાં વધારો કર્યો હતો. સરકારે મુદતમાં આ સતત પાંચમી વખત વધારો કર્યો હતો. ગુજરાત સરકારના અર્બન ડેવલોપમેન્ટ એન્ડ અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટ દ્વારા આ અંગેનો પરિપત્ર પણ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં ગુજરાત સરકારે ઇમ્પેક્ટ ફીની મુદતમાં ૬ મહિનાનો વધારો કર્યો હોવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

રાજ્યનાં વિવિધ શહેરમાં વધી રહેલા ગેરકાયદેસર બાંધકામો રોકવામાં તંત્ર ઊણું ઊતર્યું છે, જોકે આ બાંધકામોમાંથી પૈસા રળવા માટે સરકારે ૨૦૨૨થી ઈમ્પેક્ટ ફી નિયમની અમલવારી શરૂ કરી છે. જેમાં સૌપ્રથમ પોર્ટલ ઉપર ઑનલાઈન અરજી કરવાનો નિયમ અમલમાં મૂક્યો હતો, પરંતુ કૉમર્શિયલ બાંધકામોમાં પાર્કિંગ મુદ્દે ઑનલાઈન અરજી કરતી વખતે અનેક સમસ્યાઓ આવતાં અંતે સરકારે ઑફલાઈન અરજી સ્વીકારવાનું ચાલુ કર્યું હતું. ૨૦૨૨માં શરૂ થયેલી યોજનામાં અવારનવાર મુદતમાં વધારો કરવામાં આવ્યો છે. ■

# બેફામ ડ્રાઈવિંગ કરતા લોકો સામે આકરી કાર્યવાહી

## ૭૭૦૯ લોકોનાં લાઈસન્સ સસ્પેન્ડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં વધી રહેલા માર્ગ અકસ્માતો અને માર્ગ પર બેફામ ગતિએ તથા ટ્રાફિક નિયમોનો ભંગ કરી ડ્રાઈવિંગ કરતા નબીરાઓ પર લગામ કસવા માટે પોલીસ અને આરટીઓની આકરી ઝુંબેશ રંગ લાવી હતી, આ વર્ષે જ નવેમ્બર મહિનાના અંત સુધીમાં ૧૫૭૫ લોકોનાં લાઈસન્સ સસ્પેન્ડ થયાં છે. જે છેલ્લાં પાંચ વર્ષમાં સૌથી વધુ છે. અમદાવાદમાં તથ્ય પટેલ કાંડ બાદ શહેરાના માર્ગો પર જાણે જે રીતે બેફામ ડ્રાઈવિંગ થાય છે તેથી તંત્રને સ્થિતિની ગંભીરતા સમજાઈ ગઈ છે. આ મામલે ગુજરાત હાઈકોર્ટે પણ આકરું વલણ અપનાવ્યું હતું અને જેમાં સતત ટ્રાફિક નિયમોનો ભંગ કરતા હોય તેનાં ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ કરવા માટે તંત્રને જણાવ્યું હતું, ત્યાર પછી નવે-૨૦૨૪ સુધીમાં ૧૫૭૫ લોકોનાં લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યાં હતાં.

આ અંગે મળતી વિગતો મુજબ, રોજનાં ચાર જેટલાં લાઈસન્સ પોલીસની ભલામણથી આરટીઓ દ્વારા સસ્પેન્ડ કરવામાં આવે છે. ૨૦૨૩માં ૫૭૧ લાઈસન્સ જ સસ્પેન્ડ થયાં હતાં. આમ ૨૦૨૪ ના તે સંખ્યા ત્રણ ગણી વધી ગઈ છે. ૨૦૨૨માં ૩૦૯ અને ૨૦૨૧માં ૩૧૯ લાઈસન્સ સસ્પેન્ડ થયાં હતાં. સરકારે ટ્રાફિક નિયમનો ભંગ કરનાર સામે મોટર વ્હીકલ એક્ટને વધુ આકરી રીતે લાગુ કરવા માટે આદેશ આપ્યા છે. જેમાં સતત ત્રણ વખત ટ્રાફિક નિયમોનો ભંગ કરે તેને રૂા.૧૦૦૦નો દંડ અને ત્રણ માસ માટે લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવે છે. રાજ્યભરમાં પોલીસે કુલ ૭૭૦૯ લોકોનાં લાઈસન્સ સસ્પેન્ડ કરવા આદેશ આપ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જેઓ ટ્રાફિક નિયમોનો સતત ભંગ કરે છે અને તેના ચાલાન બને છે તેનો સતત અભ્યાસ થાય છે અને તેનાથી જેઓ નિયમપાલન કરવામાં માનતા જ નથી તેઓનાં લાઈસન્સ સસ્પેન્ડ કરવા માટે ભલામણ થાય છે અને આરટીઓ તેના આધારે પગલાં લે છે અને જેમાં અત્યંત ઘાતક અકસ્માતમાં સામેલ છે અને તેની બેદરકારી સાબિત થાય તો તેનાં લાઈસન્સ કાયમી રીતે સસ્પેન્ડ કરવા ભલામણ થાય છે. ■

# જામનગર હાપા માર્કેટિંગ યાર્ડ ડુંગળીથી છલકાયું

## પહેલી વાર ૧૫ હજાર ગૂણીની આવક થતાં પ્રવેશબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જામનગર હાપા માર્કેટિંગ યાર્ડમાં ૧૫,૦૦૦ હજાર ગૂણી ડુંગળીની આવક શરૂ થતાં યાર્ડ ડુંગળીથી છલકાઈ ગયું છે. વધુ આવકને કારણે નવી આવક પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ૨૨૫થી વધુ વાહનો લઈને ખેડૂતો ડુંગળી વેચવા માટે માર્કેટિંગ યાર્ડ બહાર લાંબી કતારો લગાવીને ઊભા જોવા મળ્યા હતા. જામનગર માર્કેટિંગ યાર્ડમાં જીરું, ત્યાર બાદ કપાસ અને તાજેતરમાં જ મગફળી અને અજમાની વિપુલ પ્રમાણમાં આવક જોવા મળી હતી. ૧૬ ડિસેમ્બરના રોજ ડુંગળીના મોટા પ્રમાણમાં ઢગલે ઢગલા જોવા મળ્યા હતા, તેમ જ માર્કેટિંગ યાર્ડ બહાર ૨૫૦થી વધુ વાહનો અંદાજે ૧૫૦૦૦ જેટલી ડુંગળીની ગૂણીઓ લઈને આવી પહોંચ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ઇતિહાસમાં પ્રથમ વખત આવી ઘટના બની હતી.

જામનગર માર્કેટિંગ યાર્ડ સેક્રેટરીએ જણાવ્યું હતું કે, યાર્ડના ઇતિહાસમાં પ્રથમ વખત ડુંગળીની આટલા મોટા પ્રમાણમાં આવક જોવા મળી છે તેમ જ આવકના કારણે નવી આવક પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે અને હાલની સ્થિતિ મુજબ કપાસ બાદ સૌથી વધુ આવક આ સિઝનમાં ડુંગળીની જોવા મળી છે, જોકે પૂરતા ભાવ ન મળતાં ખેડૂતો પણ ચિંતિત છે. રાજકોટ માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે જણસીની ખરીદી ચાલી રહી છે. ત્યારે આજે વહેલી સવારથી જ ખેડૂતો તેમની વિવિધ જણસી લઈને ઊમટી પડતાં માર્કેટિંગ યાર્ડ બહાર ૯૦૦ કરતાં વધુ વાહનનો ખડકલો જોવા મળ્યો હતો. યાર્ડ બહાર ૯ કિલોમીટર લાંબી વાહનોની લાઈનો લાગી હતી. યાર્ડના ચૅરમૅન સહિતના અગ્રણીની હાજરીમાં વાહનોને યાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો, જેમાં કપાસની ૮,૫૦૦ ભારી, મગફળીની વધુ ૧.૦૫ લાખ ગૂણીની આવક નોંધાઈ હતી. ■

# કન્યા કેળવણી નિધિ યોજનામાં આઠ વર્ષમાં ૨૧ હજાર વિદ્યાર્થિનીઓને ૬૨૦ કરોડની સહાય ચૂકવાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિકસિત ભારતની પરિકલ્પનાને સાકાર કરવામાં ગુજરાત હરહંમેશ અગ્રેસર રહ્યું છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્યમાં અનેકવિધ શિક્ષણલક્ષી યોજનાઓ અમલમાં છે.

મુખ્ય પ્રધાન કન્યા કેળવણી નિધિ યોજના રાજ્ય સરકારના આ જ અભિગમને ચરિતાર્થ કરતી યોજના છે. આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૭થી અત્યાર સુધીમાં ૨૧ હજારથી વધુ વિદ્યાર્થિનીઓને તબીબી ક્ષેત્રે કારકિર્દી બનાવવા માટે ૬૨૦ કરોડથી વધુની સહાય ચૂકવાઈ હતી.

ગુજરાતની 'વ્હાઈટ કોટ' મહિલા વૉરિયર્સને પ્રોત્સાહિત કરતી મુખ્ય પ્રધાન કન્યા કેળવણી નિધિ યોજના મૅડિકલ ક્ષેત્રે પોતાની કારકિર્દી બનાવવા ઇચ્છતી દીકરીઓ માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. આ યોજના હેઠળ છ લાખ સુધીની વાર્ષિક આવક ધરાવતા પરિવારની વિદ્યાર્થિનીઓ કે જેઓ ધો-૧૨ પછી એમબીબીએસમાં પ્રવેશ મેળવે છે, તેમને રાજ્ય સરકાર દ્વારા આર્થિક સહાય ચૂકવવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા એમબીબીએસના અભ્યાક્રમ માટે ચાર લાખની સહાય ચૂકવવામાં આવે છે. આ યોજનાનો લાભ મેળવવા માટે વિદ્યાર્થીએ નીટ દ્વારા એમબીબીએસમાં પ્રવેશ મેળવેલ હોવો જરૂરી છે.

આ યોજનાનો ઉદ્દેશ્ય એમબીબીએસમાં અભ્યાસ કરતી તેજસ્વી વિદ્યાર્થિનીઓને નાણાકીય સહાય પૂરી પાડવાનો છે. પરિણામે રાજ્યની 'વ્હાઈટ-કોટ' મહિલા વૉરિયર્સ સફળતાપૂર્વક તેમના ડૉક્ટર બનવાનાં સપનાંને સાકાર કરી રહી છે. ડૉક્ટર બનવાનાં સપનાં જોતી દરેક વિદ્યાર્થિનીઓને પ્રોત્સાહિત કરવા રાજ્ય સરકારે ચાલુ વર્ષના બજેટમાં ૧૬૦ કરોડની જોગવાઈ કરી છે. ■

### પાટણ યુનિવર્સિટીની બોયઝ હોસ્ટેલમાં દારૂની મહેફિલ

# ધારાસભ્ય કિરીટ પટેલ અને પોલીસ વચ્ચે ઘર્ષણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પાટણમાં હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીની બોયઝ હોસ્ટેલમાં તાજેતરમાં થયેલી દારૂની મહેફિલ મામલે પોલીસ ફરિયાદ સહિતના મુદ્દે પાટણ જિલ્લા એનએસયુઆઈ અને કૉંગ્રેસના ધારાસભ્ય કિરીટ પટેલ યુનિવર્સિટીમાં ભૂખ હડતાળ પર ઊતર્યા હતા. જ્યાં પોલીસે ગેટ બંધ કરી દેતાં ધારાસભ્ય અને એનએસયુઆઈ કાર્યકર્તાઓ અને ધારાસભ્યનું પોલીસ સાથે ઘર્ષણ થયું હતું.

આ દરમિયાન મામલો વધુ ઉગ્ર થતાં ગાળાગાળીનાં દૃશ્યો સર્જાયાં હતાં. તેમણે કુલપતિની ચેમ્બરમાં જઈને ચેતવણી આપી ધરણાં પર બેઠા હતા. ત્યાર બાદ કુલપતિએ મુખ્ય પ્રધાન સુધી રજૂઆત કરતાં મામલો થાળે પડ્યો હતો.

યુનિવર્સિટીમાં ધારાસભ્ય કિરીટ પટેલ અને એનએસયુઆઈના કાર્યકર્તાઓ રૅલી સ્વરૂપે પહોંચી ભૂખ હડતાળ કરતાં પોલીસે ગેટ બંધ કરી દીધો હતો. આ દરમિયાન એનએસયુઆઈના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ધક્કામુક્કીનાં દૃશ્યો સર્જાયાં હતાં.

ધારાસભ્ય કિરીટ પટેલે ઉગ્ર સ્વરે કુલપતિને રજૂઆત કરી હતી. તેમણે કહ્યું હતું કે, તમે ફરિયાદ કેમ નથી નોંધાવતા? એક, બે વાર નહીં ત્રણ ત્રણ વાર દારૂ ઝડપાયો હોવા છતાં તમે કેમ ચૂપ છો. તમારે મુખ્ય પ્રધાન અને ગૃહપ્રધાનને રજૂઆત કરવી પડે એ તમે કેમ નથી કરતા? અમને શાંતિથી ધરણાં પ્રદર્શન કરવા દેવામાં આવતાં નથી? અમારા કાર્યકર્તાને પોલીસે રંજાડ્યા હશે તો ઉગ્ર થયા હશે. જો પોલીસ કાયદો હાથમાં લેશે તો અમે પણ ડરતા નથી. આગામી સમયમાં કોઈ કાર્યવાહી નહીં થાય તો સમગ્ર ઉત્તર ગુજરાતમાં વિરોધ કરીશું. ■

# નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાનાં મંદિરોને પ્રવાસનમાં સમાવો: લોકસભામાં સાંસદની માગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતનો પ્રવાસન ઉદ્યોગ સતત આગળ વધી રહ્યો છે. ત્યારે કેટલાંક એવાં પણ સ્થળો છે જેને પ્રવાસનમાં સમાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી.

હાલમાં ચાલી રહેલા લોકસભા સત્રમાં વલસાડના સાંસદ ધવલ પટેલે નવસારી, ડાંગ અને વલસાડ જિલ્લાનાં મંદિરોને તીર્થધામમાં સમાવવા કેન્દ્રીય પ્રવાસન પ્રધાનને લોકસભામાં રજૂઆત કરી હતી. જેમાં કેન્દ્રીય પ્રવાસન પ્રધાને રાજ્ય સરકારની દરખાસ્ત બાદ સકારાત્મક પગલાં લેવાની ખાતરી આપી હતી.

હાલમાં લોકસભાનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે. જેમાં ગુજરાતના સાંસદો પણ પોતાના વિસ્તારનાં વિકાસલક્ષી કામો માટે સરકાર સમક્ષ દરખાસ્ત કરી રહ્યા છે. લોકસભામાં પ્રશ્ન સત્રમાં દંડક અને સાંસદ ધવલ પટેલે વલસાડ લોકસભા અંતર્ગત આવતાં તીર્થસ્થાનો અને પર્યટન સ્થળોને સ્વદેશ દર્શન યોજનામાં આવરી લેવાની માગ કરી હતી. તેમના સવાલના જવાબમાં કેન્દ્રીય પ્રવાસન પ્રધાન ગજેન્દ્રસિંહ શેખાવતે ઐતિહાસિક વિસ્તારના વિકાસના પ્રશ્ન મુદ્દે રાજ્ય સરકાર ધ્યાન દોરશે તો ચોક્કસ કેન્દ્ર સરકાર ઘટતું કરશેની ખાતરી આપી હતી.

ભગવાન શ્રીરામ વનવાસ દરમિયાન વનમાં વિચરણ કરતા કરતા ઉનાઈ આવી પહોંચ્યા હતા. જ્યાં થોડો સમય રોકાયા બાદ નાસિક તરફ આગળ વધ્યા હતા.

આ મંદિર રોચક ઇતિહાસ ધરાવે છે. આ મંદિર ગુજરાતમાં મોટા યાત્રાધામમાં સમાવેશ પામ્યું છે. અહીં શીશ ઝુકાવનાર માઈભક્તની મનોકામના ચોક્કસ પૂર્ણ થાય છે તેવી એક માન્યતા છે. ■

# મોરબીના હળવદમાં ટ્રેનની અડફેટે આવતાં બે બાળકોનાં મોત: માતાનો હાથ કપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: મોરબીના હળવદમાં એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. એક મહિલા રેલવે ટ્રેક પરથી બાળકોને લઈને પસાર થઈ રહી હતી ત્યાં ટ્રેનની અડફેટે આવી ગઈ હતી. આ ઘટનામાં બે બાળકોનાં મોત થઈ ગયાં હતાં, જ્યારે મહિલાએ એક બાળકને બચાવી લીધું હતું. આ દુર્ઘટનામાં મહિલા પોતે પણ ઘાયલ થઈ હતી. આ મહિલાનો જમણો હાથ કપાઈ ગયો હતો.

મળતી વિગતો મુજબ, હળવદના રણજિતગઢ અને કેદારિયા વચ્ચે રેલવે ટ્રેક પરથી ક્રોસિંગ દરમિયાન આ બનાવ બન્યો હતો. મંગુબેન બજાણિયા નામનાં મહિલા ત્રણ બાળકો સાથે ટ્રેક પર હતાં ત્યારે અચાનક ટ્રેનની અડફેટે ચઢી ગયાં હતાં, અકસ્માતમાં ઘાયલ થયેલા મહિલાને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં.

આ અકસ્માતમાં મંગુબેનના દોઢ વર્ષના બાળકનો ચમત્કારિક બચાવ થયો હતો. જ્યારે ૫ વર્ષની દીકરી અને ૩ વર્ષના દીકરાનું અકસ્માતમાં મોત થયું હતું. આ બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. રેલવે ટ્રેક પર બનેલા અકસ્માતમાં પરિવાર પર આભ તૂટી પડ્યું હતું, પરિવારે બે બાળકો ગુમાવતાં ગમગીની છવાઈ ગઈ હતી. આ મામલે પોલીસ દ્વારા વધુ તપાસ કરીને ઘટના બનવાનું કારણ શું હતું તેની તપાસ કરવામાં આવશે. મહિલા કોઈ કામથી રેલવે ટ્રેક પરથી પસાર થઈ રહી હતી કે કેમ તે અંગે પણ તપાસ કરવામાં આવશે. ■

# આગામી વર્ષે અધિકારીઓ નિવૃત્ત થતા તંત્ર પર અસર

## આઈએએસમાં ૫૩, આઈપીએસની ૧૪ જગ્યા ખાલી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં આગામી ૨૦૨૫ વર્ષ દરમિયાન મોટી સંખ્યામાં આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ નિવૃત્ત થઈ રહ્યા છે. એક તરફ અધિકારીઓની ઘટ અને બીજી બાજુ અધિકારીઓનું દિલ્હી ડેપ્યુટેશનના પરિણામે સ્થાનિક કક્ષાએ વહીવટી તંત્ર અધિકારીઓના અભાવે ખોડંગાઈ રહ્યું છે. પરિણામે એક અધિકારી પાસે એકથી વધુ ચાર્જ છે. ગુજરાતમાં ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઈએએસ)ના અધિકારીઓની ૫૩ જ્યારે ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસ (આઇએફએસ)ના અધિકારીઓની ૫૫ જગ્યા ખાલી છે.

આઈપીએસમાં મંજૂર કરાયેલી ૨૦૮ જગ્યા સામે ૧૯૪ અધિકારી ફરજ પર કાર્યરત છે. ગુજરાતમાં આઈએએસ અધિકારીઓની ૩૧૩ જગ્યા મંજૂર કરવામાં આવી છે. આ પૈકી ૧ જાન્યુઆરી ૨૦૨૪ની સ્થિતિએ ૨૬૦ અધિકારીઓ ફરજ પર કાર્યરત છે. આ જ રીતે ઇન્ડિયન પોલીસ સર્વિસની મંજૂર કરાયેલી ૨૦૮ જગ્યા સામે ૧૯૪ અધિકારીઓ ફરજમાં છે. આમ, આઈપીએસમાં ૧૪ જેટલી જગ્યા ખાલી છે. ઇન્ડિયન ફોરેસ્ટ સર્વિસમાં મંજૂર કરાયેલી ૧૨૫ જગ્યા સામે ૭૦ જગ્યા ખાલી છે. તે જ પ્રકારે સમગ્ર દેશની વાત કરવામાં આવે તો આઈએએસની ૬૮૫૮ સામે ૫૫૪૨ આઈપીએસમાં ૫૦૫૫ સામે ૪૪૬૯ અને આઈએફએસમાં ૩૧૯૩ સામે ૨૧૫૨ અધિકારીઓ ફરજ પર કાર્યરત છે. ■

# ગાંધીનગર ઍરફોર્સ સ્ટેશનના ક્લાર્કની પરીક્ષામાં હરિયાણાનો ડમી ઉમેદવાર પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં ભરતી પરીક્ષામાં અનેક પ્રકારની ગેરરીતિઓ પકડાતી રહે છે. ત્યારે ગાંધીનગર ઍરફોર્સ સ્ટેશન ખાતે યોજાયેલી લોઅર ડિવિઝન ક્લાર્કની પરીક્ષામાં હરિયાણાના એક યુવકને બદલે આવેલા અન્ય યુવકને પરીક્ષા ખંડમાં અંડરવેરમાં સંતાડેલા મોબાઈલ ફોન અને ઇયરપ્લગ સાથે ઝડપી લેવાયો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગાંધીનગરના ઍરફોર્સ સ્ટેશન ખાતે વૉરન્ટ ઑફિસર એડજ્યુટન્ટ તરીકે ફરજ બજાવતા રવિકાન્ત બિદેશ્વરીસીંગે નોંધાવેલી ફરિયાદ મુજબ રવિવારે પ્રાદેશિક પરીક્ષા બોર્ડ ગાંધીનગર દ્વારા આયોજિત લોઅર ડિવિઝન ક્લાર્કની ત્રણ પોસ્ટ માટેની લેખિત પરીક્ષા ઍરફોર્સ સ્ટેશન વાયુશક્તિ નગર પાલજ ખાતે યોજવામાં આવી હતી. આ પરીક્ષા આપવા માટે દેશમાંથી સવા સો જેટલા ઉમેદવારો પાલજ ખાતેના ઍરફોર્સ ખાતે આવ્યા હતા. ઉમેદવારોને સૂચના અપાઈ હતી કે કોઈ પણ ઉમેદવારે ફક્ત પોતાનું ઓળખકાર્ડ અને કોલ લેટર સાથે પરીક્ષા આપવાની રહેશે. ત્યાર બાદ પરીક્ષા આપવા આવેલ ઉમેદવારોની હાજરીની ઍરફોર્સના સાર્જન્ટ દ્વારા વારાફરતી ચકાસણી કરવામાં આવી હતી. દરમિયાન એક ઉમેદવાર પવનકુમાર ઓમપ્રકાશના આધારકાર્ડ તથા પાનકાર્ડની ચકાસણી કરી તેનું ચેકિંગ કરતાં તેના અંડરવેરમાંથી મોબાઈલ ફોન ઇયર પ્લગ મળ્યું હતું.

તેની વધુ પૂછપરછ કરતાં તેણે પોતાનું નામ અમનકુમાર રમેશકુમાર ફુલબાટી હોવાનું જણાવ્યું હતું અને તેની પાસેનું આધાર કાર્ડ અને પાન કાર્ડ અને કોલલેટર પવનકુમાર ઓમપ્રકાશના નામના હતા. જે પવનની જગ્યાએ પરીક્ષા આપવા આવ્યો હતો. જે અંગે ફરિયાદ નોંધાવતાં ચીલોડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. ■

# ઉદ્ધવ-સેનાને ચૂંટણીમાં પછડાટ પછી ફરી હિન્દુત્વની યાદ આવી છે

મુંબઈ: મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં કારમી હાર બાદ ઉદ્ધવ ઠાકરે જૂથે પોતાની રણનીતિ બદલી છે. પાર્ટીના નેતાઓના તાજેતરના નિવેદનો દર્શાવે છે કે પાર્ટી તેના મૂળ હિન્દુત્વ એજન્ડા પર પરત ફરી રહી છે. ઓગસ્ટમાં શેખ હસીના સરકારના પતન બાદ પડોશી દેશ બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા અત્યાચાર અંગે પાર્ટીએ હાલમાં કેન્દ્ર સરકાર પર જોરદાર હુમલો કર્યો હતો. આ ઉપરાંત હાલમાં જ ઉદ્ધવ સેનાએ મુંબઈના દાદર સ્ટેશનની બહાર ''૮૦ વર્ષ જૂના'' હનુમાન મંદિરને બચાવવા માટે આગળ આવી છે, જેને રેલવે દ્વારા તોડી પાડવાની નોટિસ આપવામાં આવી છે. એટલું ઓછું હોય તેમ શિવસેનાના નેતા આદિત્ય ઠાકરેએ મંદિરમાં 'મહા આરતી' કરી ભાજપને ઘેરવાનો સંકેત આપી દીધો હતો. અગાઉ ૬ ડિસેમ્બરે, ઉદ્ધવ સેનાએ ઇન્ડિ ગઠબંધનમાં ડેટલાક સાથીઓની નારાજગી વધારી હતી જ્યારે ઉદ્ધવ ઠાકરેના નજીકના સાથી અને વિધાન પરિષદના સભ્ય (એમએલસી) મિલિંદ નાર્વેકરે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર બાબરી મસ્જિદ વિધ્વંસની તસવીર શેર કરી હતી અને સાથે શિવસેનાના સ્થાપક બાળા સાહેબ ઠાકરેનું નિવેદન પણ પોસ્ટ કર્યું હતું કે, ''જેઓએ આ કર્યું તેના પર મને ગર્વ છે.''

આ પગલાથી અસ્વસ્થ થઇને સમાજવાદી પાર્ટીના મહારાષ્ટ્ર એકમના પ્રમુખ અબુ આઝમીએ રાજ્યમાં વિપક્ષી ગઠબંધન મહા વિકાસ અઘાડી (એમવીએ)થી અલગ થવાની જાહેરાત કરી દીધી હતી અને કહ્યું હતું કે તેમની પાર્ટી રાજ્યમાં વિપક્ષી ગઠબંધન મહાવિકાસ અઘાડી (એમવીએ)થી અલગ થઈ રહી છે, જેમાં શિવસેના, કોંગ્રેસ અને શરદ પવારના નેતૃત્વવાળી રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનો પણ સમાવેશ થાય છે.

ઉદ્ધવ ઠાકરેએ બાંગ્લાદેશમાં હિંદુઓ પર થતા અત્યાચારને લઈને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને તે જાણવા માંગ્યું હતું કે ભારતે પાડોશી દેશોમાં હિન્દુઓની સુરક્ષા માટે શું પગલાં લીધા છે.

૨૦૧૯માં મુખ્ય પ્રધાન પદ સંભાળ્યા બાદ પ્રથમ સત્રમાં ઉદ્ધવ ઠાકરેએ એક વાર તો જીભ કચરી હતી કે તેમની પાર્ટીએ ધર્મને રાજકારણ સાથે ભેળવીને ભૂલ કરી છે. ૨૦૧૯માં ભાજપ સાથે સંબંધો તોડ્યા પછી, શિવસેના (યુબીટી) એ કોંગ્રેસ અને એનસીપી સાથે જોડાણ કર્યું હતું, પણ આ જોડાણને લોકોએ જાકારો આપી દીધો હતો અને તેને કારણે ઉદ્ધવ સેનાના મહારાષ્ટ્રમાં પરંપરાગત મતદાર આધાર ગુમાવી દીધો હતો. મહારાષ્ટ્રમાં ટૂંક સમયમાં બીએમસીની ચૂંટણી યોજાશે. મુંબઈ મહાનગર પાલિકા દેશની સૌથી ધનિક મહાનગરપાલિકા છે, જેના પરથી પકડ ગુમાવવાનું ઉદ્ધવ સેનાને પાલવે તેમ નથી. ચૂંટણીમાં મળેલી નિષ્ફળતાઓથી ઉદ્ધવ સેનાની આંખ ખુલી ગઇ છે, તેથી જ હવે પાર્ટી તેના મુખ્ય હિંદુત્વના મુદ્દા પર પાછી ફરી રહી છે.

## પરભણીના સૂર્યવંશીનું મૃત્યુ સંખ્યાબંધ ઈજાના આઘાતને કારણે થયું હોઈ શકે: પોસ્ટમોર્ટમ રિપોર્ટ

મુંબઈ: પરભણીમાં ૧૦ ડિસેમ્બરે થયેલી હિંસાના સંદર્ભમાં ધરપકડ કરવામાં આવેલી ૩૫ વર્ષની વ્યક્તિનું મૃત્યુ સંખ્યાબંધ ઇજાઓને કારણે લાગેલા શોક્ના કારણે થવાની સંભાવના સોમવારે રજૂ કરવામાં આવેલા પ્રાથમિક પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં વ્યક્ત કરવામાં આવી છે.

મુંબઈથી આશરે ૫૩૦ કિલોમીટર દૂર પરભણીના શંકર નગરના રહેવાસી સોમનાથ વેંકટ સૂર્યવંશી હિંસાના સંબંધમાં ધરપકડ કરાયેલા ૫૦થી વધુ વ્યક્તિઓમાં સામેલ હતા. પોલીસના જણાવ્યા અનુસાર રવિવારે સવારે ૬:૪૯ વાગ્યે સરકારી હોસ્પિટલમાં તેમનું મૃત્યુ થયું હતું. જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા સૂર્યવંશીને છાતીમાં દુખાવો અને બેચેનીની ફરિયાદ બાદ તાત્કાલિક સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. એ પરભણી જિલ્લા મધ્યસ્થ જેલમાં બંધ હતા.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે છત્રપતિ સંભાજી નગરની સરકારી હોસ્પિટલમાં છ ડોક્ટરોની પેનલ દ્વારા ઇન-કેમેરા પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. રિપોર્ટમાં જણાવ્યા અનુસાર વધુ દસ્તાવેજો મળ્યા બાદ અભિપ્રાય આપવામાં આવશે અને તપાસ અધિકારીને અગાઉના તબીબી દસ્તાવેજો, જો કોઈ હોય તો તે રજૂ કરવાની સૂચના આપવામાં આવી છે એવી માહિતી અધિકારીઓએ આપી હતી.

રાજ્યભરમાં આંબેડકરવાદી સંગઠનો દ્વારા મૃત્યુ પામેલી વ્યક્તિને ન્યાય અપાવવા અને પોલીસ સામે કાર્યવાહીની માંગ સાથે કરવામાં આવેલા વિરોધ વચ્ચે પ્રાથમિક પોસ્ટમોર્ટમ રિપોર્ટ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થયો છે. (પીટીઆઈ)■

## ઈવીએમનો વિરોધ: ફડણવીસે કૉંગ્રેસને ચૂંટણીમાં હાર પર આત્મચિંતનની સલાહ આપી

નાગપુર: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કોંગ્રેસને આત્મનિરીક્ષણ કરવા અને વિવિધ ચૂંટણીઓમાં પાર્ટીની હાર માટે અન્યોને દોષ આપવાનું બંધ કરવાની સલાહ આપી હતી.

તેમણે ઉમેર્યું હતું કે, જ્યાં સુધી પાર્ટી આત્મનિરીક્ષણ નહીં કરે અને અન્યો પર દોષારોપણ કરવાનું બંધ ન કરે ત્યાં સુધી કોંગ્રેસ ચૂંટણીમાં પરાજિત થતી રહેશે. ફડણવીસે એમ પણ કહ્યું હતું કે સરકાર વિપક્ષ દ્વારા ઉઠાવવામાં આવેલા તમામ પ્રશ્નોના જવાબ આપશે, પરંતુ શરત એ છે કે તેઓ મુદ્દાઓનું રાજકારણ ન કરે. વિપક્ષના સભ્યોએ આ પહેલાં નાગપુરમાં વિધાન ભવનનાં પગથિયાં પર પ્રદર્શન કર્યું હતું અને રાજ્ય વિધાનસભાના શિયાળુ સત્રના પ્રથમ દિવસે ઈવીએમનો ચૂંટણીમાં ઉપયોગ કરવા સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. ફડણવીસે પત્રકારોને જણાવ્યું હતું કે, નજ્યારે પણ કોંગ્રેસ પાર્ટી (ચૂંટણી) હારે છે, ત્યારે તે આત્મનિરીક્ષણ કરવાને બદલે અન્યને દોષી ઠેરવે છે. જ્યાં સુધી તેઓ આત્મનિરીક્ષણ કરશે ત્યાં સુધી તેઓ હારતા રહેશે.થ

અહીં ઉલ્લેખનીય છે કે રવિવારે ફડણવીસે એમ કહ્યું હતું કે, વિપક્ષે મીડિયાના માધ્યમથી બોલવાને બદલે વિધાનસભામાં તેમના મુદ્દાઓ ઉઠાવવા જોઈએ, વિધાન પરિષદમાં વિપક્ષના નેતા અંબાદાસ દાનવેએ આ મુદ્દે તેમની ટીકા કરતાં કહ્યું હતું કે, વિપક્ષ ચર્ચા માટે તૈયાર છે પરંતુ અપેક્ષા રાખે છે કે સરકાર જૂઠું ન બોલે. દાનવેની ટીકાના જવાબમાં ફડણવીસે કહ્યું હતું કે, નદાનવે અથવા વિપક્ષના અન્ય કોઈ સભ્ય તેમને ગમે તે મુદ્દા પર ચર્ચા અને વાર્તાલાપ શરૂ કરી શકે છે, સરકાર તેમના પ્રશ્નોના જવાબ આપવા સક્ષમ છે. મારી સરકાર પાસે છુપાવવા માટે કંઈ નથી.થ જો વિરોધ પક્ષો રાજકારણ જ રમવા માગતા હોય, તો તેમને રાજકીય જવાબો જ મળશે, એમ પણ મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું. ફડણવીસે એમ પણ કહ્યું હતું કે, તબલાવાદક ઝાકિર હુસૈને તબલાને વૈશ્વિક ઓળખ આપી હતી અને તેમના નિધનથી એક મોટો શૂન્યાવકાશ સર્જાયો છે. (પીટીઆઈ)

## સવા મહિનાની બાળકીને વેચી: વડોદરાની બે મહિલા સહિત નવની ધરપકડ

મુંબઈ: સવા મહિનાની બાળકીને બેંગલુરુમાં વેચવાના કેસમાં માટુંગા પોલીસે બાળકીની માતા અને વડોદરાની બે મહિલા સહિત આઠ જણની ધરપકડ કરી હતી. પકડાયેલા આરોપીઓએ બાળકીને વેચવા માટે તેની માતાને મદદ કરી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

માટુંગા પોલીસે ધરપકડ કરેલા આરોપીઓમાં બાળકીની માતા સહિત સુલોચના કાંબળે, મીરા યાદવ, યોગેશ સુરેશ ભોઇર, રોશની ઘોષ, સંધ્યા રાજપૂત, મદિના ઇમામ ચવ્હાણ, તૈનાઝ ચૌહાણ અને બેબી તંબોલીનો સમાવેશ થાય છે. કોર્ટે આરોપીઓને ૧૯ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારી હતી. સાયન-માટુંગા લિંક રોડ પર રાજીવ ગાંધીનગર ઝૂંપડપટ્ટીમાં રહેતી મહિલાએ ૧૧ ડિસેમ્બરના રોજ માટુંગા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં તેની ૩૨ વર્ષની પુત્રવધૂએ તેની સવા મહિલાની દીકરીને બેંગલુરુમાં વેચી હોવાનું જણાવ્યું હતું. આ ફરિયાદને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યા બાદ અને માટુંગા સહિત ભોઇવાડા, એન્ટોપ હિલ પોલીસ સ્ટેશનના અધિકારીઓ તપાસમાં લાગ્યા હતા. પોલીસ ટીમે પ્રથમ બાળકીની માતાને પકડી પાડી હતી.

તપાસ દરમિયાન ગુનામાં સંડોવાયેલા આરોપીઓ વિશે માહિતી મળ્યા બાદ પોલીસની ટીમ સુરત, વડોદરા, ઉલ્હાસનગર તથા કર્ણાટકમાં રવાના કરવામાં આવી હતી. પોલીસની ટીમે ત્યાંથી આઠ જણને પકડી પાડ્યા હતા, જેમાં સાત મહિલાનો સમાવેશ હતો.

## થાણેમાં મેફેડ્રોન ડ્રગ્સ, કફ સિરપની બોટલો જપ્ત: બે પકડાયા

થાણે: થાણે પોલીસના એન્ટિ નાર્કોટિક્સ સેલે (એએનસી) મેફેડ્રોન ડ્રગ્સ અને કોડિન મિશ્રિત કફ સિરપની બોટલો સાથે બે જણની ધરપકડ કરી હતી. એએનસીના અધિકારીઓએ મળેલી માહિતીને આધારે ૧૧ ડિસેમ્બરે મુંબ્રામાં ખર્ડી-દિવા રોડ પર છટકું ગોઠવી મોહંમદ અબ્દુલ રહેમાન સૈયદને ૭.૪૩ લાખ રૂપિયાના ૬૦ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો. સૈયદ વિરુદ્ધ શિળ-ડાયઘર પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાયો હતો.

દરમિયાન ૧૨ ડિસેમ્બરે ડાયઘર વિસ્તારમાં પોલીસ અધિકારીઓએ કોડિન મિશ્રિય કફ સિરપની ૭૨૦ બોટલ જપ્ત કરીને નવાઝ શમશુદ્દીન પાવલેની ધરપકડ કરી હતી. નવાઝને કોર્ટમાં હાજર કરાતાં તેને ૧૭ ડિસેમ્બર સુધીની પોલીસ કસ્ટડી ફટકારાઇ હતી.

## ડોંબિવલીમાં છ વર્ષની પુત્રી સાથે દુષ્કર્મ: પિતા સામે ગુનો

થાણે: થાણે જિલ્લામાં છ વર્ષની પુત્રી સાથે કથિત દુષ્કર્મ આચરવા પ્રકરણે પિતા સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ડોંબિવલી વિસ્તારમાં રહેનારા ૪૨ વર્ષના આરોપીએ જૂન, ૨૦૨૪થી પુત્રી સાથે અનેકવાર દુષ્કર્મ આચર્યું હતું. ઘરમાં પુત્રી એકલી હોય ત્યારે તેની સાથે કુકર્મ આચરવામાં આવતું હતું, એમ વિષ્ણુ નગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું. દરમિયાન બાળકીની માતાને આની જાણ થયા બાદ તેણે શનિવારે પતિ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતા તેમ જ પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો.

## ત્રણ વર્ષ જૂના લૂંટ કેસમાં ચાર આરોપી નિર્દોષ

થાણા: થાણા જિલ્લાની એક અદાલતે અપૂરતા પુરાવાનો હવાલો આપીને ૨૦૧૧ના એક લૂંટના કેસમાં મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (મકોકા) હેઠળ ગુનો નોંધવામાં આવેલી ચાર વ્યક્તિને નિર્દોષ જાહેર કરી છે.વિશેષ (એમસીઓસી) ન્યાયમૂર્તિ અમિત એમ. શેટેએ શ્રવણ ઉર્ફે સર્યા નાગો વાઘે (૪૦), શંકર નાગો વાઘે (૩૩), સોમનાથ ઉર્ફે સોનુ ચિંતામન કાટે (૩૪) અને યશવંત ઉર્ફે બુટા ચંદર વાઘે (૩૩)ને લૂંટ, ગુનાહિત કાવતરું અને ક્રાઇમ સિન્ડિકેટ ચલાવવાના આરોપોમાંથી નિર્દોષ જાહેર કર્યા હતા. અન્ય બે આરોપી સુનાવણી પહેલાં જ મૃત્યુ પામ્યા હોવાથી તેમની સામેનો કેસ રદ કરવામાં આવ્યો હતો.૧૨ ડિસેમ્બરે આપવામાં આવેલા આદેશની નકલ સોમવારે ઉપલબ્ધ કરવામાં આવી હતી.

ફરિયાદ પક્ષના જણાવ્યા અનુસાર આ ઘટના બીજી ડિસેમ્બર, ૨૦૧૧ના દિવસે કલ્યાણના એક વોટર પાર્કમાં બની હતી. લોખંડના સળિયા, ચોપર્સ અને તલવારોથી સજ્જહુમલાખોરોના એક જૂથે કર્મચારીઓ પર હુમલો કરી તેમને બાંધી દઈ કિંમતી ચીજવસ્તુઓની લૂંટ ચલાવી હતી.

## પ્રદૂષણનું સ્તર માપવા માટે ખરીદાશે ચાર મોબાઈલ વૅન

મુંબઈ: મુંબઈ જેવા મોટા શહેરમાં પ્રદૂષણનું સ્તર માપવા માટે પૂરતી યંત્રણા ન હોવાથી આગામી નવા વર્ષમાં સુધરાઈ દ્વારા ચાર નવી મોબાઈલ વૅન ખરીદવામાં આવવાની છે. હાલ વાતાવરણમાં પ્રદૂષણનું સ્તર માપવા માટે એક મોબાઈલ વૅન ઉપલબ્ધ છે. નવી મોબાઈલ વૅન માટે બહુ જલદી ટેન્ડર પ્રક્રિયા અમલમાં મુકાશે, તે માટે એક કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

મુંબઈમાં હાલ મોટા પાયા પર ચાલી રહેલા મેટ્રો સહિત અન્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને વિકાસના કામોને કારણે પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે સુધરાઈએ અનેક ઉપાયયોજના અમલમાં મૂકી છે. છતાં હવાની ગુણવત્તા સતત કથળી રહી છે. પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે બાંધકામને સ્થળે ઉપાય યોજના અમલમાં મૂકવા માટે પાલિકાએ ચેતવણી પણ આપી છે. પાલિકાએ બહાર પાડેલી ગાઈડલાઈનને અમલમાં નહીં મૂકનારા સામે પાલિકા દ્વારા કાર્યવાહી પણ કરવામાં આવી રહી છે.

### નિયમોનું ઉલ્લંઘન કરનારા ૬૫૬ને નોટિસ

શહેરમાં પ્રદૂષણ રોકવા માટે પાલિકા દ્વારા કાર્યવાહી ચાલી રહી છે. એ સિવાય પાલિકાએ તમામ પ્રોજેક્ટના ઠેકાણે સંબંધિત કૉન્ટ્રેક્ટર પણ એન્વાયરન્મેન્ટ મેનેજમેન્ટ પ્લાન રજૂ કરવાની સૂચના આપી છે. જે બાંધકામના સ્થળે પ્રદૂષણના નિયમનું પાલન થતું ન હોવાનું જણાયું છે ત્યાં ડેવલપરોને કારણ દર્શાવો નોટિસ પણ મોકલવામાં આવી રહી છે. અત્યાર સુધી શહેરમાં ૬૫૬ નોટિસ મોકલવામાં આવી હોવાનું પાલિકાએ જણાવ્યું હતું.

## છેલ્લા પાનાનું ચાલુ

### બાંદ્રા-વર્સોવા

આમાં બદલાવ કરવો પડ્યો હતો. ૨૦૨૨થી ખરા અર્થમાં સી લિંકના કામની શરૂઆત થઇ હતી. જોકે હવે કામ ગતિપૂર્વક ચાલી રહ્યું છે. સમુદ્રમાં કામ કરવું ભારે મુશ્કેલીવાળું હોવાથી અનેક પ્રકારની પરવાનગીઓ લેવી પડી રહી છે. પરિણામે કામને થોડો સમય વધુ થઇ રહ્યો છે. આ કામ ૨૦૨૮ સુધીમાં પૂરું થઇ જશે અને ટ્રાફિક સેવામાં દાખલ કરવામાં આવશે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

### મોબાઈલને કારણે

જવાનોની મદદથી એ છોકરીની શોધ ચલાવાઈ હતી, પરંતુ તેની કોઈ ભાળ મળી નહોતી. શનિવારની બપોરે ખાડીને કિનારેથી સગીરાનો મૃતદેહ મળી આવ્યો હતો. પરિવારજનોએ સગીરાના મૃતદેહને ઓળખી કાઢ્યો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હૉસ્પિટલમાં મોકલી એડીઆર નોંધ્યો હતો અને આ મામલે વધુ તપાસ હાથ ધરી હતી. (પીટીઆઈ)

### મરાઠાઓને ક્વોટા

છે. બે કુણબી-મરાઠા છે જેમને ઓબીસીનો દરજ્જો મળ્યો છે, પરંતુ તેઓ મરાઠા સમાજના જ છે. કેબિનેટમાં બ્રાહ્મણ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ ઉપરાંત ફક્ત ઉદય સામંતને સ્થાન આપવામાં આવ્યું છે, જે કાયસ્થ બ્રાહ્મણ સમાજના છે, જેમને વગદાર માનવામાં આવે છે.

રાજપૂત સમાજના જયકુમાર રાવલને કેબિનેટમાં સ્થાન મળ્યું છે. મારવાડી અને જૈન સમાજના મંગલ પ્રભાત લોઢાને સ્થાન અપાયું છે. આદિવાસી સમાજના અશોક ઉઈકે અને નરહરિ ઝીરવાળને સ્થાન મળ્યું છે. એસસી એટલે કે દલિત સમાજના સંજય સાવકારે અને સંજય શિરસાટને કેબિનેટમાં સ્થાન અપાયું છે. કેબિનેટમાં આટલી મોટી સંખ્યામાં મરાઠા સમાજના લોકો હોવા છતાં મરાઠા અનામત માટે લડત આપી રહેલા મનોજ જરાંગે પાટીલે ફરી આંદોલન છેડવાની ચિમકી આપી છે.

### લાડકી બહેન યોજના

હપ્તા વધારીને ૧,૫૦૦ રૂપિયાથી ૨,૧૦૦ રૂપિયા સુધીનો વધારો બજેટમાં કરવામાં આવશે અને તેનો અમલ કરવામાં આવશે. આવી જ રીતે સિંધુદુર્ગ જિલ્લાના માલવણ તાલુકાના રાજકોટ કિલ્લામાં છત્રપતિ શિવાજી મહારાજની પ્રતિમા માટે ૩૬ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ગયા વર્ષે ચોથી ડિસેમ્બરે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેનું અનાવરણ કર્યાના થોડા મહિના પછી, ૨૬ ઓગસ્ટે કિલ્લા પરની મરાઠા યોદ્ધા રાજાની ૩૫ ફૂટ ઊંચી પ્રતિમા તૂટી પડી હતી. સરકારે પાત્ર ખાંડ સહકારી ફેક્ટરીઓ માટે માર્જિન મની લોન માટે ૧,૨૦૪ કરોડ રૂપિયા અને ૭.૫ હોર્સપાવર સુધીના કૃષિ પંપ ધરાવતા ખેડૂતોને મફત વીજળી પૂરી પાડવા માટે મુખ્ય પ્રધાન બલિરાજા યોજના માટે ૩,૦૫૦ કરોડ રૂપિયા પણ આપ્યા છે.

જાહેર બાંધકામ વિભાગને ૭,૪૯૦ કરોડ રૂપિયા, ઉદ્યોગ, વીજળી અને શ્રમ વિભાગને ૪,૧૧૨ કરોડ રૂપિયા, શહેરી વિકાસને ૨,૭૭૪ કરોડ રૂપિયા, ગ્રામીણ વિકાસ વિભાગને ૨,૦૦૭ કરોડ રૂપિયા અને આદિજાતિ વિકાસ વિભાગને ૧,૮૩૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. (પીટીઆઈ)

### કચરો ભેગો કરવા

જનરેટરો આ ફી ચૂકવવાની રહેશે. સોમવારે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના અધિકારીઓએ પાલિકાના મુખ્યાલયમાં પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને સૂચિત સુધારા સાથેનું પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું, જેમાં એસડબ્યુએમના પેટાનિયમોમાં ફેરફારો અને તેના અમલ અંગે ચર્ચા કરવામાં આવી હતી. જોકે આ બેઠકમાં કોઈ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નહોતો. પાલિકાના ઉચ્ચ અધિકારીના જણાવ્યા મુજબ સંભવિત વિરોધને ધ્યાનમાં રાખીને બાય-લોઝમાં સુધારો કરવા માટે કાયદાકીય અભ્યાસ કરશે.

પાલિકાએ હજી સુધી 'યુઝર ફી' માટેની રકમ નક્કી કરી નથી. પરંતુ ૫૦૦ સ્કેવર ફૂટ સુધીના વિસ્તાર માટે ૧૦૦ રૂપિયા અને તેનાથી મોટી જગ્યા માટે ૫૦૦ રૂપિયાથી લઈને ૧,૦૦૦ રૂપિયા સુધીની ફી વિચારી રહી છે. આ ફી પ્રોપર્ટી ટેક્સના બિલમાં ઉમેરવામાં આવશે અને તેને કારણે શહેરમાંથી નીકળતો કચરો ભેગો કરવાથી લઈને તેના રિસાઈકલિંગ અને નિકાલમાં મદદ થશે એવો દાવો પાલિકાએ કર્યો છે.

## પારસી મરણ

રેઝાશા પીરોજશા ચોથિયા તે ફ્રેનીના ધની. તે મરહૂમો હીરાબાઈ પીરોજશા રૂસ્તમજી ચોથિયા તે શેનાઝના પપ્પા. તે વિસ્તાસપના સસરા. તે દારા તથા મરહૂમો રૂસ્તમજી, હોમી, સાવક, વીલા, દીના, મની ને ગુલના ભાઈ. તે મરહૂમો શીરીનબઈ દારબશા સોરાબજી પારદીવાલાના જમાઈ. (ઉં.વ. ૯૩) રે.ઠે: ૫-૬૦૨ ફિરોઝગર, બેહરામ બાગ, પારસી કોલોની, ઓશિવારા (વે), મુંબઈ-૪૦૦૧૦૨. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૭-૧૨-૨૦૨૪ને દિને બપોરે ૩.૪૦ વાગે ઉપરની હોદીવાલા બંગલીમાં, ડુંગરવાડી પર છેજી.

## મુસ્લિમ મરણ

ફાતેમાબેન ઝોએબભાઈ કરાચીવાલા મુંબઈ કોલાબા રવિવાર, તા. ૧૫-૧૨-૨૦૨૪ ગુજરી ગયા. તેના મરદ ઝોએબભાઈ. દીકરીઓ નિશરીન ટપિયા અને અલીફીયા કરાચીવાલા. જમાઈ અઝીમ ટપિયા, નવાસા ઝાહીદ અને ફહીમ, બાકીરભાઈ બાલ્ડીવાલાના બેન.

## હિન્દુ મરણ

મુંબઈ નિવાસી હાલ કાંદિવલીના સ્વ.રેવાબેન તથા સ્વ.બાબુભાઈ રાણાના પુત્ર સંજય રાણા (ઉં. વ. ૫૯) ૧૩/૧૨/૨૪ના શ્રીજીશરણ પામેલ છે. તે ચેતનાબેનના પતિ. કૃષ્ણા, ચાંદનીના પિતાશ્રી. વત્સલના સસરા. વિજયભાઈ, વિભૂતિબેનના ભાઈ. શીલાબેનના જેઠ. તા.૧૯/૧૨/૨૪ના ગુરુવારે પ્રાર્થનાસભા ૪ થી ૬. ૧૫, કમલ રૂપ, શાંતિલાલમોદી રોડ નંબર ૨, ઈરાનીવાડી, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી લોહાણા**

હાલ વિલેપાર્લા હરીશભાઈ વજાણી (ઉં.વ. ૮૦) તે સ્વ. જયાબેન જયંતીલાલ વજાણીના સુપુત્ર. રવિવાર, તા. ૧૫-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. પુષ્પાબેનના પતિ. અલ્પા હિતેશકુમાર દોશી, રીના કશ્યપ પંડ્યા, નેહા પીયુષ શાહના પિતાશ્રી. સુધીરભાઈ, ગિરિશભાઈ, સ્વ. ભારતીબેન, સ્વ. નીલાબેનના ભાઈ. સ્વ. રમણીકભાઈ, ગિરિશભાઈ ધીયાના બનેવી. શ્યામ, વિરાટ, તેજ, પ્રાચી, બંસી, જુલી, જુહી અને વંશના નાના. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૭-૧૨-૨૪ના ૫થી ૭. રાજપુરીયાબાગ હોલ, પહેલે માળે, એન. પી. ઠક્કર રોડ, વિલેપાર્લા (ઈસ્ટ). લૌકિક વ્યવહાર બંધ છે.

**મોતાળા બ્રાહ્મણ**

બોરીવલી નિવાસી ભવ્યકાંત હરિશંકર અધ્વર્યુ (ઉં.વ. ૮૮) તા. ૧૧-૧૨-૨૪ના બુધવારે દેવલોક પામ્યા છે. જેઓ સ્વ. કિષ્ણાબેનના પતિ. અપૂર્વ, કલ્પેશ, તૃપ્તિના પિતા. અ.સૌ. મેઘા, દિપ્તી તથા દેવાંગભાઈ જોશીનાં સસરા. અમી, કેયુર, ઓમના દાદા તથા અનેરીના નાના. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કંઠી ભાટિયા**

અ.સૌ. અમી મુકુંદ નેગાંધી (ઉં.વ. ૪૯) તે સ્વ. મેના લીલાધર નેગાંધીના પુત્રવધૂ. તે હિદાંત, ત્રિતિકના માતુશ્રી. સ્વ. ભાવના રાજેન્દ્ર દોશીના દીકરી. અ.સૌ. ડિમ્પલ મનોજ, સ્વ. રિષિના મોટા બેન. તે અ.સૌ. દીપિકા પરેશ, અ.સૌ. ઉષા કુમાર, અ.સૌ. દક્ષા કિશોર, અ.સૌ. ફાલ્ગુની હેમંત, અ.સૌ. ધરા હિતેનના દેરાણી. સ્વ. દિવ્યા રાજેશ, અ.સૌ. દેવ્યાની દીપક, અ.સૌ. કલ્પના ભગવાનદાસના ભાભી શુક્રવાર, તા. ૧૩-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

પ્રકાશ ચંદન (ઉં.વ. ૭૪) સ્વ. પ્રેમાબેન દેવજી જાદવજી ચંદન ગામ માતાજીના નેત્રાના સુપુત્ર હાલે મુંબઈ માટુંગા તે સ્વ. મંગલદાસ, સ્વ. રવજીભાઈ, સ્વ. દયાળજીભાઈ, સ્વ. અર્જુન, સ્વ. નર્મદાબેન લક્ષ્મીદાસ કારિયા, સ્વ. પુષ્પાબેન કિશોરભાઈ કોટક, જયવંતીબેન કિશોરભાઈ પોપટ, દિનાબેન મોહનલાલ ઠક્કરના ભાઈ. સ્વ. નર્મદાબેન સ્વ. રતનબેન, સ્વ. વિમલાબેનના દિયર. ગં.સ્વ. જયશ્રીબેન અર્જુનના જેઠ. જગદિશ, મહેશ, નરેશ, ચેતન, વીરબાળાબેન, જ્યોતિ, દિવ્યા, સ્વ. ચેતના, કવિતાના કાકા તા. ૧૫-૧૨-૨૪, રવિવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર સંદતર બંધ છે.

**હાલાઈ ભાટિયા**

ગં.સ્વ. મધુરીબેન આશર (પતંગિયા) (ઉં.વ. ૮૨) તે સ્વ. વિજયસિંહ છગનલાલ આશરના ધર્મપત્ની હાલ ગોરેગામ રવિવાર, તા. ૧૫-૧૨-૨૪નાં શ્રીજીચરણ પામેલ છે, તે નીતિન-રીમ્પલ વિકાસ ભાટિયા તથા સીંપલનાં માતુશ્રી. સ્વ. રતનબેન લાલજી આશરના સુપુત્રી. સ્વ. લક્ષ્મીદાસ, સ્વ. મેનુ-સ્વ. જયશ્રી- સ્વ. શાંતિના બહેન. સ્વ. રણજીત-ચંદ્રીકા શાંતિકુમાર સંપટ-ચંદ્રકાંત તથા નવીનનાં ભાભી. ઉર્મિલાના જેઠાણી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સ્થળ: ૨૦૩-એ, વસુંધરા કો.ઓ.હો.સો.લી., શાસ્ત્રીનગર, ગોરેગામ (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

ગામ ગુઈયર (કરાચીવાળા) હાલ-નાશિક શરદચંદ્ર કેસરિયા (ઉં.વ. ૮૧) રવિવાર, તા. ૧૫-૧૨-૨૪ના રામશરણ પામ્યા છે. તે સ્વ. નિર્મળાબેનના પતિ. તે સ્વ. રૂક્ષમણીબેન જેઠાનન્દના સુપુત્ર. તે ચંદ્રકાંત, જયપ્રકાશ તથા અંજુબેન ધીરેનભાઈ પારેખના મોટાભાઈ. તે આસ્થા હર્ષિન તથા મોનિકા જયેશ ચંદનના પિતાશ્રી તથા તે કચ્છ કોટડા (રોહા)ના ગંગાબેન હિરજી ગટટાના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી તથા લૌકિક વ્યવહાર સંદતર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગં.સ્વ. વત્સલાબેન વનરાજ શેઠીયા (ઉં. વ. ૮૯) ગામ અંજાર હાલે ઘાટકોપર તે રવિવાર તા.૧૫-૧૨-૨૪ના શ્રીરામશરણ પામેલ છે. તે ગં.સ્વ.આણંદીબેન જમનાદાસ ચત્રભુજ શેઠીયાના પુત્રવધૂ. સ્વ.દેવમણિબેન જેરામ પ્રેમજી કોટકના પુત્રી. અજય અને કેતનના માતુશ્રી. સરલા અને જસ્મીનના સાસુ. સ્વ.વલ્લભદાસભાઈ, સ્વ.માધવજીભાઈ, સ્વ.ચંદ્રકાન્તભાઈ, વિક્રમભાઈ, લલીતભાઈ, સ્વ.મોંઘીબેન, સ્વ.મનુબેન, સ્વ. નર્મદાબેન, સ્વ. હેમલતાબેન, સ્વ.પદ્માબેન, ઉષાબેન, ગં.સ્વ. મનોરમાબેનના બેન. કિશોરભાઈ, સ્વ.નિરંજનાબેન ધરમસિંહભાઈ પોપટ, સ્વ.રમેશભાઈ, સ્વ. હેમલતાબેન, સ્વ.ચારુબેન, રેણુકાબેન, આશાબેનના ભાભી, પ્રાર્થનાસભા ત્થા લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**કપોળ**

રાજુલાવાળા હાલ કાંદિવલી જયંત શામળદાસ સંઘવી (ઉં. વ. ૮૧) તે સ્વ.શાંતાબેન શા સંઘવીના પુત્ર. સ્વ.કિસનભાઈ, મહેન્દ્રભાઈ, સ્વ.જશુબેન, સ્વ.ભારતીબેનના ભાઈ. લાઠીવાળા સ્વ.ત્રિભોવનદાસ, વલ્લભદાસ વળીયાના ભાણેજ ૧૪/૧૨/૨૪ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

ચૌટા નિવાસી હાલ કાંદિવલી ભરતભાઈ સેલારકા (ઉં. વ. ૭૫) તે સ્વ.પુષ્પાબેન મણિલાલ સેલારકાના પુત્ર. પન્નાબેનના પતિ. વિનોદભાઈ, અનિલભાઈ, દિનકરભાઇ, વર્ષા પ્રવીણભાઈ ઘોડકીયા, સરલાબેન હેમંતકુમાર તલાટીના ભાઈ. મેહુલ તથા પરાગના પિતા. સ્વ.ચીમનભાઈ ન્યાલચંદ પારેખના જમાઈ. ૧૫/૧૨/૨૪ના શ્રીજી શરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છ વાગડ લોહાણા**

ગામ આધોઈ હાલ ઘાટકોપર ભગવાન રૈયા (ઉં.વ. ૮૦) તે સ્વ. લખમશી મોરારજી રૈયાના મોટાપુત્ર. અમૃતબેનના પતિ. સ્વ. દેવકરણ અરજણ પોપટના જમાઈ. ડૉ. પ્રીતિ અમીન શાહ, બિન્દુ જકીન ઠક્કર, ફાલ્ગુની ધીરેન રૂપારેલના પિતા. સ્વ. સવિતાબેન, પ્રેમીલાબેન, પુષ્પાબેન, દક્ષાબેન, ઈલાબેન, જગદીશભાઈ, ચંદ્રકાંતભાઈ, દીપકભાઈના ભાઈ. ગીરીશભાઈ, સ્વ. દિનેશભાઈ, બિપિનભાઈ, હીનાબેનના બનેવી રવિવાર, તા. ૧૫-૧૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૭-૧૨-૨૪ લાયન્સ

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

નિસરાણી પરિવાર જીથરી નિવાસી હાલ મુલુંડ નાનચંદ રાયચંદ શાહના સુપુત્ર કાંતિભાઈ (ઉં.વ. ૮૯) તા. ૧૬-૧૨-૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે હસુમતિબેનના પતિ. રેખા નિલેશકુમાર શાહ, જયેશ, રાજેશ તથા નીશા મનીષકુમાર શાહના પિતાશ્રી. પ્રીતિબેન, નેહાબેનના સસરા. તે સ્વ. નગીનભાઈ, સ્વ. શાંતિભાઈ, સ્વ. વજુભાઈ, રસિકભાઈ, રતિભાઈ, ચંદુભાઈ, પ્રતાપભાઈ, બિપિનભાઈ, પ્રવીણભાઈ તથા લાખાણી ઈન્દુબેન ત્રંબકલાલના ભાઈ. તે સાસરા પક્ષે ભુતિયાવાળા જયંતિલાલ પ્રભુદાસ શાહના બનેવી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છ વાગડ સાત ચોવીસી જૈન**

ગામ ચોબારી હાલ મલાડના સ્વ. દિવાળીબેન જેવતલાલ કુબડિયાના પુત્ર મણિલાલ (ઉં.વ. ૮૫) તા. ૧૬-૧૨-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. પ્રેમિલાબેનના પતિ. સ્વ. પ્રભુલાલ તથા હીરાલાલના ભાઈ. આશા-કિશોરકુમાર, ઉર્મિલા-ધર્મેન્દ્રકુમાર, શ્વેતા-શૈલેષકુમાર, મહેન્દ્ર-કલ્પના, અમિત-વર્ષાના પિતા. સ્વ. દિવાળીબેન સુંદરજી દોશીના જમાઈ. ભાવયાત્રા બુધવાર, તા. ૧૮-૧૨-૨૪ના ૧૦થી ૧૨. સ્થળ: શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ.વી. રોડ, કાંદિવલી (વે).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઉમરાળા (ગોલરામા ) નિવાસી સંઘવી શાંતાબેન પરમાણંદદાસ ઓધવજીભાઇનાં સુપુત્ર ભાઇ સુરેશનાં ધર્મપત્ની અ.સૌ.મિનાક્ષી (ઉં. વ. ૬૭ ) તા.૧૨/૧૨/૨૦૨૪ ગુરૂવારે ધરમપુર (વલસાડ) મુકામે અરિહંતશરણ પામેલ છે તે સંઘવી નિલેષ તથા ચૈતાલી જતીનકુમાર શાહનાં માતુશ્રી. સંઘવી પ્રવિણભાઈનાં નાના ભાઇનાં પત્ની.અશ્વિનભાઇ, હસુમત્તીબેન ગુણવંતરાય સલોત,દમયંતીબેન પ્રતાપરાય શાહ ભાવનગરનાં ભાભી. પિયરપક્ષે જેસરનિવાસી સંઘવી અમૃતલાલ મુળચંદભાઇનાં દિકરી, લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન.**

ભાવનગર નિવાસી હાલ મુંબઈ સેન્ટ્રલ, (નવજીવન સોસાયટી) રસીલાબેન - સ્વ જીતેન્દ્રભાઈ દામોદરદાસ શાહનાં સુપુત્ર ભાવિન શાહ (ઉં. વ. ૪૯), તે રૂપલબેનના પતિ. રીવાના પિતા. અ.સૌ દીપા - હેમંતકુમાર પારેખનાં ભાઈ. સસરાપક્ષે રાધનપુર નિવાસી હાલ સુરત પ્રભાબેન નરોત્તમદાસ રતિલાલ શેઠના જમાઈ તા.૧૪/૧૨/૨૦૨૪ શનિવારનાં અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

પત્રીના ઝવેરબાઇ (મણીબાઇ) ગાંગજી ગડા (ઉં. વ. ૯૪) તા. ૧૪-૧૨ના અવસાન પામેલ છે. ખીમઇબાઇ ભોજા લાધાના પુત્રવધૂ. સ્વ. ગાંગજીના પત્ની. સ્વ. રંજન, સુરેખા, કલાવંતી, ભરત, કીર્તી, રાજેશના માતુશ્રી. ગુંદાલાના દેવકાંબાઇ મોણશી દેસુના સુપુત્રી. જયંતીલાલ ધનજી ગગુ, સમાઘોઘાના કંકુબાઇ મગનલાલ, છસરાના જયાબેન ખીમજીના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. રાજેશ ગાંગજી, ૧૩/૧૦૪, ધીરજ કાવેરી, ચીંચોલી બંદર રોડ, મલાડ (વે.), મું. ૪૦૦૦૬૪.

નવીનાળના મુલચંદ ભવાનજી વોરા (ઉં. વ. ૬૯) તા.૧૩-૧૨-૨૪ના અવસાન પામેલ છે. કેસરબેન ભવાનજી મેઘજીના પુત્ર. સરોજના પતિ. નિમેષ, જીનલના પિતા. સ્વ. ભાનુ, સ્વ. ભોગીલાલ, હેમા, જયવંતીના ભાઇ. લાયજા દેવકાંબેન પદમશી નેણશીના જમાઇ. પ્રા. : શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા.સં.સં કરસન લઘુ નિસર હોલ, દાદર (વે). ટા. : ૨ થી ૩.૩૦. (ચક્ષુદાન કરેલ છે.) નિ. : મુલચંદ વોરા, બી-૩૬, ઓલ્ડ ગાંજાવાલા બિલ્ડીંગ, બેલાસિસ રોડ, તારદેવ-૩૪.

વડાલાના રાઘવજી ગાલા (ઉં. વ. ૭૮) ૧૪/૧૨/૨૪ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ભવાનજીના પુત્ર. સ્વ. રસીલા (લીલાવંતી)ના પતિ. વર્ષા-મનીષા, પ્રતીક્ષા, કીરણ સ્વ. નીતીનના પિતા. વડાલા રમેશ-રીટા કપાયા સ્વ. શાંતાબેન લક્ષ્મીચંદ, કાંડાગરા નિર્મળાબેન મહેન્દ્રના ભાઇ. રતનબેન જેસંગના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. રાઘવજી ગાલા, ગાર્ડન વ્યુ, બી-૬, તુલીંજ રોડ, નાલાસોપારા (ઇ) ૪૦૧૨૦૯.

કોડાયના શ્રી મધુસુદનભાઈ ગડા (ઉં. વ. ૭૨) તા. ૧૫-૧૨-૨૪ ના અવસાન પામેલ છે. મોંઘીબેન ડુંગરશીના પુત્ર. શિલ્પા (સરસ્વતી)ના પતિ. ધર્મેશ (ભાવીન), જીતેશના પિતા. રમેશ, કમળાના ભાઇ. નાની તુંબડી સોનબાઈ /જેવુબાઈ કેશવજી આસધીરના જમાઇ. પ્રા. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં. ક.ઝ. રોડ, બોરીવલી (વે), મું. ૯૨. ટા. ૩ થી ૪.૩૦.

કોમ્યુનિટી હોલ (૪થી ૬ વાગે) ગારોડિયાનગર, ઘાટકોપર (ઈ). મુંબઈ. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

મુળવતન બગસરા હાલ દુબઈ બ્રિજેશભાઈ મહેન્દ્રભાઈ વખારીયા તથા માધવીબેન વખારીયાના સુપુત્ર અક્ષય વખારીયા (ઉં. વ. ૨૦) તા. ૭-૧૨-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મહેન્દ્રભાઈ કાંતિલાલ વખારીયા તથા રેણુકાબેન વખારીયાના પૌત્ર. સ્વ.ગીરીશભાઈ વૃજલાલ મલકાણ તથા ગીતાબેન ગીરીશભાઈ મલકાણના દોહીત્ર. અ.સૌ. હર્ષા (ડીંપલ) સંજયભાઈ માલવિયાના ભત્રીજા તથા અ.સૌ.સોનાલી જીગ્નેશભાઈ વખારિયાના ભાણેજ. તનીષા વખારીયાના ભાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કપોળ**

તળાજાવાળા હાલ વિલે પાર્લે સ્વ લીલાવતીબેન જમનાદાસ ભગવાનદાસ મથુરીયાના સુપુત્ર ઇન્દ્રવદનભાઈ (ઉં. વ. ૮૮) તા. ૧૫-૧૨-૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.ઉષાબેનના પતિ. કમલેશભાઈ, અ.સૌ.વર્ષાબેન, જાગૃતિ, પારુલ, જયશ્રી, સંગીતા, કાજલના પિતા. અ.સૌ જાગૃતિ, મુકેશ મહેતા, ડૉ.કિશોર શેઠ, કેતન દોશી, જીજ્ઞેશ સંઘવી, વિશાલ પારેખના સસરા. દામનગરવાળા સ્વ.જમનાદાસ પરમાણંદ દાસ હાકાણીના જમાઈ. પ્રાર્થનાસભા તા.૧૯-૧૨-૨૦૨૪ને ગુરુવાર ૪:૦૦ ૬:૦૦. જલારામ હૉલ, વિલે પાર્લે વેસ્ટ.

**ઔદીચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ**

મોરબીનાં સ્વ. સરસ્વતીબેન ગૌરીશંકર જોષીના પુત્ર કિરણભાઈ (ઉં. વ. ૬૮) ૧૫મીએ કૈલાસવાસી થયા છે. તે ગીતાબેનના પતિ. સ્વ.ચંદ્રીકાબેન શિવકુમાર આચાર્ય (હળવદ)ના જમાઈ. કિશોર, વિપુલ, કેવનના પિતા. રાજુભાઈ જોષી, સ્વ.રાજુભાઈ, પરેશભાઈ, દિનેશભાઈ, સ્વ.રક્ષાબેન પટેલના ભાઈ-સાળા. પ્રાર્થનાસભા મંગળવાર ૧૭મીએ ૪થી ૬. ઠે.: ઉષાકુંજ, સહકાર રોડ, જોગેશ્વરી (પશ્ચિમ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

તન-મન-ધનથી રહો **તરોતાજા**




# નિવૃત્ત વ્યક્તિનાં મન કેવા કેવા કરે છે ખેલ...

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

નિવૃત્ત થયા પછી રમેશભાઈ શાહ નિયમિતપણે મિત્રો, સંબંધીઓ અને પાડોશીઓને મદદરૂપ થઈ રહ્યા છે. લોકોએ શોપિંગ પર જવું હોય, ડૉક્ટર પાસે જવું હોય કે બીજું કંઈ કામ હોય ત્યારે બધાને એ પોતાની કારમાં ડ્રોપ કરી દે. આટલું જ નહીં, વૃદ્ધોની મુલાકાત લેવી અને મિત્રોને કંપની આપવી વગેરે કામ પણ એ સ્વેચ્છાએ કરી લે છે. અઠવાડિયામાં બે વખત શાક માર્કેટમાં જવું અને બીજા બે દિવસ ફ્રૂટ માર્કેટમાં જઈને પરિવારને કે અન્યોને મદદરૂપ થવાનું પણ એ હસતાં-હસતાં કરે છે. આ જ કારણે લોકોમાં રમેશભાઈ પ્રિય થઈ પડ્યા છે. લોકો એમનાં વખાણ કરતાં થાકતા નથી. સ્વાભાવિક છે, પ્રશંસા થવાથી એમને પણ ઘણું સારું લાગે છે.

અન્યોને મદદરૂપ થવાનો સ્વભાવ સુધીરભાઈ ભટ્ટનો પણ છે. એ બિઝનેસમેન છે, પરંતુ હવે બિઝનેસ પર ધ્યાન આપવાનું ધીમેધીમે ઓછું કરી રહ્યા છે, કારણ કે એમના બન્ને પુત્રએ બિઝનેસ સરસ રીતે સંભાળી લીધો છે. સુધીરભાઈ સવારના ભાગમાં સ્વિમિંગ કરવા ક્લબમાં જાય છે પછી થોડો સમય ઘરે રહે છે. બપોરે જમી લીધા બાદ અડધો દિવસ ઑફિસે જાય છે. દર ત્રણથી ચાર મહિને એ બહાર ફરવા જાય છે. વૅકેશન પર જાય ત્યારે કુટુંબના કોઈ સભ્યને કે મિત્રને સાથે લઈને જાય છે. એમનો ખર્ચ પણ પોતે જ ઉપાડે છે.

આવા જ આપણા શરદભાઈ પણ છે. કોઈ પણ સારું ગુજરાતી નાટક આવે કે ફિલ્મ આવે ત્યારે થોડા ઘણા લોકોને પોતાની સાથે લઈ જાય છે અને એ લોકોની ટિકિટ પણ પોતે જ કઢાવે છે.

આ ત્રણેનાં ઉદાહરણ પરથી જોઈ શકાય છે કે લોકોની સાથે રહેવું અને સહાયરૂપ થવાનું એમને ગમે છે. પોતાની પ્રશંસા થાય અને કદર થાય એ પણ ઘણું ગમે છે. સ્વાભાવિક છે કે કોઈને પણ પોતાનાં વખાણ ગમે...

જો પ્રશંસા ન મળે તો શું? ફક્ત પ્રશંસા માટે કોઈ આવે ને પ્રશંસાના બે શબ્દો સાંભળવા મળે નહીં તો માઠું લાગે એ આપણી આજની ચર્ચાનો વિષય છે.

આમ જુવો તો પ્રથમ નજરે આ ભાવના ધ્યાનમાં આવતી નથી, કારણ કે એ મનના ખૂણે રહેલી હોય છે. ધારો કે તમે કોઈકના માટે ફાફડા-જલેબી લઈ આવ્યા હો અને એ વ્યક્તિ તમને કોઈ પ્રતિભાવ આપે નહીં તો તમને કેવું લાગે?

હવે બીજું ઉદાહરણ જોઈએ. જો તમે કોઈ વ્યક્તિને પોતાની કારમાં ડૉક્ટર પાસે લઈ ગયા હો અને પછી બીજી વખત એને સારું લાગવાથી એ માણસ જાતે જ ડૉક્ટર પાસે જઈ આવે અને તમને જાણ પણ ન કરે ત્યારે તમને કેવું લાગે?

આમ તો આવા પ્રશ્નોના કોઈ નિશ્ચિત જવાબ હોઈ શકે નહીં. તમને જ ખબર પડે કે તમારા મનમાં શું ચાલી રહ્યું છે. મનનો ખેલ એવો જટિલ છે કે સત્ય તરત બહાર આવતું નથી. મનુષ્ય પોતાના અમુક વર્તનની પાછળના વિચારો અને લાગણીઓમાં ઊંડા ઊતરવાનું ટાળતો હોય છે. જોકે, સચ્ચાઈ એ હોય છે કે લોકો તમારાં વખાણ કરે એ તમને ગમતું હોય છે અને તેથી તમે તેની અપેક્ષા રાખો છો. સારું કામ કરવાથી તમારાં વખાણ થાય એ વાત જુદી છે અને વખાણ થાય એ માટે સારું કામ કરવું એ વાત પણ જુદી છે.

બીજા શબ્દોમાં કહીએ તો માણસ નિવૃત્તિ વયની અસલામતીને દૂર કરીને સલામતી અનુભવવા માટે આવું કંઈક કરતો હોય છે. આટલી સચ્ચાઈ પચાવવાનું પણ નિવૃત્ત વ્યક્તિ માટે અઘરું હોય છે, પરંતુ આપણે આ વિશે નિખાલસ વાત કરી લેવી જરૂરી છે.

આવા સંજોગોમાં જો નિવૃત્ત વ્યક્તિ પણ અપેક્ષાઓ છોડી શકે નહીં તો મગજ એને ચકરાવે ચડાવી દે એવું શક્ય છે. આથી આ બાબતે સાવચેત જરૂર રહેવું જોઈએ. ■

---

વીમા સુરક્ષાકવચ



નિશા સંઘવી
feedback@bombaysamachar.com

### પ્રવાસ વીમો જરૂર ઉતરાવો

# આજના સમયમાં એ ઘણો જ ઉપયોગી નીવડે છે

રજાના દિવસો નજીક આવી ગયા છે. અનેક લોકો પોતાના ઇચ્છિત પ્રવાસે ઊપડી જવા રોમાંચિત છે. કોઈ નવી જગ્યાઓ જોવા જશે, કોઈ આરામ કરવા જશે, કોઈ સગાં-સંબંધીના ઘરે જશે તો કોઈ વિદેશપ્રવાસ પણ ખેડશે...

પ્રવાસ-પર્યટન ખરેખર આનંદ આપે. જોકે, ક્યારેક અણધાર્યાં જોખમો આવી ચડે છે તો જે પ્રવાસીને નુકસાન પણ પહોંચાડે. આવા સમયે ટ્રાવેલ ઇન્સ્યોરન્સ એટલે કે પ્રવાસને લગતો વીમો ઘણી બધી ચિંતાને દૂર કરી શકે.

પ્રવાસ વીમો આર્થિક નુકસાન સામે રક્ષણ આપીને આપણને માનસિક શાંતિ પણ પૂરી પાડે છે. તમે દેશમાં ફરવા જવાના હો કે વિદેશમાં જવાના હો, પ્રવાસ વીમો દરેક પ્રકારની જરૂરિયાત પૂરી કરનારો હોય છે. એની લાક્ષણિકતાઓ સમજી લીધી હોય તો તમે પ્રવાસને આસાન બનાવી શકો છો.

આજે આપણે પ્રવાસ વીમાના પ્રકાર, એમાં મળતા વિવિધ પ્રકારના પ્લાન, એનું કવરેજ તથા અન્ય મહત્ત્વપૂર્ણ માહિતીની વાત કરીએ...

ભૌગોલિક સ્થળોના આધારે મળતા પ્રવાસ વીમાના પ્લાનઃ

પર્યટક અથવા યાત્રી કયા સ્થળે જાય છે એના આધારે વીમો મળે છે.

૧) ઓવરસીઝ વર્લ્ડવાઈડઃ આ પ્રકારના પ્લાનમાં સિરિયા જેવા કાળી યાદીમાં મુકાયેલા કેટલાક દેશોને બાદ કરતાં તમામ દેશમાં લાગુ પડતો વીમો મળે છે.આવા પ્રવાસ માટે આ ઘણો જ વ્યાપક પ્રકારનો પ્લાન હોય છે.

૨) ઓવરસીઝ (અમેરિકા/કેનેડાને બાદ કરતાં)

અમેરિકા, કેનેડા તથા કાળી યાદી-બ્લેક લિસ્ટેડ દેશોને બાદ કરતાં સમગ્ર વિશ્વને આ વીમા પૉલિસી હેઠળ આવરી લેવાય છે. એમાં ઉત્તર અમેરિકા બાકાત છે.

૩) શેંગન દેશોઃ ઑસ્ટ્રિયા, જર્મની, ફ્રાંસ વગેરે શેંગન દેશોમાં જનારા પ્રવાસીઓ માટેનો આ ખાસ પ્લાન છે. એમાં નિશ્ચિત દેશો આવરી લેવામાં આવે છે. આમાં વર્લ્ડવાઇડ પ્લાનની તુલનાએ ઓછા વિકલ્પ હોય છે.

૪) એશિયાઃ આ પ્લાનમાં યુએઈ, થાઈલૅન્ડ, ઇન્ડોનેશિયા અને મલયેશિયા જેવા એશિયન દેશોને આવરી લેવામાં આવે છે. એમાં વર્લ્ડવાઈડ પ્લાનની તુલનાએ ઓછું કવરેજ હોય છે, જેમાં લગભગ સામાન્ય વિકલ્પો જ આપવામાં આવે છે.

પ્રવાસ વીમાના અલગ અલગ પ્રકારના પ્લાન

જે રીતે પ્રવાસીઓ અલગ અલગ પ્રકારના હોય છે એ જ રીતે એમની વિવિધ જરૂરિયાતોને પૂરી કરનારા પ્લાનના પ્રકાર પણ અલગ અલગ હોય છે. એમાંના કેટલાક પ્લાનના પ્રકાર આ પ્રમાણે છેઃ

૧) જનરલ પ્લાનઃ આમાં તબીબી સારવારના ખર્ચ, વ્યક્તિગત સામાનનું નુકસાન તથા પ્રવાસમાં આવેલા વિક્ષેપને લીધે થતું નુકસાન, એ બધું આવરી લેવાય છે.

૨) વિદ્યાર્થીઓ માટેઃ આજકાલ અસંખ્ય વિદ્યાર્થીઓ વિદેશ ભણવા જાય છે. એમના માટે ખાસ આ પ્લાન હોય છે. એમાં મૂળભૂત સુરક્ષાની સાથે સાથે બાળકોની માવજત, પ્રસૂતિનો ખર્ચ, માનસિક આરોગ્યને લગતી બાબતો, અભ્યાસમાં આવતા વિક્ષેપ, સ્પોન્સરને લગતી સમસ્યાઓ સામે રક્ષણ અને કોઈ કારણસર જામીન પર છૂટવું પડે તો એના માટેના બોન્ડનો ખર્ચ પણ આવરી લેવામાં આવે છે.

૩) કૉર્પોરેટ પ્લાનઃ ખાસ કરીને બિઝનેસ માટે પ્રવાસ કરનારા લોકોની જરૂરિયાતો આ પ્લાનમાં આવરી લેવાય છે, જેમાં મહત્ત્વના દસ્તાવેજો ગુમ થઈ જવા, ચોરી થવી, બિઝનેસને લગતાં કેટલાંક અન્ય જોખમો અને વિદેશમાં થતો પ્રવાસીની અંતિમક્રિયાનો ખર્ચ વગેરે બાબતમાં આર્થિક સુરક્ષા આપવામાં આવે છે.

૪) વરિષ્ઠ નાગરિકો માટેઃ ૭૦ વર્ષની ઉપરના પ્રવાસીઓ માટે આ સાવ જ બેઝિક સુરક્ષા આપનારો પ્લાન હોય છે. તેમાં મહત્તમ ૫૦,૦૦૦ અમેરિકન ડૉલર સુધીનો વીમો આપવામાં આવે છે. અમુક પૉલિસીમાં તબીબી સારવારનો ખર્ચ આવરી લેવાયો હોય છે, જ્યારે અમુકમાં હોતો નથી.

પ્રવાસ વીમાના પ્લાન હેઠળની વિવિધ શ્રેણીઓ

પ્રવાસના પ્રકાર અને એની ફ્રિકવન્સીના આધારે મળતા પ્લાનઃ

૧) સિંગલ ટ્રિપ પ્લાનઃ ભારતમાંથી પ્રવાસ શરૂ થાય અને અહીં પાછો પૂરો થાય ત્યાં સુધીના એક જ પ્રવાસને આ પ્લાન હેઠળ આવરી લેવામાં આવે છે.

નોંધનીય છે કે એક જ પ્રવાસ દરમિયાન પ્રવાસી એક કરતાં વધારે દેશોમાં જઈ શકે છે. ભારતમાં પાછા ફર્યા બાદ કોઈ ઘટના બને તો એને આ વીમા હેઠળ આવરી લેવાતી નથી.

૨) ફૅમિલી ટ્રિપ : એક જ પ્રવાસના પ્લાનનું આ એક બીજું સ્વરૂપ છે, જેમાં એક સાથે વધારે વ્યક્તિઓ જાય તો ડિસ્કાઉન્ટ મળતું હોય છે.

૩) એન્યુઅલ મલ્ટિ ટ્રિપ : વર્ષ દરમિયાન અનેક વાર પ્રવાસે જનારા લોકો માટે આ પ્લાન છે, જેના હેઠળ વર્ષ દરમિયાન મન ફાવે એટલા પ્રવાસ માટેનો વીમો મળે છે. દરેક પ્રવાસના દિવસોની સંખ્યા અલગ અલગ પૉલિસીમાં અલગ અલગ હોય છે. દાખલા તરીકે, અમુકમાં ૩૦ દિવસ, અમુકમાં ૪૫ દિવસ તો અમુકમાં ૬૦ દિવસનો પ્રવાસ આવરી લેવાયેલો હોય છે.

પ્રવાસ વીમા હેઠળ કઈ કઈ બાબતો આવરી લેવાય છે?

૧) આકસ્મિક મૃત્યુ અને અંગવિચ્છેદ

પ્રવાસીનું આકસ્મિક મૃત્યુ થવાની સ્થિતિમાં અથવા શરીરનું કોઈ પણ અંગ છૂટું પડી જાય એવી સ્થિતિમાં નિર્ધારિત ટકાવારી પ્રમાણે વીમાની રકમ આપવામાં આવે છે.

૨) તબીબી સારવારનો ખર્ચ (અકસ્માત અને બીમારી)

પ્રવાસ દરમિયાન કોઈ બીમારી થાય કે અકસ્માતને કારણે ઈજા થાય એવી સ્થિતિમાં નિર્ધારિત પ્રમાણમાં તબીબી સારવારનો ખર્ચ ભરપાઈ કરી આપવામાં આવે છે. પૉલિસીમાં નક્કી થયા પ્રમાણે અમુક રકમ કાપીને વીમાની રકમ ચૂકવવામાં આવે છે.

૩) ચેક ઈન કરાવાયેલો સામાન પહોંચવામાં થતો વિલંબ

પ્રવાસીનો સામાન ચેક ઈન થયા બાદ પહોંચવામાં અમુક નિર્ધારિત સમયમર્યાદા કરતાં વધારે સમય નીકળી જાય એવી વિલંબની સ્થિતિમાં નુકસાન ભરપાઈ કરી આપવામાં આવે છે.

૪) ચેક ઈન સામાન ગુમ થઈ જાય તો...

ચેક ઈન થયેલો સામાન ઍરલાઇન્સની દેખરેખ હેઠળ હોય એ સમયગાળામાં જ આખેઆખો ગુમ થઈ જાય એવી સ્થિતિમાં નુકસાન ભરપાઈ કરી આપવામાં આવે છે.

૫) પાસપોર્ટ ગુમ થઈ જાય

પાસપોર્ટ ગુમ થઈ જવાની સ્થિતિમાં નવો કે ડુપ્લિકેટ પાસપોર્ટ બનાવવા માટે થનાર ખર્ચ આ પૉલિસી હેઠળ ભરપાઈ કરી આપવામાં આવે છે.

૬) અંગત જવાબદારી

પ્રવાસ દરમિયાન પ્રવાસી વિરુદ્ધ માલમિલકતને નુકસાન અથવા તબીબી સારવારના ખર્ચને લગતો કાનૂની દાવો થાય એવી સ્થિતિમાં વીમા કંપની આર્થિક સુરક્ષા પૂરી પાડે છે.

૭) ઉડ્ડયનમાં વિલંબ અથવા ઉડ્ડયન રદ થાય તો...

પ્રતિકૂળ હવામાન, હડતાલ કે વિમાનની ખામીને કારણે ઉડ્ડયન ૧૨ કલાક કરતાં વધુ સમય માટે મોડું થાય તો પ્રવાસીને થનારા વધારાના ખર્ચની ભરપાઈ વીમા કંપની આ પ્લાન હેઠળ કરી આપે છે.

૮) વિમાન હાઇજેક થાય તો...

પ્રવાસ દરમિયાન વિમાનનું હાઈજેકિંગ થાય તો એની નુકસાનની ભરપાઈ આ પ્લાન હેઠળ કરી આપવામાં આવે છે.

૯) તાકીદની રોકડ સુવિધા

તાકીદની સ્થિતિમાં રોકડની ચુકવણી કરવાની જરૂર પડે એ સ્થિતિ માટેનો આ પ્લાન હોય છે. બૅન્કો, રાજદૂતાવાસ અથવા 'વેસ્ટર્ન યુનિયન કંપની' જેવા વિશ્વસનીય નેટવર્ક મારફતે આ ચુકવણી થાય છે.

૧૦) પ્રવાસ રદ થવો અથવા અધૂરો રહી જવો. મૃત્યુ, બીમારી કે કુદરતી આફતો જેવી અણધારી સ્થિતિમાં પ્રવાસ રદ કરવો પડે અથવા અધૂરો રહી જાય એ સંજોગોમાં થતું નુકસાન ભરપાઈ કરી આપવામાં આવે છે.

૧૧) વળતા પ્રવાસમાં કનેક્ટિંગ વિમાન ચૂકી જવાય કે વિમાન ઉપાડવામાં મોડું થાય એ સ્થિતિમાં થતું નુકસાન ભરપાઈ કરી આપવામાં આવે છે.

પ્રવાસ વીમાના પ્લાન હેઠળ અતિરિક્ત લાભ

ઘણા પ્રવાસ વીમાના પ્લાન હેઠળ અતિરિક્ત લાભ પણ આપવામાં આવે છે,જેમ કે....

૧) પેમેન્ટ કાર્ડના ફ્રોડથી લાગતા ચાર્જીસ

૨) હોટેલ કે ઍરલાઇન્સનું બુકિંગ બાઉન્સ થવાની સ્થિતિમાં મળતું કવરેજ

૩) પ્રવાસ દરમિયાન પ્રવાસીના ઘરે થનારી ચોરી સામેનું રક્ષણ

૪) ભારતમાં લાગુ થતું પર્સનલ ઍક્સિડન્ટ કવરેજ

૫) પાછા ફરવામાં વિલંબ થવો કે વહેલા પાછા આવી જવું પડે એવી સ્થિતિમાં વિમાનભાડાંમાં આવનારા તફાવત સામેનું રક્ષણ

પાત્રતા અને કવરેજની મર્યાદા

૧) ઉંમરઃ સર્વસાધારણ પ્લાનમાં છ મહિનાથી લઈને ૭૦ વર્ષની ઉંમર સુધીની વ્યક્તિઓને આવરી લેવાય છે. વરિષ્ઠ નાગરિકો માટેના પ્લાનમાં ૭૧થી ૮૫ વર્ષની ઉંમરના લોકો સામેલ હોય છે.

૨) પૉલિસીનો સમયગાળોઃ પ્લાનનો સમયગાળો ચારથી ૧૮૦ દિવસ સુધીનો હોય છે. અમુક નિશ્ચિત સ્થિતિમાં આ સમયગાળો લંબાવવાનું શક્ય હોય છે.

૩) વીમાની રકમઃ વીમા હેઠળ ૨૫,૦૦૦થી ૧,૦૦,૦૦૦ અમેરિકન ડૉલર સુધીનું કવરેજ મળે છે. રૂમ રેન્ટ કે સર્જરી જેવા નિશ્ચિત ખર્ચમાં પેટા મર્યાદા પણ હોઈ શકે છે.

વાત કપાતની...

પ્રવાસ વીમા પૉલિસી હેઠળ અમુક રકમ ડિડક્ટિબલ એટલે કે કાપીને મળતી હોય છે, જેમકે...

૧) તબીબી સારવારનો ખર્ચ અને બચાવ કામગીરીઃ ૧૦૦ ડૉલર

૨) દાંતમાં દુખાવો થવાની તાકીદની સ્થિતિમાં રાહત મેળવવા માટેની સારવારઃ ૧૦૦ ડૉલર

૩) ચેક ઈન કરાયેલો સામાન પહોંચવામાં થતો વિલંબઃ ૧૨ કલાક

૪) પાસપોર્ટ ગુમ થવોઃ ૨૫ ડૉલર

૫) અંગત જવાબદારીઃ ૧૦૦ ડૉલર

૬) કનેક્ટિંગ ઉડ્ડયન ચૂકી જવાની સ્થિતિઃ ૧૨ કલાકનો વિલંબ

પૉલિસીની મુદતમાં વૃદ્ધિ

અમુક સંજોગોમાં પ્રવાસ લંબાવવો પડતો હોય છે. એવા વખતે વિમાનની ટિકિટની તારીખ પણ લંબાવવી પડે છે અને પ્રવાસ વીમાના પ્લાનની મુદત પણ લંબાવવી પડે છે. આ સ્થિતિમાં પૉલિસી પૂરી થવાના ઓછામાં ઓછા સાત દિવસ પહેલાં ગુડ હેલ્થ ડિક્લેરેશન ફોર્મ' સુપરત કરીને પોલિસીની મુદત વધારવા માટેની વિનંતી કરી શકાય છે. આમ પ્રવાસનું આયોજન કરતી વખતે પ્રવાસ વીમાની ખરીદીનો પણ વિચાર કરવો જરૂરી છે. અનેક પ્રકારના પ્લાન, એનાં કવરેજ તથા લાભને ધ્યાનમાં રાખીને પ્રવાસી પોતાની જરૂરિયાતો અનુસારની પૉલિસી કઢાવીને પ્રવાસ ચિંતામુક્ત બનાવી શકાય છે. પૉલિસીમાં કઈ બાબતો આવરી લેવાઈ નથી અને બીજી કઈ મર્યાદાઓ છે એના વિશે પૂરેપૂરી માહિતી જાણી લેવા પૉલિસીની દરેક શરતો અને એના નિયમો ધ્યાનપૂર્વક વાંચી જવા અને જરૂર પડ્યે વીમા કંપનીને પૂછી લેવું વધુ સારું. ■

---

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# શિયાળો લાવ્યો વાયરલ બીમારીઓ



સમગ્ર ઉત્તર ભારતમાં શિયાળાની શરૂઆત થઈ ગઈ છે. તાપમાન ધીમે ધીમે ઘટી રહ્યું છે અને હવામાં ઠંડકનો ચમકારો વતાર્ય છે. આ ઋતુ મુસાફરી અને ખાવા-પીવા માટે સારી માનવામાં આવે છે. જોકે, આ સિઝનમાં સ્વસ્થ રહેવું પણ પડકારજનક બની જાય છે. લોકો પર વાયરસ અને બેક્ટેરિયાનો હુમલો થવા લાગે છે. નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવતા લોકો માટે ઠંડું હવામાન ખૂબ કઠિન સાબિત થાય છે. એમને અનેક શારીરિક સમસ્યાઓ ઘેરી વળે છે.

નિષ્ણાતો કહે છે કે જ્યારે હવામાનમાં ફેરફાર થાય ત્યારે વાયરલ અને બેક્ટેરિયલ ચેપ ફેલાવાનું જોખમ વધી જાય છે. શિયાળાની ઋતુમાં સામાન્ય રીતે જોવા મળતાં અનેક દર્દ છે, જેમકે... શરદી - ખાંસી - ગળામાં ઈન્ફેક્શન - તાવ - અસ્થમા - ન્યુમોનિયા - સાંધાના દુખાવા - કાનમાં દર્દ - ચામડીમાં સમસ્યા ઇત્યાદિ...

વાસ્તવમાં, આ ઋતુમાં વાયરસ અને બેક્ટેરિયા ઝડપથી વધવા લાગે છે, જેનાથી લોકો સંક્રમિત થાય છે. તમામ ચેપ એક વ્યક્તિથી બીજામાં ફેલાય છે, જેના કારણે દર્દીઓની સંખ્યા ઝડપથી વધે છે.

શિયાળાની ઋતુમાં રોગોથી બચવા માટે દરેક વ્યક્તિએ ફ્લૂની રસી લેવી જોઈએ. તેને 'ફ્લૂ શોટ' પણ કહેવામાં આવે છે. આને વર્ષમાં એક વાર લઈ શકાય છે. આ રસી લોકોની રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં મદદ કરે છે અને બદલાતી મોસમમાં ઈન્ફ્લ્યુએન્ઝા વાયરસના ફેલાવાને રોકવામાં મદદ કરે છે. બાળકોને પણ ફ્લૂની રસી આપી શકાય છે. સામાન્ય રીતે, ફ્લૂ શોટ મોસમી ફ્લૂના જોખમને ૪૦થી ૬૦ ટકા ઘટાડી શકે છે. ફ્લૂની રસી મોટા ભાગના લોકો માટે સલામત માનવામાં આવે છે. જોકે, જો તમને કોઈ ગંભીર બીમારી હોય તો તમે પહેલાં ડૉક્ટરની સલાહ લઈ શકો છો.

**શરદી-ઉધરસઃ** શિયાળમાં સૌથી પરેશાન કરતી સમસ્યા એટલે શરદી-ઉધરસ. શિયાળાનું શુષ્ક અને ઠંડું હવામાન રાઇનો વાયરસના ઉછેર માટે એકદમ અનુકૂળ વાતાવરણ પૂરું પડે છે. ૨૦૦થી વધુ પ્રકારના વાયરસ છે, જે સામાન્ય શરદીનું કારણ બની શકે છે, જેમાં રાઇનો વાયરસ શરદી-ઉધરસનો સૌથી સામાન્ય વાયરસ ગણાય છે, જે શિયાળમાં વિશેષ તકલીફ આપે છે. બધાનો અનુભવ છે કે એકવાર શરદી-ઉધરસ થાય એટલે ઓછામાં ઓછું ૪-૫ દિવસ તો હેરાન કરે જ છે.

**શું ધ્યાન રાખશો?**

વાયરલ બીમારીઓમાં વાયરસને ફેલાતો રોકવો એ સૌથી ચોક્કસ ઉપાય છે. વારંવાર હાથ ધોવા જોઈએ. શરદી-ઉધરસ થઈ હોય તેવા દર્દીઓના સંપર્કમાં ન અવાય તેની કાળજી રાખવી જોઈએ. જો પરિવારના કોઈ સભ્યને શરદી-ઉધરસ હોય તો એમણે બને તેટલું અન્ય સભ્યોથી અલગ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ, જેથી બીજાને ચેપ ન લાગે. વીજાણુ સાધનોની સ્વિચ વગેરે પર જંતુનાશક દ્રવ્યનો ઉપયોગ કરવો જોઈએ.

**ન્યુમોનિયાઃ** શિયાળામાં પરેશાન કરતી એક પ્રાણઘાતક બની શકે તેવી બીમારી એટલે ન્યુમોનિયા. આ બીમારીમાં વાયરલ અને બેક્ટેરિયલ ચેપ ફેફસાંની થેલીમાં ફેલાઈ જાય છે અને તરલ પદાર્થથી ભરાઈ જાય છે. ન્યુમોનિયામાં શ્વાસ લેવાની સમસ્યા પણ સર્જાય છે. ન્યુમોનિયાનો ચેપ ઉધરસ, છીંક અથવા ચેપી વસ્તુઓના સંપર્કમાં આવવાથી, અથવા નાક-મોં ને સ્પર્શ કરવાથી પણ ફેલાય છે.

**કેવી રીતે બચીશું?:** શરદી ન થાય તેનું ધ્યાન રાખવું. ખાસ કરીને જેમને શરદીનો કોઠો હોય એમણે સાંભળવું જરૂરી છે. વેક્સિન લેવાથી રક્ષણ મળી શકે છે.

ઓછામાં ઓછી ૩૦ મિનિટ સુધી શારીરિક પ્રવૃત્તિ કરવાથી તમારી રોગપ્રતિકારક શક્તિ મજબૂત થશે અને શરદી અને ઉધરસ જેવી સમસ્યાઓથી બચી શકાશે.

શિયાળામાં ધ્યાનમાં રાખવા જેવી કેટલીક વાત

- જ્યારે હવામાન ખૂબ ઠંડું હોય, ત્યારે વ્યક્તિએ શક્ય તેટલું ઓછું ઘરની બહાર નીકળવું જોઈએ
- તાપમાન અનુસાર યોગ્ય ગરમ કપડાં પહેરવાં જોઈએ.
- દરરોજ કસરત કરવી જોઈએ.
- ગરમ પાણી પીવું હિતાવહ છે.
- આ ઋતુમાં જંક ફૂડ ખાવાનું ટાળવું જોઈએ. ઘરમાં બનાવેલો તાજો ખોરાક જ ખાવો જોઈએ. તમારા આહારમાં વિટામિન-સીથી ભરપૂર વસ્તુઓનો સમાવેશ કરવો જોઈએ. નારંગી અને આમળા સહિતનાં ખાટાં ફળો દ્વારા રોગપ્રતિકારક શક્તિ મજબૂત થાય છે. આ સિઝનમાં પુષ્કળ ફળો અને શાકભાજી ખાઓ. ડ્રાય ફ્રૂટ્સ ઓછી માત્રામાં નાસ્તા તરીકે લઈ શકાય છે. પૂરતા પ્રમાણમાં પાણી પીવું ખૂબ જ જરૂરી છે.

આ બધા વચ્ચે, સ્વચ્છતાના ઉપાય હંમેશાં બીમારીથી બચવાનો શ્રેષ્ઠ માર્ગ છે. ■




■ એચ. એન. ગોલીબાર

જીમીના હોશ-હવાશ સાવ ખલાસ થઈ ગયા હતા. એ માથું પકડીને પાસે બનેલા ઓટલા પર બેસી ગયો. એણે શું કરવું જોઈએ? એ કઈ રીતે કજલીની વાત માની શકે? કજલીનું શરીર એને બેહદ પસંદ હતું એમાં કોઈ જ શંકા નહોતી. એ એના શરીરનો ચાહક હતો - આશિક હતો - એના શરીર પાછળ પાગલ હતો, પરંતુ રોઝી પણ કંઈ કમ નહોતી. રોઝી કજલી જેવી અલ્લડ નહોતી, પરંતુ એના જેવી જવાન અને ખૂબસૂરત જરૂર હતી, અને એને વફાદાર પણ હતી ને સેવા કરનારી દાસી પણ... એવી પત્નીને એ કઈ રીતે છોડી શકે? એનાથી અલગ થઈને એ કઈ રીતે રહી શકે?

પરંતુ બીજી બાજુ પણ કંઈ નાની-સૂની વસ્તુ નહોતી પડી. બીજી બાજુ પૈસાના ઢગલા પડ્યા હતા... ચારે બાજુ પૈસાના ઢગલે-ઢગલા પડ્યા હતા... આસપાસ બધે જ પૈસા જ પૈસા હતા... પૈસા... પૈસા... પૈસા... અને બસ પૈસાના જ ઢગલા પડ્યા હતા.

એનું દિલ કજલીની શરત માની લેવા હા પાડતું હતું, પરંતુ એ વાતનો ઇકરાર કરતાં એની જીભ અચકાતી હતી.

'શું વિચારી રહ્યા છો જીમી?' કજલીએ વિચારોમાં ખોવાયેલા જીમીને પૂછ્યું.

'હું તારી વાત માની તો શકું છું, પરંતુ હું મારા હાથે એને જિંદગીની કેદમાંથી આઝાદ ન કરી શકું.' જીમીએ પોતાની અચકાતી જીભથી બોલી જ નાખ્યું.

'એનો પણ મારી પાસે એક રસ્તો છે.' કજલીએ હસીને કહ્યું

'કયો રસ્તો છે?'

'તમે એને અહીંયા મંદિરમાં લઈ આવો, એ પછી તમારું કામ પૂરું થઈ જશે. હું બધું સંભાળી લઈશ.'

'પણ... પણ... તું રોઝીનું કરીશ?' જીમીએ ગભરાયેલા અવાજે પૂછ્યું.

'તમારે એ વિષે જાણવાની જરૂર નથી, તમે ફક્ત એટલું સમજો કે, હું મારી શોક્યને જોવા - મળવા માગુ છું. એને મારે હવાલે કરીને તમે અહીંથી જતા રહેજો અને પછી એને ભૂલી જજો.'

'કોઈને ભૂલી જવું એ કોઈના હાથની વાત નથી.' જીમીએ નમ્રતાથી કહ્યું, 'હું તો તને પણ આજ દિવસ સુધી નથી ભૂલી શક્યો.'

'હું એને માટે તમારી આભારી છું.' કજલીએ કટાક્ષ ભરેલા અવાજે કહ્યું, 'પણ તમારે તમારી પત્ની રોઝીને ભૂલવી જ પડશે. હું તમારા દિલમાં દેવીમાને કહીને આ વાત નખાવડાવી દઈશ. એ પછી તમારું દિલ એને યાદ નહીં કરે, એને ભૂલી જશે અને પછી અમાસની કાળી રાત્રે આપણું મિલન થશે.' તમે મને ફરી પહેલાંની જેમ મેળવી શકશો - માણી શકશો'

'સ્સાચ્ચે જ...' એવું થઈ શકે છે? જીમીની આંખોમાં ખુશીઓ છલકાઈ આવી.

'હા! એવું જ થશે. આજથી દસ દિવસ પછી તમે એને અહીં મંદિરમાં લઈ આવજો. સમજ્યા?'

'હા! સમજી ગયો.'

'બસ! તો હવે જાઓ જીમી! આજથી દસ દિવસ પછી તમે તમારી પત્ની રોઝીને લઈને રાતના બાર વાગ્યે અહીં આવતા રહેજો.'

'સારું...'

'હવે હું જાઉં છું.' કહેતા કજલી એની આંખો સામેથી ગાયબ થઈ ગઈ. જીમી ઓટલા પરથી, ગોઠણ પર હાથ મૂકીને ઊભો થયો અને પછી મંદિરની સીડીઓ ઊતરીને જંગલમાં પ્રવેશ્યો અને પછી પગદંડી પર ચાલવા લાગ્યો.

એની ચાલ સાથે એના મગજમાં વિચારો પણ ચાલવા લાગ્યા.

શું કજલીએ કહ્યું એમ એણે કરવું જોઈએ? શું એની વાત એણે માની લેવી જોઈએ?

એને થયું કે, રોઝી સાથેનો એનો પ્રેમ પાક્કો નથી. સાથે-સાથે રહેતાં રહેતાં જો કોઈ દિલ સાથે દિલ મળી જાય તો એને પ્રેમ ન કહેવાય. પ્રેમ તો એને ફક્ત કજલી સાથે છે અને વહાલ તો એને ફક્ત પૈસાથી છે, અને રોઝી એને મળનારા પૈસાની આગળ અડચણ બનીને ઊભી રહી ગઈ છે. એટલે પૈસા મેળવવા માટે એણે રોઝીની અડચણ રસ્તામાંથી હટાવવી જ પડશે.

રોઝી રસ્તામાંથી હટ્યા પછી એ પોતાની મંજિલ સુધી પહોંચી જશે. એ માલામાલ બની જશે. કરોડો રૂપિયાનો માલિક બની જશે.

પૈસા મેળવવાની લાલચમાં જીમીની અંદરનો એક ઈન્સાન મરી પરવાર્યો - રોઝીનો પતિ મરી પરવાર્યો. જીવતો રહ્યો બદમાશ ઈન્સાન - લાલચુ ઈન્સાન, પૈસાની પાછળ પાગલ બનેલો ઈન્સાન... કજલીના શરીરને પ્રેમ કરતો ઈન્સાન...

એણે નિર્ણય કરી લીધો - 'કાલ સવારે એ રોઝીને અહીં બોલાવી લશે અને પછી દસ દિવસ પછી રસ્તો સાફ અને પૈસાના ઢગલે જ ઢગલા... વિચારોના વમળમાં પૈસાના ઢગલા જોતો-જોતો જીમી ક્યારે ઘરે આવી પહોંચ્યો એની જ એને ખબર ન પડી.

એણે ઘરનો દરવાજો ખોલ્યો તો સામે જ ગોગિયો ઊભો હતો.

'કેમ માલિક! મુલાકાત થઈ ગઈ ને?'

'હા... હા... થઈ ગઈ...!'

'હવે તો તમને ઘણા બધા મૂંઝવતા સવાલોના જવાબો પણ મળી ગયા હશે!'

'હા મળી ગયા.' જીમીએ દરવાજો બંધ કરતાં કહ્યું, અને પછી પોતાના કમરા તરફ આગળ વધ્યો. એને એવું લાગ્યું કે જાણે એની આંખે અંધારાં આવી રહ્યાં છે. એને લાગ્યું કે, કોઈ પ્રેતાત્મા એના ખભા પર ચઢી બેઠું છે. એના પગ જાણે લકવા ન મારી ગયા હોય એમ ઢીલા પડવા લાગ્યા. એ ઝડપી પગલે પોતાના કમરામાં પહોંચ્યો અને પલંગ પર પડ્યો - એ સાથે જ એની આંખો આપમેળે મિંચાઈ ગઈ, પણ એને લાગ્યું કે એની સામે કોઈ ઊભું છે એ કજલી નહોતી કોઈ કાળી સ્ત્રી હતી, જેની આંખોમાં આગ હતી - અને એ આગવાળી આંખો જાણે ગુસ્સાનો જ્વાળામુખી ઓકતી હોય એવી લાગતી હતી. દાંત હોઠ પર લટકી રહ્યા હતા. જીભ બહાર નીકળેલી હતી અને એના હોઠના કિનારા પરથી તાજું - તાજું લોહી વહી રહ્યું હતું...!

* * *

સવારે જ્યારે જીમીની આંખ ખૂલી ત્યારે ઘણું મોડું થઈ ગયું હતું. એનું શરીર આખુંય તૂટી રહ્યું હતું. એની સમજમાં નહોતું આવતું કે એના શરીરમાં દર્દ - આ પીડા કઈ વાતની છે. રાત્રે પહાડી સુધીનો રસ્તો જરૂર લાંબો અને આડો-અવળો હતો, પરંતુ એનાથી એનું શરીર આ રીતે દુઃખશે - પીડા કરશે એવું એણે ધાર્યું નહોતું.

જીમી માંડ માડ કોણીને ટેકે પલંગ પર બેઠો થયો. એની આંખો સામે વિચિત્ર-વિચિત્ર કાળા કાળા ધબ્બાઓ દેખાઈ રહ્યા હતા. ગઈ આખી રાત પણ એને ભયાનક ડરામણાં સપનાંઓ દેખાતાં રહ્યાં હતાં. કાલીમા જાણે સાક્ષાત્ રૂપમાં એની આંખો સામે દેખાતી રહી હતી. જીમી કાલીમાનાએ રૂપને જોઈને વારંવાર ડર્યો હતો - ચીસ પાડી ઊઠ્યો હતો, અને એની ચીસ સાંભળીને તો અડધી રાત્રે ગોગિયો પણ એના કમરામાં દોડી આવ્યો હતો. જીમીએ ઊંઘમાં જ ચીસ પાડી હતી, એટલે ગોગિયાએ જીમીને જગાડીને પૂછ્યું હતુંઃ 'માલિક! આપ કેમ ડરી રહ્યા છો?'

પરંતુ જીમીએ કંઈ જવાબ આપ્યો નહોતો. શું જવાબ આપે?

અને અત્યારે પણ એની આંખો સામે વિચિત્ર ધબ્બાઓ દેખાઈ રહ્યા હતા, કદાચ હજી રાતની અસર એની નજર પરથી ગઈ નહોતી. એણે આંખો ચોળી અને પછી ઊભો થયો, ધીમી ચાલ ચાલતો બાથરૂમ ગયો. મોઢું ધોયું - ત્યારે જ એની આંખો સામેથી ધબ્બાઓ ઓછા થયા. એ નાહ્યો અને પછી બહાર નીકળ્યો અને ચા પીવા બેઠો ત્યારે અંદરથી મુન્નો ઊછળતો-કૂદતો એની પાસે આવ્યો અને પછી ઊછળીને એની ગોદમાં બેસી ગયો. હવે જીમી આટલા નાનકડા મુન્નાની આવી ઊછળ-કૂદ જોઈને નવાઈ પામતો નહોતો. બલકે મુન્નાને જોઈને એના દિલમાં પિતાનો પ્રેમ ઊભરાઈ આવતો હતો અને પોતાનો મુન્નો દુનિયામાં બીજાં બાળકો કરતાં અલગ - અનોખો છે એ વિચાર આવતાં જ એની છાતી ફુલાઈ જતી હતી.

> તમારે તમારી પત્ની રોઝીને ભૂલવી જ પડશે. હું તમારા દિલમાં દેવીમાને કહીને આ વાત નખાવડાવી દઈશ. એ પછી તમારું દિલ એને યાદ નહીં કરે, એને ભૂલી જશે અને પછી અમાસની કાળી રાત્રે આપણું મિલન થશે

'મારા મુન્ના... મારા લાલ...!' જીમીએ મુન્નાને કપાળે બચ્ચી કરતાં કહ્યુંઃ 'નાસ્તો કરવો છે મુન્ના...?'

'હું તો માનું દૂધ પીને જ આવ્યો છું.' મુન્નાએ કાલાકાલા અવાજમાં કહ્યું.

'ચલ સારું કર્યું!'

'પપ્પા! તમે પૈસાદાર બનવા માગો છો ને?' મુન્નાએ અચાનક વાત ફેરવતાં જીમીને સવાલ કર્યો.

'કયો એવો માણસ છે જે પૈસાદાર બનવા નથી માગતો?'' જીમીએ ચાના ત્રણ ઘૂંટડા એકસાથે ભરતાં કહ્યું.

હું તમને પૈસાદાર બનાવવા માટે જ દુનિયામાં આવ્યો છું.'

'એમ...!'

'હા! પણ તમારે મમ્મીની વાત માનવી પડશે.'

'કઈ વાત?'

'એ જ જે એણે તમને ગઈકાલે મંદિરમાં કહી હતી. ગઈકાલની વાત ભૂલી ગયા, પપ્પા?'

'ના! નથી ભૂલ્યો.' જીમીને એ વાત બરાબર યાદ હતી.

'મારી બીજી માને અહીંયા બોલાવીને મારી પહેલી માને હવાલે કરી દો. આ જ તમારે માટે લાભદાયક છે. પપ્પા!' મુન્નો આટલું કહીને ખિલખિલાટ કરતો બાજુના કમરામાં દોડી ગયો, જ્યાં કજલીની આરસપહાણની મૂર્તિ ઊભી હતી.

જીમીએ ચાનો કપ નીચે મૂકીને સિગારેટ સળગાવી અને પછી સિગારેટના ધુમાડાને હવામાં ઉડાડતો વિચારવા લાગ્યો.

રોઝી એની પત્ની હતી, એના દરેક હુકમનું એ તુરંત જ પાલન કરતી હતી. એ સુંદર હતી, એને રોઝીની દરેક વાત ગમતી હતી, ફક્ત એની એક વાત એને ગમતી નહોતી. રોઝી હંમેશાં એની પાસેથી ભરપૂર પ્રેમની આશા રાખતી હતી. એ પરેશાન હોય કે પછી ઉલઝનો વચ્ચે ઘેરાયેલો હોય, રોઝીને પોતાના કામ સાથે કામ હતું. એ એવા સમયે ખૂબ જ ગુસ્સો થતો હતો. એના વિચારમાં દરેક સ્ત્રી કજલી જેવી હોવી જોઈએ, જે વારંવાર પ્રેમનો ઈનકાર કરે અને મહામુસીબતે માની જાય. કજલી રોઝીથી હજાર ગણી સારી હતી. એને એક દાસી જોઈતી હતી એટલે જ એણે રોઝી સાથે લગ્ન કર્યાં હતાં, બાકી એના દિલમાં રોઝી પ્રત્યે પ્રેમ નહોતો. તો પછી એ એવી સ્ત્રી સાથે કઈ રીતે આખી જિંદગી વિતાવી શકે - સુખેથી જીવન પસાર કરી શકે!

અને વળી અત્યારે રોઝી જ તો એના સુખની વચ્ચે આવતી હતી, મતલબ કે, એને કારણે જ તો એનાથી પૈસાના ઢગલા દૂર ભાગતા હતા.

હકીકતમાં અત્યારે રોઝી એને પત્ની નહીં, પરંતુ પગની બેડી લાગતી હતી, જો એવી બેડીને તોડી નાખવામાં આવે તો એ કંઈ ખોટું ન કહેવાય.

જીમીએ રોઝીને તાર કરીને અહીં બોલાવી લેવાનું નક્કી કર્યું. એને ખાતરી હતી કે, તાર મળતાં જ રોઝી દોડતી-ભાગતી એની પાસે આવી જશે. રોઝી પાગલપનની હદ સુધી એને ચાહતી હતી. અને એની એને ખબર હતી, પરંતુ અત્યારે એ પૈસાને ચાહતો હતો અને પૈસા પાછળ જ પાગલ હતો.

એણે એ જ દિવસે બપોરે રોઝીને અહીં શ્રીનગર આવી જવાનો તાર કરી દીધો. તાર કર્યા પછી એને લાગ્યું કે એની છાતી પરથી ઘણોબધો ભાર હળવો થઈ ગયો છે.

પાંચેક દિવસમાં જ રોઝી આવી જશે એવી એની ગણતરી હતી, પરંતુ રોઝી આવશે તો એ એને રાખશે ક્યાં? આ ઘરમાં તો કજલીની આરસપહાણની મૂર્તિ ઊભેલી છે. ગોગિયો પણ છે અને મુન્નો પણ છે. એ રોઝીને આ લોકો વિષે શું કહેશે? આમાં તો એની પોલ ખૂલી જશે. એ ગલ્લાંતલ્લાં કરશે તો રોઝી વહેમાશે અને પછી નારાજ થઈને એ મુંબઈ પાછી જતી રહેશે.

તો...? તો-તો પછી બધું કર્યા-કારવ્યા પર પાણી ફરી જશે. બધી બાજી બગડી જશે.

હજુ એ એ વિષે જ વિચારી રહ્યો હતો ત્યાં જ અચાનક ગોગિયો કમરામાં આવ્યો અને હાથથી હાથ બાંધીને એક બાજુ ઊભો રહ્યો.

વિચારોમાં ખોવાયેલા જીમીએ નજર ઉઠાવીને ગોગિયા તરફ જોયું અને પૂછ્યુંઃ 'કેમ? શું કામ છે?'

'મને કહેવામાં આવ્યું છે કે હું તમારી પાસે આવું, કદાચ તમારે કંઈક પૂછવું છે?'

ગોગિયાની આ વાત સાંભળીને જીમી થોડીક વાર સુધી કંઈક વિચારમાં પડી ગયો. પછી એણે ગોગિયાને પૂછ્યું, 'કોણે તને અહીંયા આવવાનું કહ્યું હતું?'

'એણે કહ્યું હતું માલિક! તમને તો આ વાત મારે વારંવાર કહેવી પડે છે?'

'ઓહ! હા, હું ભૂલી ગયો.' જીમીએ સિગારેટની રાખ ખંખેરતાં કહ્યું.

'શું પૂછવું છે આપને માલિક!' ગોગિયાએ એ રીતે પૂછ્યું જાણે એને ખબર હોય કે અત્યારે જીમીના મગજમાં કેવા અને કેટલા સવાલો સળગી રહ્યા છે.

'જો અહીંયા રોઝી આવશે તો એ તને, કજલીની મૂર્તિ અને મુન્નાને જોઈને શું સમજશે?' જીમીએ પોતાના મગજમાં સળગતો સવાલ ગોગિયા સામે મૂક્યો.

'આનો તો બિલકુલ સહેલો રસ્તો છે.' ગોગિયાએ કહ્યુંઃ 'અમે ત્રણે અહીંથી જતાં રહીશું. તમારું આ ઘર બિલકુલ ખાલી થઈ જશે.'

'ક્યાં જશો તમે...?'

'એની પાસે...!'

'અને મુન્નો... હું એના વિના નહીં રહી શકું.'

'જો તમે એનું કહેવું માનીને તમારી પત્ની રોઝીને મંદિરમાં લઈ જશો તો બધું જ કામ જલદી થઈ જશે.'

'હા! પણ મુન્નાની જરૂર તો પડવાની જ ને!'

(ક્રમશઃ) ■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કાફલો | Desire |
| કામના | Administration |
| કાયર | Group |
| કારભાર | Fraud |
| કારસ્તાન | Timid |

### ઓળખાણ પડી?



મોટાભાગે શિયાળે પશ્ચિમ અને મધ્ય એશિયાથી હજારોની સંખ્યામાં ભારતમાં ઊતરી આવતા પક્ષીની ઓળખાણ પડી? ઉડતી વખતે સિસોટી જેવો અવાજ કાઢે છે.

અ) કાબર બ) ટિટોડી ક) સુરખાબ ડ) લાવરી

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ ન | વો | ૨ દિ | ત | ■ | ૩ વા | ર્તા | ૪ કા | ર | ■ |
| વ | ■ | શા | ■ | ૫ ઉ | ર | ■ | લ | ■ | ૬ ક |
| ૭ યુ | રો | ■ | ૮ પં | જા | ■ | ૯ જ | મા | દા | ર |
| વા | ■ | ૧૦ વ્ય | ક્તિ | ગ | ત | ■ | પ | ■ | વ |
| ૧૧ ન | ભા | વ | ■ | રો | ■ | ૧૨ લો | ક | ૧૩ ગ | ત |
| ■ | ■ | ૧૪ સ્થિ | ર | ■ | ૧૫ ત | ક | ■ | ત | ■ |
| ૧૬ સ | ૧૭ ર | ત | ■ | ૧૮ આ | જી | વ | ૧૯ ન | ■ | ૨૦ સ |
| ૨૧ મ | મ | ■ | ૨૨ ના | વ | ■ | ૨૩ ન | વ | ૨૩અ કા | ર |
| ૨૪ જ | વા | ૨૫ બ | દા | ર | ■ | ■ | ૨૬ લ | લ | ના |
| ણ | ■ | ૨૭ કા | ર | ણ | ભૂ | ત | ■ | ■ | મું |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | ■ | | ■ | ૮ | ■ | | ■ | |
| ૯ | | | | ■ | ૧૦ | | ■ | ૧૧ | |
| ૧૨ | | ■ | ■ | ૧૩ | | ■ | ૧૪ | | |
| | ■ | ૧૫ | ■ | ૧૬ | | ૧૭ | ■ | | ■ |
| ■ | ૧૮ | | ૧૯ | ■ | ૨૦ | | | ■ | ૨૧ |
| ૨૨ | | ■ | ૨૩ | ૨૪ | ■ | | | ૨૫ | |
| | ■ | ૨૬ | ■ | ૨૬અ | ૨૭ | ■ | ૨૮ | ■ | |
| ૨૯ | ૩૦ | | ■ | ■ | ૩૧ | ૩૨ | | ૩૩ | |
| ૩૪ | | | ■ | ૩૫ | | | ■ | ૩૬ | |

**આડી ચાવી**

૧. સમયનું નાનું ફલક (૫)
૪. સામયિક મંગાવવા ભરવું પડે (૪)
૭. ભલે, હશે (૨)
૯. વાળવું ઝૂડવું કે માંજીને સાફ કરવું (૪)
૧૦. કૂતરો (૨)
૧૧. ---, શું કહેવું છે? (૨)
૧૨. પંખીઓ બાંધે (૨)
૧૩. ગંધ (૨)
૧૪. લાચાર, બીજાને વશ (૩)
૧૬. દાળ, શાકમાં કરવો પડે (૩)
૧૮. કુશળ, હોંશિયાર (૩)
૨૦. મૂળ તત્ત્વના જાણકાર (૩)
૨૨. સજ્જન, ભગવાનનો માણસ (૨)
૨૩. અભિપ્રાય (૨)
૨૫. રોગ (૨)
૨૬અ. હણાયેલો (૨)
૨૯. બંગાળને અંગ્રેજીમાં --- કહે (૩)
૩૧. પ્રમાણસર, જોઈતા પ્રમાણમાં (૫)
૩૪. લુહારની કોઢમાં હોય (૩)
૩૫. દાસીઓ રાજાને --- ઢોળે (૩)
૩૬. ૨૦ કિલો (૨)

**ઊભી ચાવી**

૧. સરખા પ્રમાણવાળું (૫)
૨. મરમથી ભરેલો (૪)
૩. ગાવાની ચીજ (૩)
૫. એ ---માં શું માલ છે? (૨)
૬. બેભાન, ભાન ભૂલેલો (૪)
૮. પીઠ પાછળ ઘા કરવો (૫)
૧૧. કવિતા (૩)
૧૩. પગથિયાં ઉતરી પાણી ભરો (૨)
૧૫. કામના, લાલસા, લગાવ (૨)
૧૭. ધોબી (૩)
૧૮. હંમેશાં, રોજ (૨)
૧૯. અંધકાર (૨)
૨૧. કોશમાં નિરૂપિત વિષયનોંધ (૫)
૨૨. ખૂબ બધા (૪)
૨૪. તળિયું, તળ (૨)
૨૬. વર્તનનો ઝોક (૩)
૨૭. બધા જ, સઘળા (૩)
૨૮. મોટા નેતા પાછળ રાષ્ટ્રીય --- પળાય (૨)
૩૦. વતન, રહેઠાણ (૨)
૩૨. ---નો કોટ પ્રાણીઓનાં રુછાંમાંથી બને (૨)
૩૩. સરખું, સમાન (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'તિમિર તસ્કરને સાંપડી જાય છે' પંક્તિમાં તિમિર શબ્દનો અર્થ જણાવો.

અ) તહેવાર બ) તીર ક) અંધારું ડ) યુક્તિ

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ ARTHROLOGY ના અભ્યાસ સાથે સંકળાયેલી છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) પ્રવાહી બ) અર્થવ્યવસ્થા ક) શરીરના સાંધા ડ) જ્ઞાનતંતુ

### માતૃભાષાની મહેક

આહાર શરીર માટે અનિવાર્ય છે. તેનાથી શરીર બંધાય છે. આહારમાંથી શરીરને જોઈતી ઊર્જા (શક્તિ) મળે છે. ખોરાક રૂપે જે લેવામાં આવતા પદાર્થ કદમાં ઘણા મોટા હોવાથી તેનું વિઘટન કરી નાના નાના અણુઓ બનાવવામાં આવે છે. ખોરાકના મોટા અણુઓને નાના અણુઓમાં ફેરવવાની ક્રિયા મુખ્યત્વે જઠર તથા આંતરડામાં થાય છે. તેને ખોરાકનું પાચન કહે છે.

### ઈર્શાદ

મને શ્રદ્ધા ભલેને હોય કે ઈશ્વર બધાનો છે,
દુઆ એવી કરું છું જાણે એકલાનો છે.

-- 'મરીઝ'

### સુડોકુ-૭૦૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૩ | | ૧ | | | ૮ | |
| ૫ | | | | ૩ | ૪ | | | ૭ |
| ૯ | | ૬ | | ૨ | | ૪ | | |
| | | ૨ | | ૮ | | | ૯ | ૬ |
| | ૯ | | ૨ | | ૭ | | ૪ | |
| ૮ | ૫ | | | ૯ | | ૭ | | |
| | | ૭ | | ૪ | | ૯ | | ૨ |
| ૪ | | | ૧ | ૭ | | | | ૩ |
| | ૮ | | | ૬ | | ૧ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૭૦૬૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | ૪ | ૯ | ૫ | ૭ | ૮ | ૧ | ૩ | ૬ |
| ૧ | ૮ | ૬ | ૩ | ૨ | ૪ | ૭ | ૯ | ૫ |
| ૭ | ૫ | ૩ | ૯ | ૧ | ૬ | ૮ | ૨ | ૪ |
| ૫ | ૬ | ૧ | ૭ | ૪ | ૩ | ૨ | ૮ | ૯ |
| ૯ | ૨ | ૭ | ૮ | ૬ | ૧ | ૪ | ૫ | ૩ |
| ૮ | ૩ | ૪ | ૨ | ૯ | ૫ | ૬ | ૭ | ૧ |
| ૪ | ૭ | ૨ | ૬ | ૫ | ૯ | ૩ | ૧ | ૮ |
| ૩ | ૧ | ૫ | ૪ | ૮ | ૭ | ૯ | ૬ | ૨ |
| ૬ | ૯ | ૮ | ૧ | ૩ | ૨ | ૫ | ૪ | ૭ |

### માઈન્ડ ગેમ

ભોજનમાં વપરાતા અને પાચનક્રિયામાં મદદ રૂપ થતા દહીં અને છાશમાં કયા એસિડ (આમ્લ)ની હાજરી હોય છે એ કહી શકશો?

અ) ફોર્મિક એસિડ બ) એસિટિક એસિડ ક) લેક્ટિક એસિડ ડ) સલ્ફ્યુરિક એસિડ

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| ખાડો | Pit |
| ખાતર | Manure |
| ખાણ | Mine |
| ખાલ | Skin |
| ખાતરી | Assurance |

ઓળખાણ પડી?
Hummingbird

ગુજરાત મોરી મોરી રે
વિમાન

માઈન્ડ ગેમ
આર્ગોન

ચતુર આપો જવાબ
અર્થ જણાવો
ઘર

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) ડૉ. પ્રકાશ કટકિયા (૨) શ્રીમતિ ભારતી કટકિયા (૩)મુલરાજ કપૂર (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) ધીરેન્દ્ર ઉદેશી (૬) ગીતા ઉદેશી (૭) પ્રતિમા પમાણી (૮) સુરેખા દેસાઈ (૯) નીતા દેસાઈ (૧૦) સુભાષ મોમાયા (૧૧) ખુશરૂ કાપડિયા (૧૨) વિભા મહેશ્વરી (૧૩) ભારતી બુચ (૧૪) શ્રદ્ધા આશર (૧૫) પુષ્પા પટેલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) રમેશભાઈ દલાલ (૧૮) જ્યોતિ ગાંધી (૧૯) લજીતા ખોના (૨૦) મહેશ દોશી (૨૧) પ્રવીણ વોરા (૨૨) જ્યોતિ ખાંડવાલા (૨૩) તાહેર ઔરંગાબાદવાલા (૨૪) શીરીન ઔરંગાબાદવાલા (૨૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૨૬)મીનળ કાપડિયા (૨૭) નૂતન વિપુલ (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) અશોક સંઘવી (૩૦) હર્ષા મહેતા (૩૧) મનીષા શેઠ (૩૨) ફાલ્ગુની શેઠ (૩૩) અરવિંદ કામદાર (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) ભાવના કર્વે (૩૬) કલ્પના આશર (૩૭) અંજુ ટોલીયા (૩૮) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૦) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૧) નયના ગિરીશ મિસ્ત્રી (૪૨) જગદીશ ઠક્કર (૪૩) હીનાબેન દલાલ

feedback@bombaysamachar.com

વિશેષ

દિક્ષિતા મકવાણા

# ખાવાની આ કેટલીક આદત તમને શિયાળામાં ફિટ રાખશે



આહારમાં ઘી, સરસવનું તેલ અને નારિયેળ તેલ... આયુર્વેદ અનુસાર આ વસ્તુઓ તમારા શરીરને ગરમ રાખે છે. શિયાળાની ઋતુમાં શરીરને ગરમ રાખવા અને ત્વચામાં ભેજ જાળવી રાખવા માટે તમારા આહારમાં આ વસ્તુઓનો સમાવેશ કરવો જોઈએ.

આયુર્વેદ અનુસાર ભોજનને લઈને એક ખાસ પ્રકારના નિયમો આપવામાં આવ્યા છે. આચાર્ય કશ્યપે આહારને મહાભૈષજ્યમ કહ્યો છે એટલે કે કોઈપણ દવા ખોરાક જેટલી ફાયદાકારક નથી. આ હિસાબે ખોરાક એ શ્રેષ્ઠ દવા છે. આહારના નિયમોનું પાલન કરવું જરૂરી છે, જો તમે તેને નિયમો અનુસાર અનુસરો છો, તો પછી ઋતુચક્ર બદલાતા શરીરમાં ઘણા ફેરફારો થવા લાગે છે. આપણે માનસિક અને શારિરીક રીતે થાક અનુભવીએ છીએ, તેથી આપણી ખાવાની ટેવમાં સુધારો કરવો જરૂરી છે. અહીં સાત્વિક, રાજસિક અને તામસિક ખોરાક વિશે વાત કરીએ છીએ, જેમાં સાત્વિકને આદર્શ માનવામાં આવે છે અને તામસિકને હલકી ગુણવત્તાવાળા માનવામાં આવે છે તેથી, આયુર્વેદ શિયાળાની ઋતુમાં સ્વસ્થ અને સક્રિય રહેવા માટે વિશેષ ટિપ્સ આપે છે.

શિયાળાની ઋતુમાં શરીરને ગરમ રાખવા અને ત્વચામાં ભેજ જાળવી રાખવા માટે તમારા આહારમાં ઘી, સરસવનું તેલ અને નારિયેળ તેલનો સમાવેશ કરવો જોઈએ. તેમાં હાજર ચરબી શરીરના પેશીઓ દ્વારા શોષાય છે અને માત્ર શુષ્ક ત્વચાને સાજા કરવામાં મદદ કરે છે, પરંતુ વિટામિન એ, ઇ, કે અને ડીના શોષણમાં પણ મદદ કરે છે. આ વિટામિન્સની ઉણપ માનસિક સ્વાસ્થ્યને અસર કરી શકે છે અને રોગપ્રતિકારક શક્તિને નબળી બનાવી શકે છે. ખાસ કરીને વિટામીન ડીની ઉણપથી ડિપ્રેશન અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ થઈ શકે છે.

આ શાકભાજી વિટામિન્સ, આયર્ન, કેલ્શિયમ, પોટેશિયમ અને આયોડિનથી ભરપૂર હોય છે અને શિયાળામાં વધુ પડતું ખાવાની સમસ્યાથી બચવામાં મદદ કરે છે. આના સેવનથી પેટ ભરેલું લાગે છે, જેના કારણે તમને વધારે ખાવાની આદત પડતી નથી. આ ઉપરાંત તે તમારા બ્લડ સુગરના સ્તરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે અને ડાયાબિટીસનું જોખમ ઘટાડે છે. શિયાળામાં ઓટ્સ, જવ અને મકાઈ જેવા આખા અનાજનું સેવન સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. આ આખા અનાજ તમને ઉર્જા પ્રદાન કરે છે સાથે સાથે તમારા શરીરને ગરમ પણ રાખે છે.





શિયાળાની મોસમમાં આખા અનાજ ખૂબ જ ઉપયોગી છે, કારણ કે તે શરીરમાં સંગ્રહિત કાર્બોહાઇડ્રેટ્સને સરળતાથી તોડવામાં મદદ કરે છે. તે જ સમયે વ્યક્તિએ શિયાળામાં ઠંડા અને કાચો ખોરાક ખાવાનું ટાળવું જોઈએ, કારણ કે તે શરીરને સુસ્ત બનાવી શકે છે. ઠંડા રસ, સ્મૂધી અને કાચો ખોરાક શરીરની ગરમીને દૂર કરી શકે છે, જેના કારણે શરીરમાં ઊર્જાનો અભાવ થાય છે. તેના બદલે વ્યક્તિએ ગરમ સૂપ, હર્બલ ચા અને હળદરવાળું દૂધ પીવું જોઈએ, જે માત્ર શરીરને ગરમ રાખે છે પરંતુ રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે.

મસાલા માત્ર ખોરાકનો સ્વાદ અને સુગંધ જ નથી વધારતા, પરંતુ શરીરને ગરમ પણ રાખે છે. શિયાળામાં મસાલા તમારી બ્લડ સુગરને નિયંત્રિત કરવામાં, પરિભ્રમણને સુધારવામાં અને પાચન પ્રક્રિયાને સરળ રાખવામાં મદદરૂપ છે. વધુમાં, મસાલા માનસિક રીતે આરામ આપે છે અને તમારો મૂડ સુધારે છે. શિયાળામાં દરરોજ ગરમ તેલથી શરીર પર માલિશ કરવાથી શરીર ગરમ રહે છે એટલું જ નહીં તે ત્વચાને કોમળ અને કોમળ પણ રાખે છે. વ્યાયામ કરતા પહેલા ગરમ તેલથી માલિશ કરવાથી શરીરની પેશીઓમાં ઊંડે સુધી પ્રવેશ થાય છે અને શરીર ગરમ અને સ્વસ્થ રહે છે.

આ સિવાય શિયાળામાં કસરત કરવી પણ અત્યંત જરૂરી છે. તે શરીરને સક્રિય રાખવામાં, કેલરી બર્ન કરવામાં, હાડકાંને મજબૂત કરવામાં અને ક્રોનિક રોગોના જોખમને ઘટાડવામાં મદદ કરે છે. ઋતુ ગમે તે હોય આયુર્વેદ અનુસાર, શિયાળામાં પાચનશક્તિ સારી રહે છે, તેથી વ્યક્તિએ તેની કાળજી લેવી જોઈએ. ઉપવાસ કરવાનું ટાળવું જોઈએ અને જો ઉપવાસ કરવામાં આવે અથવા ઓછી માત્રામાં ખોરાક લેવામાં આવે તો પાચન અગ્નિ શરીરની રચનાને બાળી નાખે છે અને વાતાની તીવ્રતામાં વધારો કરે છે જે રોગ તરફ દોરી શકે છે. શુષ્કતા વાતમાંથી આવે છે. તેથી જંક ફૂડને ટાળવું અને ગરમ દેશી ખોરાક સાથે જોડવું વધુ સારું છે. ■

feedback@bombaysamachar.com

તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# જીવનમાં કોઈ સમસ્યા જ ન હોય એની વિકાસયાત્રા અટકી જાય



(ગતાંકથી ચાલુ)

૫. સમાપનઃ

અહીં આ ધરતી પર એવો કોઇ માનવી નથી જેના જીવનમાં કોઇ ને કોઇ સમસ્યા ન હોય. જીવનનું સ્વરૂપ જ એવું છે કે તેમાં કોઇ ને કોઇ સ્વરૂપની સમસ્યા હોય જ. જીવન જાણે કે સમસ્યાઓની એક હારમાળા છે. આ સમસ્યાઓને અતિક્રમીને પાર નીકળવું એ જ તો જીવનવિકાસની યાત્રા છે.

સમસ્યાઓ વિટંબણાની નથી, પણ જીવનવિકાસનાં સોપાનો છે, તેમ સમજી લઇએ તો સમસ્યા સમસ્યા રહેતી નથી, સમસ્યાનું સ્વરૂપ જ બદલાઇ જાય છે અને આમ થાય તો તેનું નિરાકરણ શોધવું પણ સરળ બની જાય છે.

સમસ્યા સાથે ભય, ચિંતા અને તાણ જોડાઇ જાય તો સમસ્યા મોટી બની જાય છે, પરંતુ સમસ્યા સાથે જો સમજ જોડાઇ જાય તો સમસ્યા હળવી અને નાની બની જાય છે.

જે માનવીના જીવનમાં કોઇ સમસ્યાઓ જ ન હોય તેની વિકાસયાત્રા અટકી જાય છે, તે પથ્થર બની જાય છે. જો આપણે અનિદ્રા અને તેવી અન્ય સમસ્યાઓને વિકાસનાં સોપાનો ગણીએ તો કોઇ સમસ્યાઓ રહેતી નથી. પછી તો આ હળવીફૂલ સમસ્યાઓનું નિરાકરણ પણ સરળતાથી હાથવગું બને છે.

**૧૧. મનોદબાણ અને કૃતિદબાણની યૌગિક ચિકિત્સા**

મનોદબાણ (obesessive reactions) અને કૃતિદબાણ (compulsive reactions) બંને અલગઅલગમનોવિકૃતિઓ છે. આમ છતાં બંનેનાં સ્વરૂપમાં ઘણી સમાનતા હોવાથી તેમનો વિચાર સાથે જ કરવામાં આવે છે.

મનોદબાણમાં વિચારોની અનિવાર્યતા હોય છે. વ્યક્તિ પોતે જાગૃત રીતે ઇચ્છે નહીં, છતાં તેના મણ પર વિચારોનું સતત દબાણ રહ્યા જ કરે, હઠાવવા છતાં વિચારો હઠે જ નહીં, વ્યક્તિની ઇચ્છાવિરુદ્ધ અમુક જાતના વિચારોનું પુનરાવર્તન થયા જ કરે - આ સ્વરૂપની મનોવિકૃતિને મનોદબાણ કે અનિવાર્ય મનોદબાણ (જ્ઞબતયતતશદય યિફભશિંજ્ઞક્ષત) કહેવામાં આવે છે ઘણી વાર વ્યક્તિ સમજે છે કે મારા મનમાં આવતા આ વિચારો નકામા છે, એટલું જ નહીં, પરંતુ આ પ્રકારના વિચારોથી વ્યક્તિની માનસિક શાંતિ અને સમતુલામાં બાધા ઉપસ્થિત થાય છે. આમ છતાં તે વ્યક્તિ વિચારોના આ આક્રમણથી મુક્ત થઇ શકતી નથી. દા. ત. કોઇને પોતે આત્મહત્યા કરી બેસશે તેવા વિચારો સતતસ આવ્યા જ કરે છે. વળી કોઇને કામોપભોગ વિશેના વિચારો સતત આવ્યા કરે છે. વળી કોઇને અન્ય સાથે સંઘર્ષ કે મારામારીના વિચારો આવ્યા કરે છે. કોઇને સ્વજનના મૃત્યુના કે સ્વજનની માંદગી વિશે કાલ્પનિક વિચારો આવ્યા કરે છે. આ પ્રકારના વિચારોમાં ઘણું વૈવિધ્ય અને ઘણી વ્યક્તિગત ભિન્નતા જોવા મળે છે.

વસ્તુતઃ આ પ્રકારની મનોવિકૃતિનો ભોગ બનેલ વ્યક્તિને સાવ અતાર્કિક વિચારો આવ્યા કરે છે. આ વિચારોને વાસ્તવિક્તા સાથે ખાસ સંબંધ હોતો નથી. આ વિકૃતિનો ભોગ બનેલ દર્દી એમ પણ સમજે છે કે મારા આ વિચારો અયોગ્ય અને બિનજરૂરી છે. તે આ અનિવાર્ય વિચારો પર કાબૂ મેળવવા અને તેમાંથી મુક્ત થવા પ્રયત્ન કરે છે, પરંતુ તેમ કરવામાં સફળતા મળતી નથી અને તેથી તે વધુ ઉદ્વિગ્ન બને છે.

અનિવાર્ય મનોદબાણને કારણે વ્યક્તિના જીવનવ્યવહારમાં મુશ્કેલીઓ ઉપસ્થિત થાય છે અને તેના જીવનમાં સમાયોજનના પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

આ બીમારીનો ભોગ બનેલ વ્યક્તિ અત્યંત બેચેની અને તંગદિલી અનુભવે છે. આવી વ્યક્તિઓમાં અકારણ ભય અને વિકૃત ચિંતાના લક્ષણો પણ જોવા મળે છે.

અનિવાર્ય મનોદબાણ જેવી જ બીજી બીમારી કૃતિદબાણ કે અનિવાર્ય કૃતિદબાણ (compulsive reactions) છે.

અનિવાર્ય મનોદબાણમાં વ્યક્તિના મનમાં અબાધિત વિચારો આવ્યા કરે છે અને વ્યક્તિ તેને રોકી શકતી નથી તેવું જ અહીં અનિવાર્ય ક્રિયાદબાણમાં ક્રિયાની બાબતમાં બને છે. આ વિકૃતિમાં દરદી પોતાની ઇચ્છા વિરુદ્ધ કેટલીક વિચિત્ર ક્રિયાઓ કર્યા જ કરે છે. આ ક્રિયાઓ બરાબર અસંગત અને હાસ્યાસ્પદ હોય છે. તે માણસને પૂછવામાં આવે તો તે સ્વસ્થ ચિત્તે વિચારીને જરૂર કહેશે કે મારી આ ક્રિયાઓ બરાબર નથી. આમ છતાં રોકવા પ્રયત્ન કરે તોપણ તે આ ક્રિયાઓને રોકી શક્તો નથી. કોઇ માનસિક ખેંચને પરિણામે વ્યકિતની ઇચ્છા વિરુદ્ધ તેનાથી આવી ક્રિયાઓ થયા જ કરે છે. દા. ત. વારંવાર હાથ-પગ ધોવા, વારંવાર કચરો વાળવો, તાળું બંધ છે કે નહીં તેવી વારંવાર ચકાસણી કરવી, વારંવાર પૈસા ગણવા વગેરે દષ્ટાંતો અવારનવાર જોવા મળે છે.

આ ઉપરાંત કેટલીક વિચિત્ર લાગે તેવી ક્રિયાઓ પુનરાવર્તિત થતી હોય તેવા પ્રસંગો પણ જોવા મળે છે. એક સુખી ઘરની સ્ત્રી કોઇપણ ભોજનસમારંભમાં જાય ત્યારે એક ચમચી ચોરી જ લાવે, અને આમ ન કરે તો તેને ચેન જ ન પડે. એક વ્યક્તિને સ્ટોપર ચોરવાની ટેવી હતી. બારીની સ્ટોપર કાઢી જાય ત્યારે જ તેને ચેન પડે. એક વ્યક્તિને એવી ટેવ કે બીજાના હાથના નખ કાપે નહીં તો તેને ચેન જ ન પડે. એક વ્યક્તિને રસ્તામાં આવતી-જતી મોટરોને સ્પર્શ ન કરે તો ગમે જ નહીં. આવી વિવિધ પ્રકારની કૃતિઓનું દબાણ ભિન્નભિન્ન વ્યક્તિઓમાં જોવા મળે છે.

આવી બધી ક્રિયાઓ સાવ નિરર્થક લાગે છે. દરદી પોતે પણ સ્વસ્થ રીતે વિચારે ત્યારે તેને લાગે છે કે આ બધી ક્રિયાઓ અર્થહીન છે, પરંતુ તે આવી ક્રિયાઓ ન કરે તો તેને ચેન જ પડતું નથી. તે આવી ક્રિયાઓના દબાણમાંથી મુક્ત થવા ઇચ્છે છે, પરંતુ તે મુક્ત થઇ શક્તો નથી. તે આવી ક્રિયાઓના દબાણમાંથી મુક્ત થવા ઇચ્છે છે, પરંતુ તે મુક્ત થઇ શક્તો નથી અને તેને આવી નિરર્થક ક્રિયાઓ અનિવર્યાપણે અને વારંવાર કરવી જ પડે છે.

એક દરદી કલાકો સુધી પોતાના હાથ ધોયા જ કરતો. હાથમાંથી લોહી નીકળે તોપણ તે હાથ ધોયા વિના રહી શક્તો નહીં. અનિવાર્ય કૃતિકબાણનું આવું સ્વરૂપ છે.

કેટલીક વ્યક્તિઓ માટે લૈંગિક ક્રિયાઓ પણ અનિવાર્ય કૃતિદબાણનું સ્વરૂપ ધારણ કરે છે. અનેક વ્યક્તિઓ માટે હસ્તમૈથુન કૃતિદબાણનું સ્વરૂપ ધારણ કરે જ છે.

કેટલીક વાર એવું પણ બને છે કે કોઇ વ્યક્તિ માટે સમાજવિરોધી પ્રવૃત્તિ કૃતિદબાણનું સ્વરૂપ ધારણ કરે છે. આવી વ્યક્તિઓ રીઢા ગુનેગાર બની જાય છે, જેલમાં જાય છે, પરંતુ પોતાની ગુનાઇત પ્રવૃત્તિઓ છોડી શક્તી નથી, કારણ કે તેઓ અનિવાર્ય કૃતિદબાણની બીમારીનો ભોગ બની જાય છે. બરબાદ થઇ જાય તોપણ દષ્ટાંતો છે.

અનિવાર્ય કૃતિદબાણનાં લક્ષણો અનિવાર્ય વિચારદબાણને ખૂબ મળતાં આવે છે. અનિવાર્ય વિચારદબાણમાં વિચારોની અનિવાર્યતા છે અને અનિવાર્ય કૃતિદબાણમાં ક્રિયાની અનિવાર્યતા છે.

અનિવાર્ય કૃતિદબાણનું પ્રધાન લક્ષણ એ છે કે દરદી અમુક ક્રિયા કર્યા વિના રહી શક્તો નથી. આ ક્રિયા ભિન્નભિન્ન દરદીમાં ભિન્નભિન્ન હોઇ શકે છે. આમાં વ્યક્તિગત ભિન્નતાને ખૂબ અવકાશ છે. પરંતુ સર્વમાં સામાન્ય એવું લક્ષણ એ છે કે દરદી અવશપણે અને અનિવાર્ય સ્વરૂપે અમુક ક્રિયા કે ક્રિયાઓ વારંવાર કર્યા જ કરે છે. વળી અનિવાર્ય ક્રિયાદબાણનો દરદી કોઇ એક જ ક્રિયાનું પુનરાવર્તન કરે છે, તેવું નથી. કોઇ વાર દરદી અનેક ક્રિયાઓનું પુનરાવર્તન કર્યા કરે તેવું પણ જોવા મળે છે.

દરદી પોતાની આ નિરર્થક ક્રિયાઓમાંથી છૂટવા માટે જેમજેમ પ્રયત્નો કરે છે તેમતેમ તેના આવેગો બળવત્તર બનતા જાય છે અને તે પ્રવૃત્તિઓ વારંવાર કરાવે છે. વ્યક્તિ પ્રયત્ન કરવા છતાં તેમાંથી છટકી શક્તી નથી અને નિરર્થક ક્રિયાઓની જાળમાં વધુ ને વધુ ફસાતી જાય છે, અનિવાર્ય કર્તૃત્વદબાણની ક્રિયાનું વારંવાર પુનરાવર્તન થયા જ કે છે. 'મેકબેથ' નાટકમાં લેડી મેકબેથ વારંવાર હાથ ધોયા જ કરે છે.

આંખો પટપટાવવી, વાળ ખેંચવા, પગ હલાવવા, પોતાની ટાઇની બાંધછોડ કર્યા કરવી, પો.તાની સહી કર્યા કરવી- આવી નિરર્થક ક્રિયાઓનાં આવર્તનો પણ વ્યક્તિ કર્યા કરે છે.

અનિવાર્ય વિચારદબાણ કે જેને આપણે મનોદબાણની કારણમીમાંસા મહદંશે સમાન છે, તેથી આ બંનેની કારણમીમાંસાનો આપણે અહીં સંયુકત રીતે વિચાર કરશું.

અનિવાર્ય મનોદબાણ અને અનિવાર્ય કૃતિદબાણનાં કારણો ચીને પ્રમાણે હોય તેમ લાગે છે.

**૧. ભયઃ**

ભય માનવીને વૈચારિક તળ પર કે ક્રિયાના તળ પર - અનિાર્ય વ્યવહાર તરફ અવશપણે દોરે છે. દરદીને અવશપણે દોરનાર- ધક્કો મારનાર તત્ત્વ જાગૃત કે અજાગૃત ભય હોય તેમ લાગે છે. 'હું આ ક્રિયા ન કરું તો મારું શું થશે?' કે 'હું આ વિચાર ન કરું તો મારું કાંઇક અમંગલ થઇ જશે તો?' - આ પ્રકારનો ભય વ્યક્તિને અવશપણે વિચાર કે ક્રિયા તરફ ધક્કો મારે છે. આ બીમારીથી પીડાતી વ્યક્તિને જો જોરપૂર્વક તેના અનિવાર્ય વિચારો કે કૃતિથી રોકવામાં આવે તો તે એકદમ ભયભીત અને નારાજ થઇ જાય છે. તેને કોઇ અમંગલની આશંકા જાગે છે, 'જો હું આ દરવાજાને ત્રણ વાર સ્પર્શ નહીં કરું તો મારી માતા મૃત્યુ પામશે'- આવા કાલ્પનિક અમંગલના ભયથી વ્યક્તિ વારંવાર તે દરવાજાને સ્પર્શ કરતી જોવા મળે છે.

જો તેની આ ક્રિયામાં કોઇ બાધા કરવામાં આવે તો તે ખૂબ વ્યગ્ર બની જાય છે અને તેની અમંગલની આશંકા ખૂબ તીવ્ર બની જાય છે અને તેની કૃતિદબાણનો વેગ પણ ખૂબ તીવ્ર બની જાય છે.

અનિવાર્ય કૃતિદબાણ અને અનિવાર્ય મનોદબાણની પાછળ કામ કરનાર ભય મહદંશે અજાગૃત અને ગ્રંથિના સ્વરૂપનો હોય છે. આમ છતાં આ ભયના અણસાર તે વ્યક્તિના જાગૃત મન પર અને વ્યવહાર પર પણ જોવા મળે જ છે. અજાગ્રત ભય અને ભયગ્રનથિનું જોર વધુ હોય છે. કારણ કે જાગૃત કરતાં અજાગૃત પરિબળો બળવાન હોય છે. આમ હોવાથી જ દરદીનું મનોદબાણ અને કૃતિદબાણ ઘણું હઠીલું બની જાય છે.

'હું આમ નહીં વિચારું કે હું આ ક્રિયા નહીં કરું તો મારું કે મારાં સ્વજનોનું કાંઇક અમંગલ થઇ જશે'- આવી ભયજનિત આશંકા અનેક વાર મનોદબાણ અને કૃતિદબાણ માટે પ્રેરકબળ તરીકે કાર્ય કરતી હોય તેમ જોવા મળે છે. ■

feedback@bombaysamachar.com

મોજની ખોજ

સુભાષ ઠાકર

# ગીતા કોર્ટમાં નઈ, હાર્ટમાં જોઈએ



બા અદબ ,બા મુલાયજા હોશિયાર' છડીદારે કોર્ટમાં છડી પોકારી 'બોલનેમે ઓર લીખનેમે જો કભી (ક)ભી હસા નહીં શકા ફિરભી અપને કો હાસ્યકલાકાર -લેખક કા ભ્રમ મે ઓર વહેમ મે રહેતા હૈ વો ફેકું કુમાર સુભાષ ઠાકર કોર્ટ કે કઠેડેમે હાઝીર હો.... ઓ... ઓ.... ઓ'

અંધેરીથી બોરીવલી જેવડું લાંબુ 'હોઓઓઓ..' પૂરું થયુ .. બસ, આટલી જ બૂમે જેવો મારા કાનમાં પ્રવેશ કર્યો ને હું થોડો હલબલી ગયો. જોરદાર પવનથી વૃક્ષનું પાંદડું ફરફરે એમ કાનની અંદરના પડદા ધ્રૂજ્યા, મારી ૫૬ની છાતી લજામણીના છોડની જેમ ઝૂઉઉઉમ કરતી સંકોચાઈને ૨૮ની થઈ ગઈ. કેમ? કેમ શું વળી, આ મારું જ નહીં મારી વાણી, મારું સાહિત્ય, મારી કલા, કોલમ ને કલમનું ઘોર ખતરનાક અપમાન હતું. અરે યાર, એક મામૂલી છડીદાર મને 'ફેકું' કહે તો એને જ ઉઠાવીને ફેકી દેવાનું મન ન થાય? છડીદારના આવા ભયંકર અપમાનથી મારો ચહેરો મહારાષ્ટ્રમાં હારેલી કૉંગ્રેસ જેવો થઈ ગયો. હોસ્પિટલના દર્દીની જેમ મને પકડીને લાવવો પડ્યો ને હું કઠણ હૈયે કઠેડામાં ગોઠવાયો.

'મિસ્ટર ઠાકર' કોર્ટ કલાર્કે શુભારંભ કર્યો : ગીતા પર હાથ મૂકીને સોગંધ ખાઓ કે જે કહીશ એ સત્ય જ ..'

મેં નામદાર જજ તરફ ફરીને કહ્યું :

સોરી મિલોર્ડ,ડોન્ટ ફોર્સ મી, યુ નો? હજી ગયા અઠવાડિયે લોકલ ટ્રેનની ભીડમાં ભૂલથી અમારી સામેવાળી સોસાયટીની ગીતા ગટ્ટીના માથા પર હાથ મુકાઇ ગયો તો ટણપી આશીર્વાદ સમજવાને બદલે ભડકી ને મારી સામે કેસ ઠોકી દીધો ને કોર્ટ મને ગીતા પર હાથ મૂકવાનો હુકમ કરે છો? હવે તો હું કોઇપણ ગીતા પર હાથ પગ કે માથું કશું જ મૂકીશ નહીં ને કશું લઇશ પણ નઇ ? નામદાર.. શરમ આવવી જોઈએ હું સળંગ ભડકેલ મૂડમાં જ હતો

'અરે, પણ હું શું કામ શરમાઉ' જજે નાનકડો પિત્તો ગુમાવ્યો .

આપે નઇ મારા બાપ , પેલી ગીતાડીએ, સાલી દેખાય છે બટકી મનોરમાં જેવી ને વહેમ છે માધુરી દીક્ષિતનો હું મારી હૈયાવરાળ ઠાલવતો હતો :

'ઘરમાં કેશની તંગી છે ને મારી સામે કેસ કરવો છે !'

ત્યાં પેલા કોર્ટ કલાર્કે મારો હાથ પકડીને ગીતાના દળદાર ગ્રંથ પર મુકાવ્યો : આ ધાર્મિક ગીતા પર હાથ મૂકો'

'મિલોર્ડ, માફ કરો મારા વ્હાલીડા. હું કોઈ પણ પ્રકારની ગીતા પર હાથ મુકતા અંદરથી ગભરાઈ જાઉ છું'

'તમે અંદરથી ગભરાઓ કે બહારથી ,આ કોર્ટ છે ને હું ..'

'તો મે ક્યાં કીધું કે આ મીઠાઈની દુકાન છે ને આપ કંદોઇ છો !'

'કોર્ટમાં હાસ્યનું મોજું ફરી વળ્યું. 'ઓર્ડર ઓર્ડર....' જજે ટેબલ પર હથોડો પછાડ્યો .

'ઓર્ડરમાં તો સાહેબ, અઢીસો ભાવનગરી ગાંઠિયા ને એક ચા ને આપને પીવી હોય તો..'

'અબ્બે ચૂપ ... તારા જવાબથી મને માથામાં હથોડો પછાડવાનું મન થાય છે'.

'તો બિન્દાસ પછાડો.. મિલોર્ડ, હથોડો તમારો,માથું તમારું,. કોર્ટ તમારી તે તમે માથા પર પછાડો કે પીઠ પર પછાડો મારાથી થોડી ના પડાય ?'

'અરે, ઠાકર તમે બહુ નસ ન ખેચો... ઓર્ડર શબ્દ એ બધાને શાંત કરવાનો સંકેત છે. તમે પહેલી વાર છો એટલે સમજાવવું પડે છે. ચાલો, હવે ગીતાના...'

સોગંદ ખાઓ બરાબર? આઈ નો કે ગીતા માત્ર સોગંદ ખાવા માટે જ બચી છે ને મારા ઘરમાં સમ ખાવા પૂરતી પણ ગીતા નથી,પણ આપ જીદ કરો છો તો ખૂ .. ખૂ.. ખૂ.. ખૂ

'અરે, ઉધરસ પછી ખાજો પહેલાં ગીતાના સમ ખાઓ'

'અરે સમની ક્યાં માંડો છો.. ખૂ .. ખૂ.. ખૂ.. ખૂ .. પ્લીઝ, જલ્દી ગીતા હટાવી લો ,ધૂળ ઊડે છે એની... રજકણ જો નસકોરામાં પ્રવેશી તો ઉધરસની બહેન છીક પ્રગટ થશે ને ભુંઉઉઉમ કરતો ફુવારો છૂટશે ...પ્લીઝ, હટા લો હટા લો હટા લો યે દુનિયા મેરે સામનેસે હટા લો એ દુનિયા...ખૂ.....ખૂ ....ખૂ ..'

ગીતા પાછી લઈ લેવામાં આવી.

હાઆઆઆશ .. હવે શ્વાસ હેઠો બેઠો તમે તો કોકના શ્વાસ બંધ કરાવી દેશો બોસ... નામદાર, તમે સાચું કહેજો કે આ ગીતા છેલ્લે કોણે ને ક્યારે ખોલીને જોઈ- વાંચી છે ખરી?'

'અરે, પણ અમે શું કામ?'

'અરે માય ડિયર મિલોર્ડ , ગીતાનું એકાદ વાક્ય જો વાસ્તવિક જીવનમાં ઊતરે તો હું કઠેડામાં ન હોત....બાકી, હું જે કહીશ એ સત્ય જ કહીશ, સત્ય સિવાય બીજું કઇ નહીં કહું' એ વાક્ય જ સૌથી અસત્ય છે. ફરિયાદી ને આરોપી બંને ગીતા પર હાથ મૂકીને સત્ય કંઇ રીતે બોલે? કોઈ એક તો જુઠ્ઠું છે. સાચું પૂછો તો મિલોર્ડ, ગીતા કોર્ટમાં હોય કે ન હોય ,હાર્ટમાં હોવી જોઈએ. બાકી સંસદ અને ખુદ ન્યાયાલય જેવાં પવિત્ર સ્થાન તથા ગીતાને નેતા લોકોએ અપવિત્ર બનાવી દીધા છે....અરે મિલોર્ડ, ચૂંટણીનાં પરિણામ આવ્યા પછી હવે આ બધા પદ મેળવવા એકબીજાના પદ(પગ)પકડશે . બાળક જેવી જીદ પકડશે કે મને ફલાણું કે ઢીકણું ખાતું નઇ આપો તો મારો ટેકો પાછો ખેંચી લઇશ..'. કેવા ખેલ ચાલે છે અહીં...જે પહેલા એકબીજાને સુરતી ગાળો દેતા હતા એ હવે સાથે મળીને ગોળધાણા ખાય છે ને બાપુ, ડોન્ટ ફિલ બેડ ...પણ જેમ લાકડાના કીડા આખી ખુરશી ખાઈ જાય છે પણ ખુરશીના કીડા તો આખા દેશને..... સમજી ગયાને ?! '

સહેજ શ્વાસ લઈને મેં આગળ ચલાવ્યું:

'મિલોર્ડ, એક વાત માનશો? ગીતા હોય કે ઉપનિષદ, રામાયણ હોય કે મહાભારત, બાઇબલ હોય કે કુરાન .. કોઈ ગ્રંથ પર હાથ મૂકવાથી જુઠ સત્યમાં નથી પલટાતું ને સત્ય બોલવાવાળાને કોઈ ગ્રંથ પર હાથ મૂકવાની જરૂર નથી.. બોલો, (અ )સત્ય નારાયણ દેવકી જય ..!'

શુ કહો છો ? ■

feedback@bombaysamachar.com

**સ્વાસ્થ્ય સુધા**

શ્રીલેખા યાજ્ઞિક

# શિયાળાનું જાદુઈ પીણું - કાંજી સ્વાસ્થ્યને ટકાટક બનાવવામાં લાભકારી



શિયાળામાં વિવિધ વાનગી-વસાણાં વગેરે ખાઈને સંપૂર્ણ સ્વાસ્થ્યને વર્ષભરની શક્તિ મળી રહે તેની કાળજી લેવાતી હોય છે. તેમાં પણ લીલા શાકભાજી કહો કે તાજા ફળોને આરોગવાથી એક અનેરો સંતોષ મળે છે. શિયાળામાં ગરમા-ગરમ ચા, કૉફી, ઉકાળો કે કઢિયેલ દૂધ પીવાતું હોય છે. ઠંડીની મોસમમાં એક એવું પીણું ખાસ પીવામાં આવે છે, જે સ્વાસ્થ્ય માટે અત્યંત ગુણકારી ગણાય છે. જે 'કાંજી'ના નામે ઓળખાય છે. નામ સાંભળીને આપ કદાચ આશ્ચર્ય પામ્યા હશો. આતે વળી કેવું પીણું જે ઠંડીમાં પીવાથી તંદુરસ્તી જાળવવામાં મદદ મળે છે. જી..હા, કાંજી એક એવું પીણું છે જેનો મહત્તમ ઉપયોગ ઉત્તર પ્રદેશ, હિમાચલ, મધ્ય પ્રદેશ, રાજસ્થાન જેવાં રાજ્યોમાં કરવામાં આવે છે. કાંજી 'જાદુઈ કાઢા' તરીકે ઘણું જાણીતું છે. કાંજી પીવાનું મુખ્ય કારણ છે શિયાળામાં શરદી-ખાંસી -તાવ જેવા બૅક્ટેરિયાથી પ્રસરે તેવા રોગ થવાની શક્યતા વધી જતી હોય છે. આવા સંજોગોમાં પ્રોબાયોટિક ગણાતું પીણું પીવાથી તંદુરસ્તી જળવાઈ રહે છે. વળી આ પીણાની ખાસ વાત તેને ઘરમાં જ સરળતાથી બનાવી શકાય છે. પ્રોબાયોટીક હોવાને કારણે આંતરડા માટે અત્યંત ઉપયોગી ગણાય છે. વળી પાચનક્રિયાને મજબૂત બનાવવામાં મદદ કરે છે.

કાંજી વિવિધ રીતે બનાવી શકાય છે. કેટલીક જગ્યાએ કાળું ગાજર-બીટનો ઉપયોગ કરીને બને છે. તો ક્યાંક લાલ ગાજર-બીટનો ઉપયોગ થાય છે. ખાસ મસાલામાં રાઈને વાટીને, સંચળ, હિંગ, મરી વગેરેને પાણીમાં સ્વાદ વધારવા ભેળવવામાં આવે છે. જેનાથી કાંજીનો રંગ તેમજ સ્વાદ બંને અત્યંત આહ્લાદક્ બની જાય છે. ચોખાને બાફીને રાતભર મોળી છાસમાં રાખ્યા બાદ તેમાં આછો મસાલો કરીને પીવામાં આવે છે. તો રાજસ્થાનમાં કાંજીવડાનો ઉપયોગ ખાસ કરવામાં આવે છે. એવું કહેવાય છે કે શિયાળામાં ખવાતી-પીવાતી વિવિધ વસ્તુઓ વર્ષભરની શક્તિ વ્યક્તિને બક્ષે છે. કડકડતી ઠંડીમાં રોગપ્રતિકારક શક્તિ વધારવામાં વિવિધ વસાણાની સાથે કાંજી અત્યંત ઉપયોગી સાબિત થાય છે. આમ તો કાંજી એક આથો લાવીને તૈયાર કરવામાં આવતું પીણું ગણાય છે. સ્વાસ્થ્યવર્ધક પીણું પીવા માટે થોડી ધીરજની આવશ્યક્તા પડે છે. શિયાળામાં સૂર્યપ્રકાશની અસર કેવી રહે છે તેની ઉપર પીણું બનવાનો સમય નક્કી થાય છે. મુંબઈ જેવા શહેરમાં પીણામાં આથો આવવાનો સમય ઓછો હોઈ શકે. જ્યારે ઉત્તર પ્રદેશ, પંજાબ જેવા રાજ્યોમાં ઠંડીનું પ્રમાણ વધુ હોવાને કારણે કાંજી પીણું બનતાં ૨-૩ દિવસનો સમય લાગી શકે છે. ઠંડીની મોસમમાં મનભરીને તળેલું ભોજન અનેક વખત કરવામાં આવતું હોય છે. વારંવાર ભારે ખોરાક લેવાને કારણે પાચનક્રિયા મંદ પડી જતી હોય છે. કબજિયાતની તકલીફ વધવા લાગે છે. જેના ઉપચાર માટે ગાજર-બીટ, ચોખા કે દાળની કાંજી બનાવીને પીવામાં આવે છે. દાદી-નાનીના વખતથી ચાલી આવતી આ પ્રાચીન પ્રથા છે. જેને પ્રોબાયોટિક પીણાં તરીકે ઓળખવામાં આવે છે. પ્રોબાયોટીક ભોજન એટલે કે જેમાં તંદુરસ્ત બેક્ટેરિયા હોય છે. જે સૂક્ષ્મ જીવંત જીવાણું છે જે શરીરની તંદુરસ્તી વધારવામાં મદદ કરે છે. પાચનક્રિયા સુધારવામાં ઉપયોગી ગણાય છે. કબજિયાત, આફરો ચઢવો, પેટ ફૂલી જવું જેવી તકલીફને દૂર કરવામાં મદદ કરે છે. પાચનક્રિયા ત્યારે જ નબળી પડે છે જ્યારે શરીરમાં ખરાબ જીવાણું સારા જીવાણું ઉપર હુમલો કરે છે. ખરાબ બેક્ટેરિયા રિફાઈન્ડ કાર્બોહાઈડ્રેટને કારણે વધે છે. જ્યારે પ્રોબાયોટીક ભોજન શરીરમાં સારા જીવાણુંની સંખ્યા વધારવામાં મદદ કરે છે.

## કાંજી બનાવવાની રીત

**સામગ્રી:** ૨-૩ કાળા ગાજર અથવા ૨-૩ લાલ ગાજર, ૧ નંગ બીટ, ૨ ચમચી પીળી રાઈના દાણાની પેસ્ટ, ૧ ચમચી કાળી રાઈના દાણાની પેસ્ટ, ૧ ચમચી લાલ મરચું, ચપટી હિંગ, ૧ ચમચી વરિયાળી, ૧ ચમચી સરસિયાનું તેલ, ૨ લિટર પાણી, સ્વાદાનુસાર સંચળ.

**બનાવવાની રીત :** રાઈના દાણાને ૧ કલાક માટે પાણીમાં પલાળી લેવા. ત્યારબાદ તેની પેસ્ટ બનાવી લેવી. ગાજર તથા બીટને છોલીને નાના ટૂકડા કરી લેવાં. ૧ લિટર પાણીને ઉકાળીને ઠંડું કરવું. એક કાચની બરણીમાં ગાજર, બીટ, રાઈના દાણાની પેસ્ટ, સંચળ, વરિયાળી, લાલ મરચું, હિંગ, તેલ વગેરે ભેળવવું. પાણી ઠંડુ થાય એટલે બરણીમાં ઉમેરવું. બરણીની ઉપર સફેદ રૂમાલ બાંધીને ૨-૩ દિવસ તડકામાં રાખવું. ત્યારબાદ તે પીવા માટે તૈયાર છે. વધેલું પાણી ફ્રિઝમાં રાખવું.



**દક્ષિણ ભારતમાં પીવાતી ચોખાની કાંજી :** ચોખાની કાંજી બનાવતી વખતે ૧ વાટકી ચોખાને બાફી લેવા. તેને છાસમાં પલાળીને માટીના વાસણમાં રાખવા. તેમાં જીરૂ, લીલું મરચું, કોથમીર, મીઠા લીમડાનો વઘાર કરીને રાત્રિભર રાખવું. સવારે તેને બરાબર મિક્સ કરી લેવું. નરણાં કોઠે પી લેવું.

રાજસ્થાનમાં બનાવવામાં આવતાં કાંજી વડાને શિયાળામાં તથા હોળી જેવા પર્વમાં ખાસ બનાવવામાં આવે છે. પાણીને ઉકાળીને ઠંડું કર્યા બાદ તેમાં હળદર, સંચળ, વાટેલી પીળી રાઈ, કાળી રાઈ, જીરૂ, હિંગ, મીઠું ભેળવીને કાચની બરણીમાં તડકામાં ૩-૪ દિવસ રાખીને તૈયાર કરવું. મગની પીળી દાળને પલાળીને તેના વડા બનાવીને તૈયાર કરેલ કાંજીમાં પલાળીને દહીંવડાની જેમ તેનો સ્વાદ માણવામાં આવે છે. જે અત્યંત સ્વાદિષ્ટ લાગે છે.

## કાંજી પીવાના સ્વાસ્થ્ય લાભ

**શક્તિવર્ધક પીણું :** ઠંડીમાં સામાન્ય રીતે વિવિધ વસાણા ખાઈને શરીરને શક્તિવર્ધક બનાવવામાં આવે છે. જેમાં ઘી-ગુંદર-ગોળ-તલ-અડદ જેવી વસ્તુનો ઉપયોગ ભરપૂર કરવામાં આવે છે. જે શરીરમાં કેટલાંક પ્રમાણમાં ચરબી વધારે છે. તેને બદલે કાંજી જેવું પીણું પીવામાં આવે તો શરીરમાં ત્વરિત શક્તિનો સંચાર થવા લાગે છે. વડીલો એવું માનતા કે કાંજી પીવાથી દિવસભર નબળાઈ, ચક્કર આવવાં, થાક લાગવો, આંતરડાની વિવિધ તકલીફની ફરિયાદ રહેતી નથી.

**પાચનક્રિયા મજબૂત બને છે :** કાંજીમાં ફાઈબરની માત્રા ભરપૂર હોય છે. જે જઠરાગ્નિમાં રહેલાં પ્રવાહીને પચાવીને મુલાયમ જેલી જેવું બનાવી દે છે. વળી લોહીમાં ગ્લુકોઝની માત્રા જાળવી રાખવામાં મદદ કરે છે.

**સોજા ઘટાડવામાં ઉપયોગી :** ઠંડીમાં શરીર જકડાઈ જવું કે હાથ-પગ ઉપર સોજા આવવા આમ વાત બની જાય છે. કેટલાંક અધ્યયન દ્વારા એવું જાણવા મળ્યું છે કે કાંજી બનાવતી વખતે જો કાળા ગાજરનો ઉપયોગ કરવામાં આવે તો યૂરીનરી ટ્રેક ઈન્ફેક્શનને રોકવામાં મદદ મળે છે.

**આંખો માટે લાભકારી :** કાંજી પીણું આંખો માટે વરદાન સમાન માનવામાં આવે છે. તેનું મુખ્ય કારણ કાંજી બનાવવા માટે તેમાં વપરાતા ગાજર મનાય છે. કેમ કે ગાજરમાં ઍંથોસાયનિન હોય છે. જે દૃષ્ટિ તેમજ આંખમાં લોહીના પરિભ્રમણને સુધારવામાં અત્યંત ગુણકારી ગણાય છે.

**વિવિધ વિટામિનનો ખજાનો સમાયેલો છે :** કાંજીમાં તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે આવશ્યક વિટામિન્સનો ખજાનો સમાયેલો છે. વિટામિન -સી રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે આવશ્યક છે. જે ત્વચાને ચમકદાર બનાવે છે.

**શરીરને પૂરતાં પ્રમાણમાં પ્રવાહી પૂરું પાડે છે :** શિયાળામાં પાણીની તરસ ઓછી લાગે છે. તો વળી અનેક લોકો વારંવાર પાણી પીતા રહેવું ભૂલી જાય છે. શરીરમાં પાણીની ઉણપ થતાં ત્વચા બરછટ બને છે. તો અનેક વખત વ્યક્તિ ગંભીર સમસ્યાનો શિકાર બની જતી હોય છે. જેમ કે કબજિયાત, નબળાઈ લાગવી, ચક્કર આવવા વગેરે. કાંજી બનાવતી વખતે તેમાં રાઈને વાટીને ઉમેરવામાં આવે છે, જે સ્વાસ્થ્ય માટે કુદરતી ઈલેક્ટ્રોલાઈટસ્ પુરું પાડે છે. ઠંડીની મોસમમાં તથા અન્ય કાર્ય કરવામાં શરીરમાંથી મિનરલ્સ ઘટી જતાં હોય છે તે કાંજીના સેવનથી પાછા મળી રહે છે.

ઍક્ટર નીતૂ કપૂર તથા આલિયા ભટ્ટની ચમકદાર ત્વચા ચોખાની કાંજીને આભારી છે, આ વાત તેમણે ખાસ ઈન્ટરવ્યુમાં જણાવી હતી. વહેલી સવારે ચોખાની કાંજી પીવાથી શરીરની પાચનક્રિયા કાયમ માટે સુધરી જાય છે. ■

feedback@bombaysamachar.com

**આહારથી આરોગ્ય સુધી**

ડૉ. હર્ષા છાડવા

# શરીરની સાત ધાતુ



માનવ શરીર સપ્ત ધાતુઓથી બનેલું છે. રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર. આ ધાતુઓનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે જે આપણા શરીરનું નિર્માણ અને પોષણ કરે છે સાથે સાથે શરીરની સંરચના કરવામાં સહાયક હોય છે. રસ એટલે પ્લાઝમા, રક્ત એટલે લોહી, મેદ એટલે વસા (ફેટ), અસ્થિ એટલે હાડકાં, મજ્જા એટલે બોનમેરો અને શુક્ર એટલે પ્રજનન સંબંધી ઉત્તક (વીર્ય) કે રિપ્રોડક્ટિવ ટિશ્યૂ.

ધાતુઓનું નિર્માણ આપણે ખોરાક દ્વારા કરીએ છીએ. ખાવાનું પાચક અગ્નિથી પચ્યા બાદ તે ઘણી બધી પ્રક્રિયાથી પસાર થાય છે જે બે ભાગમાં વિભાજિત થાય છે એક સાર એટલે કે ભોજન દ્વારા પોષક તત્ત્વ અને ઊર્જા. જે વાયુ દ્વારા લોહીમાં પહોંચે છે પછી લોહી દ્વારા ધાતુઓ બને છે. બીજો છે મલ જે ભોજન પછી અપશિષ્ટ બનીને શરીરની બહાર નીકળી જાય છે.

રસ ધાતુ- આનું નિર્માણ પાચનતંત્રમાં થાય છે. આ રસ રક્ત દ્વારા આખા શરીરમાં ફેલાઈ જાય છે. આનું મુખ્ય કામ છે તૃપ્તિ, સંતુષ્ટિ અને પ્રસન્નતા પ્રદાન કરવાનું. પાચન શક્તિ નબળી હોય ત્યારે આ રસ ધાતુમાં બગાડ થાય અને ઊલટી થવી, થાક લાગવો, સૂકાપણું, શ્વાસની તકલીફો થાય છે. તેમજ ભૂખ ન લાગવી, મોઢાનો સ્વાદ બગડવો, તાવ, વાતાવરણ સુખદ ન લાગવું. રસ ધાતુને સુધારવા માટે ઔષધિઓ તો ઘણીય છે, પણ પહેલાં ભોજનમાં સુધારાની ગરજ હોય છે. અતિ તીખા, અતિ ખાટા, અતિ ગળ્યા કે કડવા ખાનપાન ને કારણે તેમજ આહારમાં રસાયણયુક્ત હોય તે સમસ્યા છે. રસ ધાતુ ખરાબ થતાં લોહીમાં આ ધાતુ લોહીનો પણ બગાડ કરે છે.

રક્ત ધાતુ- શરીર માટે સૌથી મહત્ત્વપૂર્ણ છે. આની મદદથી બધાં અંગોને પોષણ મળે છે. બધી ઈન્દ્રીયોને સાન મળે છે. તે રક્ત ધાતુને કારણે સંભવ છે. રક્ત ધાતુ સારી રહેતાં ત્વચા અને આંખોમાં લાલિમા જણાય છે. રક્ત ધાતુ બગડતાં ચામડી સૂકી થાય છે તે સૌથી પહેલા જણાય છે. રક્ત ધાતુ બગડતા અનેક રોગો જેવા ચામડીના રોગો, મોઢામાં છાલા પડવા, પેટમાં ગાંઠો થવી, કમળો, સ્ત્રી રોગ, મોઢા પર ફોડા ફૂસી મસા થવા વગેરે થાય છે. રક્ત ધાતુ બગડવાની અસર માંસ ધાતુ પર થાય છે.

માંસ ધાતુ- માંસ ધાતુનું મુખ્ય કામ માંસપેશીઓનું નિર્માણ કરવાનું છે. માંસપેશીને કારણે શરીરને શક્તિ મળે છે. ને શરીરના પૂરા ઢાંચાની સુરક્ષા પ્રદાન કરે છે. માંસ ધાતુ ખરાબ થતાં શરીરમાં ભારીપણું જણાય છે. વધી જતાં શરીરના અંગો પર ભાર જણાય છે જેથી જાંઘો પર વૃદ્ધિ થાય છે. ગળાની ગ્રંથિઓના આકાર બદલાય છે. માંસ ધાતુની ઓછપને કારણે શરીર નબળું, દુબળાપણું, સૂકાપણું, રક્તવાહિકા નબળી પડવી વગેરે થાય છે. માંસ ધાતુની ખરાબી મેદ ઉપર અસર કરે છે.

મેદ ધાતુ- મેદ શરીરને આકાર, ચીકણાપણું અને ગર્મી આપવાનું મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે. વધુ મેદ થતાં કે બગડતાં થોડી મહેનત કરતાં થાક જણાય, શરીરમાંથી દુર્ગંધ આવવી, પેટ લટકવું, શરીરનો આકાર બગડી જવો વગેરે થાય છે, મેદ ધાતુની ઓછપના કારણે હાથ પગમાં જલન, વાળ વિખરાયેલા કે જટિલ બની જાય, તરસ વધુ લાગવી, શરીર સુન્ન થવું, આળસ, વધુ પસીનો થવો વગેરે મેદ ધાતુનો સુધાર પર જો ધ્યાન ન આપવામાં આવે તો હૃદય માટે જોખમકારક છે. મેદ વધે તેવી વસ્તુઓનું સેવન બંધ કરવું જરૂરી બની જાય છે. જીવનશૈલીમાં સુધાર તેમજ બે ભોજન વચ્ચેનું અંતર લાંબું રાખવું. મેદ ધાતુ ખરાબ થતાં હાડકાંઓ પર અસર જણાવાનું ચાલુ થઈ જાય છે.

અસ્થિધાતુ- શરીરના ઢાંચાને ઊભું રાખવા માટે કે યોગ્ય આકાર આપવાનું કાર્ય અસ્થિ ધાતુનું છે. અસ્થિ ધાતુ નબળું પડતાં હાડકાંમાં સખત દુ:ખાવો, નખ ટૂટવા, વાળ ટૂટવા, વાળ ન આવવા, દાંત કમજોર કે જલદી નીકળી જવા જેવી વ્યાધિઓ થાય છે. શરીરના અસ્થિ મજબૂત રાખવા કેલ્શ્યિમની ગરજ પડે છે. ફોસ્ફરસની પણ ગરજ પડે છે હાડકાંના પોલાણમાં ઘણીય ધાતુઓનું નિર્માણ, લોહી બનાવવાનું કાર્ય બોનમેરો કરે છે જેને આપણે મજ્જા કહીએ છીએ.

મજ્જા ધાતુ- મજ્જા ધાતુ એટલે બોનમેરો - બોનમેરો હાડકાંના જોડોની વચમાં ચીકણું દ્રવ્ય છે જે હાડકાંની જોડને મજબૂત બનાવે છે. આ બગડતાં ચક્કર આવવા, આંખોમાં અંધારા આવવા, બોન કેન્સર, લોહીનું કેન્સર થવું એ બોનમેરોમાં વૃદ્ધિનું કારણ છે. આની ઓછપથી ઓસિયોપોરોસિસ, હાડકાંમાં કમજોરી, આર્થરાઈટીસ અને શુક્રધાતુની સમસ્યાઓ થાય છે.

શુક્ર ધાતુ- સૌથી અંતિમ બને છે જે શક્તિશાળી અને મહત્ત્વપૂર્ણ ધાતુ છે. આનો સંબંધ શરીરના પ્રજનન સંબંધી ટિશ્યૂ છે. આની અધિક વૃદ્ધિ થતાં કામવાસનામાં વૃદ્ધિ, શુક્રમાર્ગમાં પથરી થાય છે. આની ઓછપના કારણે શરીરમાં અધિક નબળાઈ, થાક, એનિમિયા, નપુંસકતા, અપંગ કે વિકૃત બાળક જન્મવા વગેરે થાય છે.

આ સાતેય ધાતુ એકબીજાથી જોડાયેલી છે. આ ધાતુઓની વૃદ્ધિ કે ઓછપ આપણાં પાચક અગ્નિની સ્થિતિ પર નિર્ભર છે. કોઈ એક ધાતુનું બગડવું એ આગળની ધાતુ પરની વૃદ્ધિ કે ઓછપના લક્ષણ દેખાય છે. શરૂઆતની સ્થિતિ એટલે પાયો જે રસ ધાતુ છે તે મજબૂત હોવું જરૂરી છે.

હાલની ઋતુ શિયાળો ચાલી રહ્યો છે. વાતાવરણ સુખદ છે બજારો પણ અવનવી શાકભાજીઓ, પાંદડાવાળી ભાજીઓ, રસદાર ફળોથી છલકાયેલી છે, ડ્રાયફ્રૂટ્સ બજારમાં ઉપલબ્ધ છે આનો વપરાશ વધારી શરીરને ઊર્જાથી ભરી દો. પૅકેટ ફૂડ, ડબ્બા બંધ ખાદ્ય-પદાર્થ, ચા-કોફીનો ત્યાગ કરી દો. શરીરની દરેક ધાતુઓને શાકભાજી અને ફળોથી મજબૂત બનાવો. ■

feedback@bombaysamachar.com

**આરોગ્ય પ્લસ**

સ્મૃતિ શાહ-મહેતા

# શરીરની કામગીરી ખોરવી નાખે જિદ્દી કબજિયાત

આજે દુનિયાના મોટા ભાગના લોકો કબજિયાતના રોગથી પીડાય છે. ૬૦% પુરુષો અને ૮૦% સ્ત્રીઓને ઓછા-વત્તા અંશે કબજિયાતની તકલીફ હોય છે, પરંતુ મોટા ભાગના દર્દીઓ 'પોતાને કબજિયાત છે' તેવું સ્વીકારવા જ તૈયાર હોતા નથી. આ લોકો કબજિયાતને સામાન્ય રોગ સમજીને હળવાશથી લઈ લે છે, પરંતુ કબજિયાત અનેક ભયંકર રોગની ખાણ છે.

## કબજિયાતનાં લક્ષણ

* રોજ એકવાર વ્યવસ્થિત મળત્યાગ ન થાય.
* દિવસમાં બેથી વધુ વાર સંડાસ જવું પડે.
* સંડાસમાં પાંચ મિનિટથી વધુ બેસી રહેવું પડે.
* ઝાડો બહુ દુર્ગંધવાળો, કઠણ, ચીકાશવાળો અને મુશ્કેલીથી આવે.
* શરીરમાં સ્ફૂર્તિ ન રહે તેમ જ માથું, પેટ, સાંધા, પીંડીઓ, સાથળ વગેરે અંગ દુ:ખે.
* આળસ, ઉદાસીનતા રહે અને કોઈ પણ કામ કરવામાં અરુચિ વર્તાય

## કબજિયાત થવાનાં કારણ:

* પૂરતું ચાવીને ન જમવાની આદતને કારણે.
* અનિયમિત સમયે ભોજન કરવું, શક્તિ ઉપરવટ જમવું, ભૂખ વગર જમવું, જમીને તરત પાણી પીવું, જમ્યા ને પછી તરત સૂઈ જવું વગેરે આદતોથી.
* બેઠાડું તથા તણાવયુક્ત જીવન અને વધુપડતા ઉજાગરા કરવાથી.
* કુદરતી આવેગોને રોકી રાખવાથી.
* મેંદાવાળી વાનગીઓ, ફાસ્ટ ફૂડ કે વધારે ખાંડવાળા પદાર્થો જમવાથી.
* કમજોર આંતરડાં હોવાં.... જેમનાં આંતરડાં કમજોર હોય એઓ એકસાથે સંપૂર્ણ મળત્યાગ કરી શકતા નથી. એમણે ૩-૪ દિવસે એક વાર અથવા દિવસમાં ૨-૩ વાર સંડાસ જવું પડે છે.
* દુ:ખાવો, એસિડિટી, એલર્જી, ડિપ્રેશન વગેરેની દવાઓ લેવાથી.
* રેચક દવાઓનો વધુપડતો ઉપયોગ કરવાથી. ઘણા લોકો અમુક પ્રકારની ફાકીના આદતી થઈ ગયા હોય છે, પરંતુ તે કાળક્રમે આંતરડાંને ખૂબ જ કમજોર કરે છે.
* નશીલા પદાર્થોના સેવનથી.
* ગર્ભાવસ્થા દરમિયાન ગર્ભવતી નારીઓનાં આંતરડાં વધુ ઢીલાં થઈ જાય છે, તેથી આંતરડાંની ક્ષમતા ઘટી જવાથી.
* તાવ કે થાઈરોડ હોર્મોનની કમી હોવાથી

## કયું સંડાસ સારું વિદેશી કે ભારતીય?

આપણી ભારતીય વૈદિક સંસ્કૃતિમાં જે કાંઈ પ્રણાલી છે, તે ખૂબ જ લાંબું વિચારી અમલમાં આવી છે. એના અનેક ફાયદા છે, પરંતુ આપણી ભૂલ એ છે કે, ભારતીય સંસ્કૃતિને ભૂલીને આપણે પશ્ચિમી સંસ્કૃતિ અને ત્યાંની રીત-ભાતના પ્રભાવમાં જીવતાં થઈ ગયા છીએ.

આપણી ભારતીય સંસ્કૃતિમાં હજારો વર્ષોથી ઉભડક બેસીને મળત્યાગ કરવાની રીત ચાલી આવે છે. તે રીત ખૂબ જ વૈજ્ઞાનિક છે, કેમ કે, તેમાં આંતરડાં પર ખૂબ જ ઓછું દબાણ આવે છે અને મળદ્વાર સંપૂર્ણ ખુલ્લો રહે છે તેથી સરળ રીતે મળત્યાગ થઈ શકે છે.




ઊભું અને બેઠું સંડાસ વાપરવાથી મળદ્વાર પર આવતું દબાણ
ઊભું સંડાસ..... અમુક અંશે મળદ્વાર દબાઈ જાય છે.
બેઠું સંડાસ.....મળદ્વાર સંપૂર્ણ ખુલ્લો રહે છે.

જોકે, હવે ભારતમાં ધીરે ધીરે ઘરોઘરમાં પશ્ચિમી સંડાસ (ઊભાં સંડાસ)નો ઉપયોગ વધવા લાગ્યો છે. ઊભા સંડાસમાં મળત્યાગ કરવામાં આંતરડાં પર સ્નાયુઓ દ્વારા દબાણ આવે છે અને તેમાં મળદ્વાર સંપૂર્ણ ખુલ્લો રહેતો નથી. તેથી ઘણા લોકોને ઊભાં સંડાસ વાપરવાથી કબજિયાત જેવા અનેક રોગ થાય છે.

વિદેશી ચિકિત્સકો પણ ઊભાં સંડાસના ઉપયોગથી થતાં નુકસાનથી સારી રીતે વાકેફ છે. ત્યાંના તબીબો પણ હવે સ્વીકારે છે કે આજના આધુનિક સંડોસોની બનાવટ માનવશરીરની રચનાને સંપૂર્ણ પ્રતિકૂળ છે માટે જો શારીરિક મુશ્કેલી ન હોય તો બિનજરૂરી ઊભાં સંડાસનો ઉપયોગ કરવાના આદતી ન બનવું...

હા, જો શારીરિક મુશ્કેલીના કારણે ઊભું સંડાસ વાપરવું પડે તો પગની નીચે અંદાજે ૮થી ૧૦ ઈંચ ઊંચાઈનું બાજોઠ જેવું મૂકવું, જેથી બેઠા સંડાસની જેમ મળદ્વાર સંપૂર્ણ ખુલ્લો રહે.

## કબજિયાતમાં આહાર

* મેંદાની વાનગીઓનો સંપૂર્ણ ત્યાગ રાખવો.
* બાજરીના રોટલા આહારમાં ઓછા લેવા. અમુક સમયે ઘી સાથે લઈ શકાય.
* ઠંડાં પાણીની જગ્યાએ હૂંફાળું પાણી પીવાની ટેવ પાડવી.
* વધુ રેસાવાળો આહાર લેવો, જેમ કે, પોલિશ વગરના ઘઉં અને ભાત, જવ, પપૈયાં, મોસંબી, સંતરાં, સફરજન, દ્રાક્ષ અને ઉનાળામાં કેરી, કેળાં, પેરૂ, ગુલાબ, ફલાવર, ગાજર, ટમેટાં, મૂળા વગેરે.

## કબજિયાતના ઉપચાર

* કડું અને કરિયાતુંનું ચૂર્ણ સરખા વજનમાં લઈ મિક્સ કરવું. સવારે અને રાત્રે ૧ સમચી ચૂર્ણ ફાકીને પાણી પીવું. સરેરાશ ૭ દિવસમાં જૂનો મળ નીકળીને આંતરડાં શુદ્ધ થાશે અને વર્ષો જૂનો કબજિયાત મટી જશે.
* રાત્રે સૂતી વખતે ૫૦ ગ્રામ જેટલા લીલા તાજા વટાણા ખૂબ જ ચાવીને જમવા. તેના ઉપર થોડું પાણી પીવું.
* સવારે જાગીને નરણાં કોઠે ૨-૩ ગ્લાસ હૂંફાળું પાણી પીવું.
* ચમચી ત્રિફળાચૂર્ણ અથવા સ્વાદિષ્ટ વિરેચન ચૂર્ણ ગરમ પાણી સાથે રાત્રે સૂતાં પહેલાં લેવું.
* ચમચી ઈસબગુલ ગરમ પાણી અથવા દૂધ સાથે રાત્રે સૂતાં પહેલાં લેવું.
* ૧-૨ ચમચી દિવેલ ગરમ દૂધ કે પાણી સાથે રાત્રે સૂતાં પહેલાં લેવું.
* જમ્યા પછી એકાદ કલાકે ૩-૫ નાની હિમેજ ખૂબ ચાવીને ખાવાથી કબજિયાત મટે છે.
* લીંબુનો રસ ગરમ પાણીમાં સવારે અને રાત્રે પીવાથી કબજિયાત મટે છે.
* ૧ કપ પાકાં ટમેટાંનો રસ પીવાથી આંતરડાંનો મળ છૂટો પડી કબજિયાત મટે છે.
* અંજીરના ટુકડા દૂધમાં ઉકાળીને જમ્યા બાદ તે દૂધ પીવું.
* ખજૂરને રાત્રે પલાળી, સવારે મસળી અને ગાળીને તે પાણી પીવું.
* ૧ ચમચી આદુનો રસ, ૧ ચમચી લીંબુનો રસ અને ૨ ચમચી મધ ગરમ પાણીમાં મેળવીને પીવું.

### આટલી સાવધાની પણ રાખો...

* જે લોકોને રાત્રે મોડા સૂવાની અને સવારે મોડા જાગવાની કુટેવ હોય છે એમને કબજિયાતની કાયમ ફરિયાદ રહે છે કેમકે, મોડે સુધી જાગતા રહેવાથી તે સમયે આંતરડું મળત્યાગ માટે સક્રિય હોતું નથી. તેથી મળત્યાગ કરવા માટે આંતરડાંને ખૂબ જ બળ કરવું પડે છે. મળત્યાગ કરવાનો શ્રેષ્ઠ સમય સવારના ૪થી ૬ દરમિયાન હોય છે. આ સમયે મોટું આંતરડું ખૂબ જ સક્રિય હોય છે. ■

# જહાં નહીં ચૈના વહાં નહીં...

## છગન ભુજબળનો અજિત પવારનો પક્ષ છોડવાનો સંકેત



### મતદારોને છેતરી શકાય નહીં

ભુજબળે કહ્યું કે, સાત-આઠ દિવસ પહેલા મને કહેવામાં આવ્યું હતું કે તમે રાજ્યસભામાં જાઓ. જોકે, હું થોડા વખત પહેલાં રાજ્યસભામાં જવા માગતો હતો. ત્યારે સત્તારને સીટ આપવામાં આવી, રાજ્યસભામાં જવા માગતો હતો. ત્યારે તે જગ્યા આપવામાં આવી ન હતી. મને તે સમયે કહેવામાં આવ્યું હતું કે તમારે લડવું પડશે. એવું પણ કહેવામાં આવ્યું હતું કે જો તમે લડાઈમાં હશો તો પાર્ટી જોરશોરથી આગળ વધશે.

હું પણ મતદારોના આશીર્વાદથી મતવિસ્તારમાંથી ચૂંટાયો છું. તેથી હવે હું તુરંત રાજ્યસભામાં જઈ શકું તેમ નથી. તે મારા મત વિસ્તારના મતદારો સાથે છેતરપિંડી થશે. તે મતદારો સાથે વિશ્વાસઘાત હશે. જો તમારે રાજ્યસભામાં જવું હોય તો તમારે તરત જ વિધાનસભામાંથી રાજીનામું આપવું પડશે. મારા લોકો દુઃખી છે. મતદારો સાથે છેતરપિંડી કરી શકાય નહીં. છગન ભુજબળે સ્પષ્ટ કર્યું કે જેમણે મને પ્રેમ આપ્યો છે તેમની સાથે છેતરપિંડી નહીં કરું. ■

મુંબઈ: એનસીપીના જ્યેષ્ઠ નેતા છગન ભુજબળ કેબિનેટમાં સ્થાન ન મળવાથી ભારે નારાજ છે. તેઓએ સ્પષ્ટ કર્યું છે કે તેઓ નારાજ છે. તેમજ ભુજબળે એવી રોષભરી પ્રતિક્રિયા આપી હતી કે જેઓએ તેમને ડ્રોપ કર્યા હતા તેમને જઈને પૂછવું જોઈએ કે તેમને શા માટે પડતા મૂકવામાં આવ્યા છે. દરમિયાન તેમની નારાજગી દૂર કરવા માટે ભુજબળને રાજ્યસભાની બેઠકની ઓફર કરવામાં આવી હતી. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું છે કે તેઓ રાજ્યસભાની ઓફરને ફગાવી રહ્યા છે. જે બાદ છગન ભુજબળ મોટો નિર્ણય લેવાની તૈયારી કરી રહ્યા છે અને તેઓ અજિત પવારનો પક્ષ છોડી દે તેવી શક્યતા છે. ખુદ છગન ભુજબળે જ એવો સંકેત આપ્યો છે કે જહાં નહીં ચૈના વહાં નહીં...

રવિવારે કેબિનેટ વિસ્તરણ પૂર્ણ થયું હતું. જેમાં અજિત પવારની એનસીપીના નવ લોકોને પ્રધાનપદ આપવામાં આવ્યું હતું. જેમાં દિલીપ વળસે-પાટીલ, છગન ભુજબળ જેવા વરિષ્ઠ નેતાઓને પડતાં મૂકવામાં આવ્યા હતા. એનસીપી તરફથી માણિકરાવ કોકાટે અને નરહરિ ઝીરવાળને તક આપવામાં આવી હતી. તેના પર ભુજબળે નારાજગી વ્યક્ત કરી હતી. જે બાદ ભુજબળે તેમને આપેલી રાજ્યસભાની ઓફર પણ ફગાવી દીધી છે. ભુજબળ નાગપુર છોડીને નાશિક પરત ફરશે. તે પહેલા તેમણે કહ્યું કે રાજ્યસભાની ઓફર સ્વીકારવી એ મતદારો સાથે છેતરપિંડી છે.

### ઓબીસીની લડાઈ, મહાયુતિ સફળ થઈ

ઓબીસીની જે લડાઈ હતી તે ઓબીસીને એકસાથે લાવી હતી અને મહાયુતિ મહદઅંશે સફળ રહ્યું હતું. હું ઓબીસીના અધિકારોના રક્ષણ માટે મેદાનમાં આવ્યો હતો, ઘર સળગાવ્યા પછી હું પછાત વર્ગના રક્ષણ માટે ઉભો થયો. ભુજબળે કહ્યું કે તેનો ફાયદો મહાયુતિને પણ થયો. ■

### જરાંગે સાથે દુશ્મની લેવાનું ‘ઈનામ’ મળ્યું

તેમણે એમ પણ કહ્યું કે તેઓ નાગપુરમાં વિધાન ભવન વિસ્તારમાં નાખુશ છે. હું એક સામાન્ય કાર્યકર છું. મને પડતો મુકાયો કે ફેંકી દેવામાં આવ્યો તેનાથી શું ફરક પડે છે? કેટલીય વખત પ્રધાનપદ આવ્યા અને ગયા, છગન ભુજબળનો અંત આવ્યો નથી. મને જરાંગે સાથે બાથ ભીડવા બદલ ઈનામ આપવામાં આવ્યું હતું.

### ભુજબળના સમર્થકો રાજીનામું આપશે

ભુજબળને પડતા મૂકવામાં આવતાં ભુજબળના સમર્થકો પણ નારાજ છે. યેવલા મતવિસ્તાર સહિત જિલ્લાભરમાંથી ભુજબળના સમર્થકોએ ભુજબળના કેબિનેટમાં સમાવેશ ન કરવામાં આવ્યો તેની સામે વિરોધ નોંધાવ્યો છે. સમર્થકોએ વિરોધ શરૂ કર્યો છે. ભુજબળના સમર્થકોએ પણ પાર્ટીમાંથી સામૂહિક રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે. જેથી ભુજબળ પણ હવે મોટો નિર્ણય લેશે તેવી ચર્ચા છે. ■

# કેબિનેટ લિસ્ટમાં નામ હતું ને પછી કાપી નખાયું: સુધીર મુનગંટીવાર

**પ્રધાનપદું ન મળતાં સાથે એમ પણ કહ્યું કે નારાજ નથી પણ સંગઠનના નવા આદેશની રાહ જોઇ રહ્યો છું**



મુંબઈ: પ્રધાનપદું ન મળવાને કારણે પોતે નારાજ ન હોવાનું કહીને ભાજપના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ પ્રદેશાધ્યક્ષ સુધીર મુનગંટીવારે એક સવાલ પણ કર્યો હતો. કેબિનેટ લિસ્ટમાં મારું નામ હતું તો પછી કેમ કાપી નાખવામાં આવ્યું. મને કોઇ ફરિયાદ નથી, જે કામ સોંપવામાં આવશે એ હું કરવા તૈયાર છું.

મહાયુતિ સરકારે પ્રધાનમંડળનું વિસ્તરણ રવિવારે પાર પાડ્યું. ૩૯ પ્રધાનને એમાં સ્થાન આપવામાં આવ્યું હતું. આમાં અનેક નવા ચહેરાને તક આપવામાં આવી. બીજી બાજુ સુધીર મુનગંટીવારને પ્રધાનમંડળમાં સ્થાન ન મળતાં તેમણે પોતાની ભાવના વ્યક્ત કરતાં કહ્યું હતું કે કોઇ પણ પ્રશ્નનો ઉત્તર આપવા કરતાં મૌન સેવેલું સારું. હું નારાજ નથી, પણ સંગઠનના નવા આદેશની રાહ જોઇ રહ્યો છું.

મુનગંટીવારે કહ્યું હતું કે હું નારાજ નથી, પક્ષનો જે પણ આદેશ છે એ સ્વીકાર્ય છે અને હું તેનું પાલન કરીશ. મને એ વાતની પણ ખબર હતી કે હું જો વિધાનસભામાં આવીશ તો અનેક જણ અનેક પ્રકારના સવાલો કરશે. કોઇને પણ જવાબ આપવા કરતાં મૌનને જ હું સૌથી ઉત્તમ સાધન માનું છું. હું શા માટે નારાજ થાઉં. મને અગાઉ સાંસ્કૃતિક ખાતું આપ્યું હતું. મેં એ ખાતામાં સારી મહેનત કરી અને હવે પછી પણ કરીશ. પ્રધાન હતો ત્યારે લોકોના પ્રશ્નોને ન્યાય આપ્યા. હવે વિધાનસભામાં વિધાનસભ્ય બનીને લોકોના પ્રશ્નનો ઉકેલ લાવીશ. મને પ્રધાનપદું મળશે એવું કહેવામાં આવ્યું હતું, પ્રધાનમંડળમાં તમે નથી એવું કોઇએ પણ કહ્યું નથી. આને કારણે હવે નવી જવાબદારીની હું રાહ જોઇ રહ્યો છું, એવું મુનગંટીવારે જણાવ્યું હતું. ■

### ફડણવીસે કયું કારણ આપ્યું?

મુનગંટીવાર અમારા વરિષ્ઠ નેતા છે અને એમની સાથે મારી સવિસ્તર ચર્ચા થઇ છે. પક્ષે અમુક લોકોનો પ્રધાનમંડળમાં સમાવેશ ન કર્યો, તેનું કારણ છે કે તેઓને કોઇ વિશેષ જવાબદારી સોંપવાનો વિચાર ચાલી રહ્યો છે. આખરે તો પક્ષ અને સરકાર બંનેને ચલાવવાનાં હોય છેને. આથી જ અમુક સમયે સરકારમાં કામ કરનારાઓ પક્ષમાં, જ્યારે પક્ષમાં કામ કરનારા સરકારમાં કામ કરતા હોય છે. મુનગંટીવાર ખૂબ જ અનુભવી છે. અમારા મોવડીમંડળે કોઇ વિચાર કરીને જ તેમને પ્રધાનમંડળમાં લીધા નહીં હોય, એવું ફડણવીસે જણાવ્યું હતું. ■

# મરાઠાઓને ક્વોટા નથી પણ ૨૦-૨૦ પ્રધાનપદાંની લહાણી

## મહારાષ્ટ્રની કેબિનેટમાં મરાઠાઓની બોલબાલા: એક મુસ્લિમ અને એક જ બ્રાહ્મણ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મહારાષ્ટ્રની સરકાર પર મરાઠા સમાજનો દબદબો હોવાનું જોવા મળ્યું હતું. બે નાયબ મુખ્ય પ્રધાનો અને ૧૮ પ્રધાનો સાથે લગભગ પચાસ ટકા ખાતા મરાઠા પ્રધાનોના હાથમાં છે. રાજ્યના બધા જ સમાજને પ્રધાન મંડળમાં સમાવિષ્ટ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનું કહેવાતું હોવા છતાં મરાઠા સમાજનો દબદબો પ્રધાનમંડળ પર સ્પષ્ટ જોવા મળી રહ્યો છે.

મહારાષ્ટ્રની સરકારનું રવિવારે જે વિસ્તરણ થયું તેમાં કુલ ૩૯ પ્રધાનોને શપથ લેવડાવવામાં આવેલા જેમાં ૩૩ કેબિનેટ કક્ષાના અને છ રાજ્યકક્ષાના પ્રધાનોનો સમાવેશ થાય છે. આની સાથે રાજ્યની કેબિનેટમાં કુલ પ્રધાનોની સંખ્યા ૪૨ પર પહોંચી છે. મહારાષ્ટ્રમાં પ્રધાનોની મહત્તમ સંખ્યા ૪૩ હોઈ શકે છે એટલે કે હજી કેબિનેટમાં એક પ્રધાનપદ રિક્ત રાખવામાં આવ્યું છે.

રાજ્યની કેબિનેટમાં ફક્ત એક જ મુસ્લિમ હસન મુશ્રીફને સ્થાન મળ્યું છે.

બીજી તરફ ભાજપને જે ઓબીસીનો પક્ષ માનવામાં આવે છે તે ઓબીસી સમાજના ફક્ત ૧૩ લોકોને પ્રધાનપદાં મળ્યા

(જુઓ પાનું ૪) ▶▶

# મહાયુતિમાં પ્રધાનોનું ‘પર્ફોર્મન્સ ઓડિટ’

નાગપુર: મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે સોમવારે કહ્યું હતું કે મહાયુતિના સાથી પક્ષો તેમના કાર્યકાળ દરમિયાન પ્રધાનોનું ‘પર્ફોર્મન્સ ઓડિટ’ કરવા સહમત થયા છે.

ફડણવીસે કોઈ સમયમર્યાદાનો ઉલ્લેખ કર્યો નથી, પરંતુ નાયબ મુખ્ય પ્રધાન અને શિવસેનાના નેતા એકનાથ શિંદેએ કહ્યું હતું કે, તેમના પક્ષના પ્રધાનોને અઢી વર્ષનો સમય મળશે અને જે લોકો સારી કામગીરી કરશે તેઓ પ્રગતિ કરશે.

નાયબ મુખ્ય પ્રધાન અને એનસીપીના નેતા અજિત પવારે પણ કહ્યું હતું કે, ‘બિન-કાર્યક્ષમ’ લોકોને અઢી મહિનામાં પણ બદલી શકાય છે.

ફડણવીસે કહ્યું હતું કે, મહાયુતિ સરકાર મહારાષ્ટ્રના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરશે. ‘અમે પોર્ટફોલિયો ફાળવણી અંગે નિર્ણય લઈ લીધો છે અને બે થી ત્રણ દિવસમાં તેની જાહેરાત કરવામાં આવશે. અમે ઝડપી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરીશું.’

ફડણવીસે કહ્યું હતું કે, તેમણે અને તેમના ડેપ્યુટીઓએ નવા પ્રધાનોને કહ્યું છે કે તેમનું પર્ફોર્મન્સ ઓડિટ કરવામાં આવશે.

મુખ્ય પ્રધાને કહ્યું હતું કે જે ભાજપના નેતાઓને કેબિનેટમાં સ્થાન ન મળ્યું તેમને સંગઠનમાં જવાબદારી સોંપવામાં આવી શકે છે.

શિંદેએ કહ્યું હતું કે, તેમણે શિવસેના પક્ષ સ્તરે નવા પ્રધાનોને અઢી વર્ષ આપવાનો નિર્ણય લીધો છે. ‘જેઓ સારું કામ કરશે તેઓ પ્રગતિ કરશે,’ એમ તેમણે ઉમેર્યું હતું.

ફડણવીસે શાસક મહાયુતિને ‘ઈવીએમની સરકાર’ ગણાવવા બદલ વિપક્ષી મહા વિકાસ આઘાડી (એમવીએ)ની ટીકા કરી હતી.

‘અમારી સરકાર સત્તામાં આવી કારણ કે દરેક મત મહારાષ્ટ્રને ગયો છે. મારી સરકાર બંધારણ મુજબ કામ કરે છે અને બંધારણની ગરિમાનું સન્માન કરવું અમારી પ્રાથમિકતા છે,’ મુખ્ય પ્રધાને કહ્યું હતું. (પીટીઆઈ)■

# લાડકી બહેન યોજના માટે ૧૫૦૦ને હિસાબે ૧૪૦૦ કરોડની જોગવાઈ

## મહારાષ્ટ્ર સરકારે ૩૩,૭૮૮.૪૦ કરોડ રૂપિયાની પૂરક માગણીઓ રજૂ કરી

નાગપુર: મહારાષ્ટ્ર સરકારે સોમવારે મુખ્યમંત્રી માઝી લાડકી બહેન યોજના માટે ૧,૪૦૦ કરોડ રૂપિયાની જોગવાઈ સાથે કુલ ૩૩,૭૮૮.૪૦ કરોડ રૂપિયાની પૂરક માંગણીઓ રજૂ કરી હતી.

પ્રધાન ઉદય સામંતે આ પૂરક માંગણીઓ રજૂ કરી હતી, જે બજેટ ફાળવણી ઉપરાંત સરકાર દ્વારા માગવામાં આવતા વધારાનું ભંડોળ છે. ગયા બજેટમાં, રાજ્ય સરકારે લાડકી બહેન યોજના હેઠળ ૨૧થી ૬૦ વર્ષની વય જૂથની પાત્ર મહિલાઓને ૧,૫૦૦ રૂપિયાનું માસિક ભથ્થું આપવા માટે વાર્ષિક ૪૬,૦૦૦ કરોડ રૂપિયાની ફાળવણી કરી હતી.

રાજ્યમાં અઢી કરોડથી વધુ મહિલાઓને માસિક હપ્તા આપવામાં આવ્યા હતા. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે અગાઉ કહ્યું હતું કે માસિક

(જુઓ પાનું ૪) ▶▶

# ત્રણ મહિનામાં નવો વાશી બ્રિજ ધમધમી ઊઠશે

મુંબઈ: વાશી બ્રિજ તરીકે વધુ જાણીતો મુંબઈની દિશા તરફનો થાણેનો ખાડી પુલના હિસ્સાનું બાંધકામ પૂર્ણતાના આરે છે અને આગામી ફેબ્રુઆરીના અંત સુધીમાં ખુલ્લો મુકાય તેવી શક્યતા હોવાના અહેવાલો મળ્યા છે. આ પ્રોજેક્ટનો નવી મુંબઈ જતો હિસ્સો ૧૩ ઓક્ટોબરે વાહનચાલકો માટે ખુલ્લો મુકાયો એના બે જ મહિના પછી આ જાણકારી મળી છે. આને પગલે વાશી બ્રિજ પર ટ્રાફિકમાં નોંધપાત્ર ઘટાડો થવાની ધારણા છે. અહીં દરરોજ આશરે ૬૪ હજાર ૩૦૦ વાહનો આવન જાવન કરે છે. હાલમાં આ પટ્ટામાં બે પુલ પર વાહનોની અવરજવર થાય છે. મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશન (એમએસ-આરડીસી)એ નવા પુલનું નિર્માણ કર્યું હતું. ખાડી વિસ્તારનો આ ચોથો બ્રિજ છે. આ બ્રિજને કારણે ભવિષ્યમાં ટ્રાફિકની સમસ્યા હળવી થશે. બે લેન ધરાવતો પ્રથમ પુલ ૧૯૭૩માં બાંધવામાં આવ્યો હતો, પણ લગભગ બે દાયકાથી એ નિયમિત ટ્રાફિક માટે બંધ છે. છ લેન ધરાવતો બીજો બ્રિજ ૧૯૯૭થી કાર્યરત છે. જોકે, બૃહદ મુંબઈ અને નવી મુંબઈમાં વસ્તીની ઝડપી વૃદ્ધિ અને વાહનોની ગીચતાએ તેની ક્ષમતાને ઘટાડી દીધી છે અને ટ્રાફિકની મોટી અડચણો ઊભી થઈ છે. આ સમસ્યાઓને પહોંચી વળવા ૨૦૨૦માં એમએસઆરડીસીએ ટ્વિન ક્રીક પુલનું બાંધકામ શરૂ કર્યું હતું. નવા ખૂલેલા નવી મુંબઈ તરફના પુલને કારણે ટ્રાફિકની સમસ્યા ઘટી છે અને મુંબઈ તરફ જતો પુલ કનેક્ટિવિટીમાં વધુ વધારો કરશે તેવી અપેક્ષા છે. ■

# મોબાઈલને કારણે માતાએ ઠપકો આપતાં ઘર છોડી ગયેલી સગીરાનો મૃતદેહ ખાડીમાં મળ્યો

થાણે: મોબાઈલ ફોનમાં રચીપચી રહેતી સગીર પુત્રીને માતાએ ઠપકો આપતાં તે ઘર છોડી ગઈ હોવાની ઘટના ડોમ્બિવલીમાં બની હતી. જોકે નવ દિવસ પછી સગીરાનો મૃતદેહ ખાડીમાંથી મળી આવ્યો હતો.

વિષ્ણુ નગર પોલીસના જણાવ્યા મુજબ ૧૫ વર્ષની સગીરા પરિવાર સાથે ડોમ્બિવલી વિસ્તારમાં રહેતી હતી. તે સતત મોબાઈલ ફોનમાં રમ્યા કરતી હતી. પરિણામે પાંચમી ડિસેમ્બરે માતાએ મોબાઈલમાં વધુ સમય વિતાવવાને કારણે પુત્રીને ઠપકો આપ્યો હતો. મોબાઈલ મૂકી ભણવા પર ધ્યાન આપવાનું માતાએ કહ્યું હતું.

માતાના ઠપકાથી રોષે ભરાયેલી સગીરા ઘરમાંથી બહાર નીકળી ગઈ હતી. ખાસ્સો સમય વીત્યા છતાં તે ઘરે પાછી ન ફરતાં પરિવારજનોએ શોધખોળ શરૂ કરી હતી. સગીરાની કોઈ ભાળ ન મળતાં આખરે બીજે દિવસે પોલીસનો સંપર્ક સાધવામાં આવ્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું.

આ પ્રકરણે પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. દરમિયાન પાંચમી ડિસેમ્બરે જ પોલીસને માહિતી મળી હતી કે ડોમ્બિવલીના મોટાગાંવ બ્રિજ પરથી એક છોકરીએ ખાડીમાં ઝંપલાવ્યું છે. માહિતીને આધારે ફાયર બ્રિગેડના

(જુઓ પાનું ૪) ▶▶

# બાંદ્રા-વર્સોવા સી લિંક માટે હજી ચાર વર્ષની ઈંતેજારી

## પાંચ વર્ષમાં થયું છે માત્ર ૨૩ ટકા કામ

મુંબઈ: બાંદ્રા-વરલી સી લિંકનો વિસ્તાર વર્સોવા સુધી કરવા માટે એમએસઆરડીસી દ્વારા હાથ ધરવામાં આવ્યો છે. કામની શરૂઆત ૨૦૧૯માં થઇ હતી અને પાંચ વર્ષમાં માત્ર ૨૩ ટકા કામ જ પૂરું થઇ શક્યું છે. મુશ્કેલ કામ અને ૨૦૨૦થી ૨૦૨૨ વચ્ચે અમુક કારણને લઇને કામ સંપૂર્ણ રીતે બંધ થયું હોવાથી પ્રોજેક્ટને મોટો ફટકો લાગ્યો છે. આથી હવે આ પ્રોજેક્ટ ૨૦૨૫ને બદલે ૨૦૨૮માં પૂરું થશે.

મુંબઈ શહેર અને પશ્ચિમના પરાના ટ્રાફિકની સમસ્યાને દૂર કરવા માટેના પ્રયાસ વેગ પકડી રહ્યા છે. આ માટે જ સી લિંક પ્રોજેક્ટને હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત એમએસઆરડીસી તરફથી બાંદ્રાથી વરલી સી લિંક બાંધવામાં આવ્યો હોઇ છેલ્લાં અમુક વર્ષથી તે ટ્રાફિકની સેવામાં દાખલ થઇ ગયો છે. બાંદ્રા-વરલી સી લિંકને બાંદ્રાથી વર્સોવા સુધી વિસ્તારવા માટે એમએસઆરડીસીએ ૨૦૧૯માં તેને બાંધવાની શરૂઆત કરી હતી. ૨૦૧૯થી ૨૦૨૨ દરમિયાન આ પ્રોજેક્ટનું કામ માત્ર અઢી ટકા જ પૂરું થયું હતું. કામ બંધ અને કોન્ટ્રેક્ટરોની ભાગીદારીમાં અટકાવાને કારણે ૨૦૨૦થી ૨૦૨૨ સુધી કામ પૂરી રીતે બંધ રહ્યું. આ પ્રકરણે કોન્ટ્રેક્ટર પર કડક હાથે કાર્યવાહી પણ કરવામાં આવી હતી. આખરે મુખ્ય કોન્ટ્રેક્ટરો આ તમામ અડચણોને દૂર કરીને ૨૦૨૨થી કામની શરૂઆત કરી હતી. પ્રોજેક્ટની રૂપરેખામાં અમુક બદલાવ એમએસઆરડીસીએ કરવા પડ્યા હતા. જુહૂ ખાતેની કનેક્ટિવિટીને માછીમારો દ્વારા વિરોધ કરવામાં આવતાં

(જુઓ પાનું ૪) ▶▶

# કચરો ભેગો કરવા પર ફી: કાનૂની જોગવાઈઓનો અભ્યાસ કરાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ (એસડબ્યુએમ)ના બાય-લોઝમાં સૂચિત ફેરફાર કરી શકાય કે નહીં તે માટે કાયદાકીય જોગવાઈઓની તપાસ કરવાનો નિર્દેશ સોમવારે યોજાયેલી બેઠકમાં મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના અધિકારીઓને આપ્યો હતો. પાલિકા ઘર-ઘરમાંથી કચરો જમા કરવા તેનો નિકાલ કરવા માટેનો તેનો થતો ખર્ચ હવે મુંબઈગરાના માથા પર ‘યુઝર ફી’ના નામે થોપવા માગે છે, જેની સામે સામાજિક કાર્યકર્તા જ નહીં પણ રાજકીય સ્તરે વિરોધ કરવામાં આવી રહ્યો છે. આના માટે સાયન્ટીફિક અને ન્યાયપૂર્ણ મોડલ વિકસિત થાય નહીં ત્યાં સુધી સૂચિત ફીને રદ કરવાની પણ તેમણે માગણી કરી છે.

એસડબ્લુએમ રુલ્સ, ૨૦૧૬ હેઠળ કેન્દ્ર સરકારે મ્યુનિસિપલ સંસ્થાઓને કચરાના વ્યવસ્થાપન સેવાઓમાં સુધારો કરવા માટે ‘યુઝર ફી’ વસૂલ કરવા માટેની સત્તા આપી છે. સ્થાનિક પાલિકાના પેટાનિયમોમાં રહેલા નિર્દેશ મુજબ વેસ્ટ

(જુઓ પાનું ૪) ▶▶



**ચાદર અર્પણ:**
સંત અને વિદ્વાન મખ્દૂમ અલી માહિમીની ઉર્સ પર પ્રથમ ચાદર અર્પણ કરવાનું માન સોમવારે મુંબઈ પોલીસને મળ્યું હતું. (અમય ખરાડે)

# ભિવંડી-મીરા રોડમાંથી ૧.૮૫ કરોડની નકલી દવાઓ જપ્ત: બે જણ સામે ગુનો

થાણે: ફૂડ ઍન્ડ ડ્રગ એડ્મિનિસ્ટ્રેશન (એફડીએ)ના અધિકારીઓએ ભિવંડી અને મીરા રોડમાં દરોડા પાડી અંદાજે ૧.૮૫ કરોડ રૂપિયાની નકલી દવાઓનો જથ્થો જપ્ત કર્યો હતો. આ પ્રકરણે બે જણ વિરુદ્ધ ગુનો નોંધી પોલીસે તપાસ હાથ ધરી હતી.

અધિકારીના જણાવ્યા મુજબ છેલ્લા અમુક મહિનામાં ભિવંડીના એક ગોદામ અને મીરા રોડમાં કાર્યવાહી કરાઈ હતી. તપાસમાં જણાયું હતું કે આરોપીઓ નકલી દવાનું ઉત્પાદન કરતા હતા. આ દવાઓ જાણીતી કંપનીની હોવાનો ખોટો દાવો કરી વેચાણ કરવામાં આવતું હતું, એમ એફડીએના અધિકારીએ ફરિયાદમાં જણાવ્યું હતું. ફરિયાદમાં જણાવ્યા મુજબ આ દવાઓ અનેક રાજ્યમાં વિતરીત કરવામાં આવી હતી. આવી દવાઓના વેચાણથી લોકો સાથે છેતરપિંડી તેમ જ તેમના આરોગ્ય સાથે ચેડાં થઈ રહ્યાં હતાં. આ પ્રકરણે પોલીસે શનિવારે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪), ૨૭૬, ૨૭૭, ૨૭૮ અને ૩(૫) સહિત ડ્રગ્સ ઍન્ડ કસ્મેટિક્સ ઍક્ટની જોગવાઈ હેઠળ ગુનો નોંધ્યો હતો. પોલીસ અને એફડીએ દ્વારા આ નકલી દવાનું ઉત્પાદન ક્યાં કરવામાં આવ્યું હતું તેની તપાસ કરવામાં આવી રહી છે. (પીટીઆઈ)■

# વર્લ્ડ ચેમ્પિયન ગુકેશનું ચેન્નઈ ઍરપોર્ટ પર ભવ્ય સ્વાગત






ચેન્નઈ: વર્લ્ડ ચેસ ચેમ્પિયન ડી ગુકેશ સોમવારે સ્વદેશ પરત ફર્યો હતો. અહીં ઍરપોર્ટ પર સેંકડો ચાહકો, તમિલનાડુ સરકાર અને રાષ્ટ્રીય મહાસંઘના અધિકારીઓ દ્વારા ગુકેશનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ૧૮ વર્ષીય ગુકેશ ગયા અઠવાડિયે સિંગાપોરમાં ચીનના ડિંગ લિરેનને ૭.૫-૬.૫થી હરાવી સૌથી યુવા વિશ્વ ચેમ્પિયન બન્યો હતો અને રશિયાના ગૈરી કાસ્પારોવનો રેકોર્ડ તોડ્યો હતો. કાસ્પારોવ ૧૯૮૫માં ૨૨ વર્ષની ઉંમરે વર્લ્ડ ચેમ્પિયન બન્યો હતો.

ઘરે પરત ફર્યા બાદ ગુકેશે તેને સાથ આપવા બદલ તમામનો આભાર માન્યો હતો. યુવા ખેલાડીને નજીકથી જોવા માટે હજારોની સંખ્યામાં ચાહકો ઍરપોર્ટ પહોંચ્યા હતા. ગુકેશે કહ્યું હતું કે તે અદ્ભુત છે. તમારા સમર્થનથી મને ઘણી ઊર્જા મળી છે. વર્લ્ડ ચેમ્પિયનશિપ જીતવી એ એક મહાન લાગણી છે. તેણે કહ્યું હતું કે, ભારતમાં ટ્રોફીને પરત લાવવી ખૂબ મહત્ત્વની છે. આ સ્વાગત બદલ આભાર. હું આશા રાખું છું કે આગામી થોડા દિવસોમાં આપણે સાથે મળીને ઉજવણી કરીને સારો સમય વિતાવીશું.

કામરાજ ઍરપોર્ટ પર પહોંચ્યા પછી તમિલનાડુની સ્પોર્ટ્સ ડેવલપમેન્ટ ઑથોરિટી અને તેની શાળા વેલામ્મલ વિદ્યાલયના સ્ટાફે ગુકેશને ઍરપોર્ટ લાઉન્જમાં શાલ ઓઢાડીને સ્વાગત કર્યું હતું. ગુકેશે તેની ચેસની સફર વેલામ્મલ સ્કૂલથી શરૂ કરી હતી.

ચાહકોનું અભિવાદન કર્યા પછી ગુકેશ ફૂલોથી શણગારેલી કાર પર પોતાના ઘરે જવા રવાના થયો હતો. તે પોતાનાં માતા-પિતા, સંબંધીઓ અને મિત્રો સાથે ઉજવણી કરવા ઘરે પરત ફરતાં પહેલાં તેણે મોગાપ્પેરની વેલામ્મલ સ્કૂલમાં મીડિયા સાથે વાત કરી હતી. ગુકેશના પિતા ઇએનટી સર્જન ડૉક્ટર રજનીકાંત સમગ્ર સ્પર્ધા દરમિયાન તેમની સાથે હતા. ગુકેશની માતા માઇક્રોબાયોલોજિસ્ટ છે. મંગળવારે વલ્લાહજાહ રોડ સ્થિત કલૈવનાર આરંગમ ખાતે તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે અને ખાસ આયોજિત પરેડ દ્વારા પ્રતિષ્ઠિત સભાગૃહમાં લઈ જવામાં આવશે.

તમિલનાડુના મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિન ગુકેશને પાંચ કરોડ રૂપિયાનો ચેક અર્પણ કરવા સમારોહમાં હાજરી આપે તેવી શક્યતા છે. ગુકેશની ઐતિહાસિક જીત પછી સ્ટાલિને 'એક્સ' પર લખ્યું હતું કે, સૌથી યુવા વિશ્વ ચેસ ચેમ્પિયન ગુકેશની શાનદાર સિદ્ધિને માન આપવા માટે ૫ કરોડ રૂપિયાના રોકડ પુરસ્કારની જાહેરાત કરતાં મને આનંદ થાય છે. તેમની ઐતિહાસિક જીતે દેશને અપાર ગર્વ અને આનંદ આપ્યો છે. તે ભવિષ્યમાં ચમકતો રહે અને વધુ ઊંચાઈ સુધી પહોંચે. મહાન વિશ્વનાથન આનંદ પછી ગુકેશ વર્લ્ડ ટાઇટલ જીતનાર માત્ર બીજો ભારતીય છે. આનંદે અહીં તેની એકેડમીમાં ટીનેજરની રમતને સુધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. ■

## વર્લ્ડ ચેમ્પિયનશિપમાં માનસિક, ભાવનાત્મક દબાણનો સામનો કરવો મહત્ત્વપૂર્ણઃ ગુકેશ

ચેન્નઈ: વર્લ્ડ ચેમ્પિયન ભારતીય ગ્રાન્ડમાસ્ટર ડી ગુકેશે સોમવારે અહીં કહ્યું હતું કે ચેસ ફક્ત ૬૪ મોહરાંની રમતની રણનીતિ નથી અને વિશ્વ ચેમ્પિયનશિપમાં તેના ઐતિહાસિક પ્રદર્શન દરમિયાન ''ભાવનાત્મક દબાણ'' પર કાબૂ મેળવવામાં મેન્ટલ ઍડેપ્ટેશન કોચ પૈડી અપટને તેમની ખૂબ મદદ કરી હતી. ચીનના ડિંગ લિરેનને હરાવીને સૌથી યુવા ચેમ્પિયન બનેલો ૧૮ વર્ષીય ગુકેશ સોમવારે અહીં પહોંચ્યો હતો. અહીં પહોંચતાં જ પ્રશંસકો અને અધિકારીઓ દ્વારા ગુકેશનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ગુકેશે પોતાની સ્કૂલ વેલામ્મલ વિદ્યાલય દ્વારા આયોજિત પ્રેસ કૉન્ફરન્સમાં કહ્યું હતું કે ''વર્લ્ડ ચેમ્પિયનશિપ માત્ર શતરંજની ચાલ નથી. તેનો સામનો કરવા માટે ખૂબ માનસિક અને ભાવનાત્મક દબાણ હોય છે. પૈડીએ આ મામલે મારી ખૂબ મદદ કરી હતી. અપટન એક પ્રખ્યાત મેન્ટલ કન્ડિશનિંગ કોચ છે. તેમણે સિંગાપોરમાં ૧૪ મૅચની વર્લ્ડ ચેમ્પિયનશિપ મૅચ દરમિયાન ગુકેશ સાથે કામ કર્યું હતું.

ગુકેશે કહ્યું, ''મેં તેમની સાથે કરેલી વાતચીત અને તેમણે મને આપેલાં સૂચનો એક ખેલાડી તરીકે મારા વિકાસ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.'' ગુકેશે આ અવસર પર ૨૦૧૧ ક્રિકેટ વર્લ્ડ કપ વિજેતા ભારતીય ક્રિકેટ ટીમ અને પેરિસ ઑલિમ્પિકમાં બ્રોન્ઝ મેડલ વિજેતા રાષ્ટ્રીય પુરુષ હોકી ટીમ સાથે કામ કરનાર અપટન સાથેના પોતાના અનુભવો વિશે વાત કરી હતી. તેણે કહ્યું હતું કે, પૈડી મારી ટીમનો ખૂબ જ મહત્ત્વપૂર્ણ હિસ્સો રહ્યા છે. કેન્ડિડેટ્સ (એપ્રિલ) જીત્યા પછી મેં સંદીપ સર (વેસ્ટબ્રિજ કૅપિટલના સંદીપ સિંઘલ) સમક્ષ મેન્ટલ કન્ડિશનિંગ કોચની માગણી કરી હતી.'' ■

## ઈંગ્લેન્ડની ક્રિકેટર ઈસા ગુહાએ બુમરાહ માટે અપમાનજનક શબ્દ વાપર્યો અને પછી માફી માગી

બ્રિસબેનઃ ટેસ્ટના વર્લ્ડ નંબર-વન બોલર અને બ્રિસબેનમાં ઑસ્ટ્રેલિયા સામેની ત્રીજી ટેસ્ટના પ્રથમ દાવમાં છ વિકેટ લઈને કપિલ દેવનો રેકોર્ડ તોડનાર જસપ્રીત બુમરાહની ભારતીય મૂળની ઇંગ્લેન્ડની ભૂતપૂર્વ મહિલા ક્રિકેટર ઈસા ગુહાએ રવિવારે કોમેન્ટરી દરમિયાન સામાન્ય રીતે જાનવર માટે વપરાતા શબ્દ સાથે સરખામણી કરીને વિવાદ સરજ્યો હતો. સોશિયલ મીડિયા પર ઈસાને ખૂબ વખોડવામાં આવી હતી જેને પગલે ઈસાએ માફી માગવી પડી હતી.

કોમેન્ટરી બોક્સમાંથી બુમરાહનો જબરદસ્ત બોલિંગ પર્ફોર્મન્સ જોઈને ઈસા બોલી હતી કે, બુમરાહ ખરેખર એમવીપી છે, ખરુંને? તે મોસ્ટ વેલ્યૂએબલ પ્રાઈમેટ છે.'

ખરું કહીએ તો એમવીપીનું ફુલ ફોર્મ એટલે મોસ્ટ વેલ્યૂએબલ પર્સન. જોકે ઈસાએ બુમરાહને મોસ્ટ વેલ્યૂએબલ પ્રાઇમેટ તરીકે ઓળખાવ્યો હતો.

જીવશાસ્ત્રમાં મોટા ભાગે પ્રાઇમેટ એટલે જાનવર અર્થાત પ્રાણી. પ્રાઇમેટનો વિગતવાર અર્થ કંઈક આવો થાય છેઃ જાનવરોનો સમૂહ જેમ કે લીમર્સ, લોરિસ, ટાર્સીયર્સ, વાંદરો, એપ અને મનુષ્ય.

જોકે મનુષ્ય પણ એક પ્રાણી જ કહેવાય, પરંતુ ઈસા ગુહાએ એક જાણીતી સ્પોર્ટ્સ ચેનલ પર કોમેન્ટરી દરમ્યાન બુમરાહને અદ્ભુત ખેલાડી તરીકે




ઓળખાવવાના અતિ ઉત્સાહમાં અદ્ભુત પ્રાણી તરીકે ઓળખાવ્યો એટલે સોશિયલ મીડિયામાં ક્રિકેટ પ્રેમીઓ તેના પર તૂટી પડ્યા હતા. ૨૦૦૮માં સિડનીમાં હરભજન સિંહે ઓસ્ટ્રેલિયન પ્લેયર એન્ડ્રયુ સાયમન્ડ્સ માટે કથિત જાતિવાદી શબ્દોનો પ્રયોગ કર્યો એને પગલે ઊહાપોહ મચી ગયો હતો. 'મંકીગેટ' તરીકે ઓળખાતા એ બનાવને ધ્યાનમાં લઈને બુમરાહના ચાહકોએ ઈસા ગુહા પર ટીકાનો વરસાદ વરસાવ્યો એટલે ઈસાએ માફી માગી લેવી પડી હતી.

ઈસાએ કોમેન્ટરી બોક્સમાં રવિ શાસ્ત્રી અને ઍડમ ગિલક્રિસ્ટની હાજરીમાં કહ્યું હતું કે 'તમે બધાએ મારી કોમેન્ટરીની પૂરી વિગત સાંભળી હશે તો જણાશે કે મેં ભારતના ગ્રેટેસ્ટ ખેલાડીઓમાં ગણાતા બુમરાહના ખૂબ વખાણ કર્યા હતા. હું સમાનતાની આગ્રહી છું. હું બુમરાહની સિદ્ધિઓ બદલ તેના વખાણ કરવામાં મગ્ન હતી, પરંતુ મેં એ માટે ખોટો શબ્દ વાપર્યો એ બદલ માફી માગું છું. હું પોતે મૂળ દક્ષિણ એશિયાની છું એટલે લોકો સમજશે કે બુમરાહનો માનભંગ કરવાનો મારો કોઈ જ ઈરાદો નહોતો.'

સાથી કોમેન્ટટર રવિ શાસ્ત્રીએ ઈસા ગુહાને ટીવી પર લાઈવ કોમેન્ટરી દરમ્યાન માફી માગવા બદલ 'બહાદુર મહિલા' તરીકે ઓળખાવી હતી. શાસ્ત્રીએ કોમેન્ટરી દરમ્યાન કહ્યું કે, 'બ્રેવ વુમન. ઈસાએ માફી માગી લીધી એટલે વાત ત્યાં જ ખતમ થઈ ગઈ કહેવાય. આપણે બધા માનવી છીએ. ક્યારેક ભૂલ થઈ પણ જાય. હાથમાં માઈક હોય ત્યારે ઉત્સાહમાં ક્યારેક અજુગતું બોલાઈ જાય. આવું બનતું હોય છે ક્યારેક. લેટ અસ મૂવ ઓન.'

ઈસા તારા ગુહા ૩૯ વર્ષની છે. તે પેસ બોલર હતી. ૨૦૦૧થી ૨૦૧૧ દરમ્યાન ઇંગ્લેન્ડ વતી ૧૧૩ આંતરરાષ્ટ્રીય મેચમાં તેણે કુલ ૧૪૦થી વધુ વિકેટ લીધી હતી. ■

## પરિવર્તનના તબક્કામાંથી પસાર થઇ રહી છે ભારતીય ટીમ, એકબીજા પર આંગળી ઉઠાવીશું નહીંઃ બુમરાહ



બ્રિસ્બેનઃ ભારતના ઝડપી બોલર જસપ્રીત બુમરાહે ઓસ્ટ્રેલિયામાં ખરાબ તબક્કાનો સામનો કરી રહેલી ભારતીય ટીમનો બચાવ કરતી વખતે પોતાના પર વધારાનું દબાણ હોવાની વાતને નકારી કાઢી હતી અને કહ્યું હતું કે ટીમ પરિવર્તનના તબક્કામાંથી પસાર થઈ રહી છે અને અનુભવી હોવાના કારણે વધારાની જવાબદારી ઉઠાવવી તેનું કામ છે. ગાબા ખાતેની ત્રીજી ટેસ્ટમાં ટોસ જીતીને બોલિંગનો ખોટો નિર્ણય લીધા બાદ બુમરાહે છ વિકેટ ઝડપી છતાં ભારત સામે ઓસ્ટ્રેલિયાએ પ્રથમ દાવમાં ૪૪૫ રન ફટકાર્યા હતા. જેના જવાબમાં વરસાદથી પ્રભાવિત મેચમાં ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં ભારતે ૫૧ રનમાં ચાર વિકેટ ગુમાવી દીધી હતી. આ પછી બેટ્સમેનોની ટેક્નિક અને બોલરોના સ્તર પર સવાલો ઊઠી રહ્યા છે.

ત્રીજા દિવસની રમત બાદ ભારતીય બેટિંગ વિશે પૂછવામાં આવતા બુમરાહે મીડિયાને કહ્યું હતું કે, એક ટીમ તરીકે અમે એકબીજા પર સવાલ ઉઠાવતા નથી. અમે એવી માનસિકતામાં પડતા નથી કે જ્યાં અમે એકબીજા પર આંગળી ઉઠાવવામાં આવે. તેણે કહ્યું હતું કે, અમે એક ટીમ તરીકે પરિવર્તનના સમયગાળામાંથી પસાર થઈ રહ્યા છીએ. નવા ખેલાડીઓ આવી રહ્યા છે અને ક્રિકેટ રમવા માટે આ સૌથી સરળ જગ્યા નથી. વિકેટ અલગ છે અને વાતાવરણ અલગ છે.

આ સીરિઝમાં અત્યાર સુધી ૧૮ વિકેટ ઝડપનાર બુમરાહે કહ્યું હતું કે, બોલિંગ યુનિટ તરીકે અમે પરિવર્તનના સમયગાળામાં છીએ, તેથી અન્યને મદદ કરવી એ મારું કામ છે. હું અન્ય કરતા વધુ ક્રિકેટ રમ્યો છું તેથી હું તેમને મદદ કરવાનો પ્રયાસ કરી રહ્યો છું. તેણે કહ્યું હતું કે, ''અમે બધા શીખવાનો પ્રયાસ કરી રહ્યા છીએ અને પ્રદર્શનમાં સુધારો થશે.'' સફરમાં વ્યક્તિએ આ બધી બાબતોમાંથી પસાર થવું પડે છે. બુમરાહે એવા અહેવાલોને પણ ફગાવી દીધા હતા કે પ્રથમ દાવમાં ખરાબ સ્કોર બોલરો અને તેના પર વધુ દબાણ લાવી રહ્યો હતો. અમારી પાસે ૧૧ ખેલાડીઓ છે. હું તેને એ રીતે જોતો નથી કે મારે વધુ કામ કરવાનું છે. અમે નવી ટીમ છીએ અને તેમાં ઘણા નવા ખેલાડીઓ છે. આપણે તેમને થોડો સમય આપવો પડશે. તેઓ અનુભવથી જ શીખશે. કોઈ પણ અનુભવ સાથે નથી આવતું. તમે શીખતા રહો અને નવા રસ્તાઓ શોધતા રહો. ■

## નવી મુંબઈમાં વેસ્ટ ઈન્ડિઝ સામે જીતીને ભારતીય મહિલાઓની ૧-૦થી સરસાઈ

### ૮૧ રનની ભાગીદારી બદલ જેમાઈમા-સ્મૃતિની મીડિયામાં ભરપૂર પ્રશંસા

નવી મુંબઈઃ ભારતની મહિલા ટીમે અહીં રવિવારે રાત્રે ડી.વાય. પાટીલ ગ્રાઉન્ડ પર વેસ્ટ ઈન્ડિઝ મહિલા ટીમને સિરીઝની પ્રથમ ટી-૨૦ મેચમાં ૪૯ રનથી હરાવીને ૧-૦થી સરસાઈ મેળવી લીધી હતી. મુંબઈની બેટર જેમાઈમા રોડ્રિગ્સ (૭૩ રન, ૩૫ બોલ, બે સિક્સર, નવ ફોર) આ રોમાંચક મુકાબલામાં પ્લેયર ઑફ ધ મેચનો અવોર્ડ જીતી હતી. તે રનઆઉટ થઈ હતી.

જેમાઈમા અને વાઈસ-કેપ્ટન તથા ઓપનર સ્મૃતિ મંધાના (૫૪ રન, ૩૩ બોલ, બે સિક્સર, સાત ફોર) વચ્ચે બીજી વિકેટ માટે ૪૪ બોલમાં ૮૧ રનની બહુમૂલ્ય ભાગીદારી થઈ હતી.

એક્સ (ટ્વિટર) પર જેમાઈમા અને સ્મૃતિની જોડીની ભરપૂર પ્રશંસા થઈ હતી. સ્મૃતિએ ઓપનર ઉમા ચેટ્રી સાથે ૫૦ રનની પાર્ટનરશિપ પણ કરી હતી. જેમાઈમાએ વિકેટકીપર રિચા ઘોષ સાથે ૨૪ રનની અને કેપ્ટન હરમનપ્રીત કૌર સાથે ૩૫ રનની ભાગીદારી પણ કરી હતી.



ભારતીય ટીમે ૨૦ ઓવરમાં ચાર વિકેટે ૧૯૫ રન બનાવ્યા હતા. ભારતીય મૂળની સ્પિનર કરિશ્મા રામહરાકે બે વિકેટ અને સોમવારે ડબલ્યૂપીએલ માટેના ઓકશનમાં ગુજરાત જાયન્ટ્સે ૧.૭૦ કરોડ રૂપિયામાં મેળવેલી કેરિબિયન ડીએન્ડ્રા ડોટીને એક વિકેટ લીધી હતી.

વેસ્ટ ઇન્ડીઝની ટીમ જવાબમાં ૨૦ ઓવરમાં સાત વિકેટે ૧૪૬ રન બનાવી શકી હતી. એમાં ડોટિનના બાવન રન હાઈએસ્ટ હતા. તેણે એ બાવન રન ૨૮ બોલમાં ત્રણ સિક્સર અને ચાર ફોરની મદદથી બનાવ્યા હતા. ભારત વતી પેસ બોલર ટિટાસ સાધુએ ત્રણ વિકેટ અને દીપ્તિ શર્મા તેમ જ રાધા યાદવે બે-બે વિકેટ લીધી હતી. ■

### આજે વેસ્ટ ઈન્ડિઝ સામે બીજી ટી-૨૦ મેચ, સિરીઝ જીતવાના ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે ભારતીય મહિલા ટીમ

નવી મુંબઈઃ ભારતીય મહિલા ટીમ અને વેસ્ટ ઇન્ડિઝ મહિલા ટીમ વચ્ચે આજે બીજી ટી-૨૦ મેચ રમાશે. ભારતીય ટીમ ત્રણ ટી-૨૦ મેચની સિરીઝની બીજી મેચ જીતીને સિરીઝ જીતવાનો પ્રયાસ કરશે. સિરીઝની પ્રથમ મેચમાં ભારતે ૪૯ રનથી વિજય મેળવ્યો હતો.

ઓસ્ટ્રેલિયામાં તેમની છેલ્લી વન-ડે અને રવિવારે અહીંની પ્રથમ ટી-૨૦ મેચ વચ્ચે ઓછો સમય હોવા છતાં ભારતે શાનદાર પ્રદર્શન કર્યું હતું. પ્રથમ ટી-૨૦ મેચમાં ભારતીય ટીમની ફિલ્ડિંગ ખરાબ રહી હતી. જેમિમાહ રોડ્રિગ્સ, સ્મૃતિ મંધાના અને સાયમા ઠાકોરે એક-એક કેચ છોડ્યો હતો. ભારતની જીત પછી તરત જ કોચિંગ સ્ટાફે યુવા પ્રિયા મિશ્રા, રાઘવી બિષ્ટ અને નંદિની કશ્યપ સાથે કેચિંગ પ્રેક્ટિસનું સત્ર શરૂ કર્યું હતું.

ભારતીય મહિલાઓએ પ્રથમ ટી-૨૦ મેચમાં પાંચ વિકેટના નુકસાન પર ૧૯૫ રનનો સ્કોર બનાવ્યો હતો. ભારતની ઓપનર સ્મૃતિ મંધાનાએ ૩૩ બોલમાં ૫૪ રનની શાનદાર ઇનિંગ રમી જેમાં સાત ચોગ્ગા અને બે છગ્ગાનો સમાવેશ થાય છે.

જેમિમાહ રોડ્રિગ્સે ૩૫ બોલમાં નવ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૭૩ રન ફટકારીને ટીમને મોટા સ્કોર સુધી પહોંચાડી હતી. બોલિંગમાં ટિટસ સંધુએ ત્રણ વિકેટ લીધી હતી જ્યારે દીપ્તિ શર્મા અને રાધા યાદવે બે-બે વિકેટ લીધી હતી. ■

## જો શિસ્તબદ્ધ થાય તો પૃથ્વી શો સફળતાની ઊંચાઇએ પહોંચી શકે છેઃ શ્રેયસ ઐય્યર



બેંગલૂરુઃ પૃથ્વી શો જેટલી ઝડપથી ઊભરી આવ્યો એટલી જ ઝડપથી તે હાંસિયામાં ધકેલાઈ ગયો છે. પરંતુ શ્રેયસ ઐય્યરનું માનવું છે કે જો મુંબઈનો આ બેટ્સમેન શિસ્તબદ્ધ રહેશે તો ઘણી ઊંચાઈઓને સ્પર્શી શકે છે. પૃથ્વી શોએ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં પોતાની પ્રતિભાની ઝલક બતાવી અને નવ મેચમાં ૧૯૭ રન ફટકાર્યા હતા પરંતુ એક પણ અડધી સદી ફટકારી શક્યો ન હતો. શ્રેયસની કેપ્ટનશિપમાં મુંબઈએ સૈયદ મુશ્તાક અલી ટ્રોફી જીતી હતી.

ફાઇનલમાં મધ્ય પ્રદેશને પાંચ વિકેટે હરાવ્યા બાદ શ્રેયસે કહ્યું હતું કે મને લાગે છે કે તે કુદરતી રીતે પ્રતિભાશાળી ખેલાડી છે. તેની પાસે એટલી પ્રતિભા છે જે બીજા કોઈમાં નથી. તેણે માત્ર શિસ્ત પર કામ કરવું પડશે. આમ કરીને તે મહાન ઊંચાઈઓને સ્પર્શી શકે છે.

જો કે તેણે કહ્યું કે પોતાની કારકિર્દીને પાટા પર લાવવાની ઈચ્છા પોતાની અંદર હોવી જોઈએ. ''તે બાળક નથી.'' તે ઘણું ક્રિકેટ રમ્યો છે. દરેક તેને સલાહ આપે છે. અંતે તેણે તે શોધવું પડશે જે તેના માટે યોગ્ય છે. તે પહેલા પણ આવું કરી ચૂક્યો છે. તેણે ધ્યાન કેન્દ્રિત કરવું અને વિચારવું પડશે. તેનો જવાબ તેને જાતે જ મળી જશે. કોઈ તેને કંઈપણ કરવા દબાણ કરી શકે નહીં.

ટાઈટલ જીતવામાં અજિંક્ય રહાણેના યોગદાનની પ્રશંસા કરતા શ્રેયસે કહ્યું હતું કે, ''તે એક એવો ખેલાડી છે જે ટીમને ૧૧૦ ટકા આપશે.'' તેણે ચોથા નંબરથી શરૂઆત કરી અને જ્યારે સૂર્ય આવ્યો ત્યારે તેણે પોતાનું સ્થાન છોડી દીધું. ત્યારબાદ તેણે ઇનિંગ્સની શરૂઆત કરી હતી. રહાણેએ સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં ૧૬૫ના સ્ટ્રાઈક રેટથી ૪૬૯ રન કર્યા હતા. ■

## ઈંગ્લેન્ડ સામેની ત્રીજી ટેસ્ટમાં મજબૂત સ્થિતિમાં ન્યૂ ઝીલેન્ડ, કેન વિલિયમ્સનની સદી



હેમિલ્ટનઃ કેન વિલિયમ્સનની શાનદાર સદીના આધારે ન્યૂ ઝીલેન્ડે હેમિલ્ટનમાં રમાઈ રહેલી ત્રીજી ટેસ્ટ મેચમાં ઈંગ્લેન્ડ પર પોતાની પકડ મજબૂત કરી લીધી છે. ન્યૂ ઝીલેન્ડે ઈંગ્લેન્ડને ૬૫૮ રનનો વિશાળ ટાર્ગેટ આપ્યો હતો જેના જવાબમાં ઇગ્લેન્ડની ટીમે ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં બે વિકેટ ગુમાવીને ૧૮ રન કરી લીધા હતા. દિવસના અંતે જેકબ બેથેલ નવ રન અને જો રુટ શૂન્ય પર રમી રહ્યો છે. ઈંગ્લેન્ડની ટીમ હજુ પણ લક્ષ્યાંકથી ૬૪૦ રન પાછળ છે.

ન્યૂ ઝીલેન્ડની બીજી ઇનિંગમાં કેન વિલિયમ્સને ૧૫૬ રન કર્યા હતા. આ ઇનિંગમાં વિલિયમ્સને ૨૦૪ બોલનો સામનો કર્યો અને ૨૦ ચોગ્ગા અને એક છગ્ગો ફટકાર્યો હતો. વિલિયમ્સન પ્રથમ દાવમાં અડધી સદી ચૂકી ગયો હતો. તેણે ૪૪ રન કર્યા હતા વિલિયમ્સને તેની કારકિર્દીની ૩૩મી અને સેડન પાર્કમાં સાતમી સદી ફટકારી હતી. આ તેની હોમ ગ્રાઉન્ડ પર સતત પાંચમી સદી હતી. ન્યૂ ઝીલેન્ડે બીજા દાવમાં ૪૫૩ રન કર્યા હતા જ્યારે તેની પાસે પ્રથમ દાવમાં ૨૦૪ રનની લીડ હતી. ઇંગ્લેન્ડે પાંચ ઓવર રમ્યા બાદ ૧૮ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. ટિમ સાઉથીએ બીજી ઓવરમાં બેન ડકેટ (ચાર)ને આઉટ કર્યો હતો. જેક ક્રોલી (પાંચ)ને મેટ હેનરીએ સિરીઝમાં છઠ્ઠી વખત પેવેલિયન મોકલ્યો હતો. ત્રીજા દિવસની રમતના અંતે જેકબ બેથેલ નવ રન સાથે રમી રહ્યો હતો જ્યારે જો રુટે હજુ ખાતું ખોલાવ્યું નથી. સ્ટોક્સને ડાબા પગમાં હેમસ્ટ્રિંગની ઈજા થઈ હતી. જેના કારણે તેને મેદાન છોડવું પડ્યું હતુ. ઑગસ્ટમાં ધ હન્ડ્રેડ સીરિઝમાં રમતી વખતે તેને ડાબા હાથની હેમસ્ટ્રિંગમાં ગંભીર ઈજા થઈ હતી અને તેણે મેદાન છોડવું પડ્યું હતું. તે શ્રીલંકા સામેની ટેસ્ટ શ્રેણી અને પાકિસ્તાન સામેની પ્રથમ ટેસ્ટ પણ રમી શક્યો નહોતો. ■

# નબળા વૈશ્વિક વલણો વચ્ચે બજારમાં મંદી; સેન્સેક્સ ૩૮૫ પોઈન્ટ તૂટ્યો, નિફ્ટી ૨૪,૭૦૦ની નીચે સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સપ્તાહના પહેલા દિવસે નબળા વૈશ્વિક સંકેતો અને અમેરિકાની ફેડરલ રીઝર્વના વ્યાજ દરના નિર્ણયની જાહેરાત અગાઉના સાવચેતીના માહોલમાં વેચવાલીનું દબાણ વધી જતાં બેન્ચમાર્ક સૂચકાંકો સેન્સેક્સ અને નિફ્ટી સોમવારે નીચા મથાળે બંધ રહ્યા હતા. ટાઈટન અને અદાણી પોર્ટ્સ જેવા સેન્સેક્સના મુખ્ય શેરોમાં ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે ઈન્ડસઈન્ડ બેન્કમાં સુધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૩૮૪.૫૫ પોઈન્ટ અથવા ૦.૪૭ ટકા ઘટીને ૮૧,૭૪૮.૫૭ પોઈન્ટની સપાટી પર સેટલ થયો હતો. દિવસ દરમિયાન, તે ૫૮૧.૮૪ પોઈન્ટ અથવા ૦.૭૦ ટકા ઘટીને ૮૧,૫૫૧.૨૮ પોઇન્ટની નીચી સપાટીને અથડાયો હતો. જ્યારે એમએસઇનો નિફ્ટી ફિફ્ટી ઇન્ડેક્સ ૧૦૦.૦૫ પોઈન્ટ અથવા ૦.૪૦ ટકા ગબડીને ૨૪,૬૬૮.૨૫ પોઈન્ટ પર બંધ થયો હતો.

સેન્સેક્સના ૩૦-શેર બ્લૂ-ચિપ પેકમાંથી, ટાઇટન, અદાણી પોર્ટ્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ટાટા કન્સલ્ટન્સી સર્વિસિસ, એનટીપીસી, ભારતી એરટેલ, ટેક મહિન્દ્રા, ઇન્ફોસિસ, હિન્દુસ્તાન યુનિલિવર અને જેએસડબ્લ્યુ સ્ટીલ સૌથી ગબડનારા શેરોની યાદીમાં હતા. બીજી તરફ ઈન્ડસઈન્ડ બેન્ક, બજાજ ફાઈનાન્સ, પાવર ગ્રીડ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા અને એક્સિસ બેન્ક ટોપ ગેઇનર્સ શેરોમાં સમાવિષ્ટ હતા. આ સપ્તાહે નવ કંપની આઇપીઓ મારફત રૂ. ૩,૫૦૦ કરોડ એકત્ર કરશે. કોનકોર્ડ એન્વાયરો સિસ્ટમ લિમિટેડ ૧૯ ડિસેમ્બરે મૂડી બજારમાં પ્રવેશ કરશે અને ભરણું ૨૩મી ડિસેમ્બરે બંધ થશે. પ્રાઈસ બેન્ડ રૂ. ૬૬૫થી રૂ. ૭૦૧ નક્કી થઈ છે, મીનીમમ લોટ ૨૧ શેરનો છે. શેર બીએસઈ અને એનએસઈ પર લીસ્ટ થશે. આ ઈસ્યુમાં રૂ. ૧૯૨.૩૦ કરોડના નવા ઈશ્યુ અને ૦.૫૨ કરોડ શેરના વેચાણની ઓફરનો સમાવેશ થાય છે. પાવર સેકટરની કંપની ટ્રાન્સરેલ લાઈટિંગ લિમિટેડ ૧૯ ડિસેમ્બરે મૂડી બજારમાં પ્રવેશ કરશે અને આ રૂ. ૪૦૦ કરોડનું ભરણું ૨૩મી ડિસેમ્બરે બંધ થશે. પ્રાઈસ બેન્ડ રૂ. ૪૧૦થી રૂ. ૪૩૨ નક્કી થઈ છે, મિનિમમ લોટ ૩૪ શેરનો છે. શેરની ફાળવણી ૨૪મી ડિસેમ્બરના રોજ ફાઈનલ થવાની અપેક્ષા છે અને ૨૭મી ડિસેમ્બરે બીએસઇ અને એનએસઇ પર લિસ્ટિંગ થશે.

ડેમ કેપિટલ એડવાઈસર લિમિટેડ ૧૯ ડિસેમ્બરે મૂડી બજારમાં પ્રવેશ કરશે અને ભરણું ૨૩મી ડિસેમ્બરે બંધ થશે. પ્રાઈસ બેન્ડ રૂ. ૨૬૯થી રૂ. ૨૮૩ નક્કી થઈ છે, મીનીમમ લોટ ૫૩ શેરનો છે. શેર બીએસઈ અને એનએસઈ પર લીસ્ટ થશે. આ ઈશ્યુ સંપૂર્ણપણે ૨.૯૭ કરોડ શેરના વેચાણ માટેની ઓફર છે. ફાળવણી ૨૪મી ડિસેમ્બરે ફાઈનલ થવાની અપેક્ષા છે. સનાથન ટેકસટાઇલ લિમિટેડ ૧૯ ડિસેમ્બરે બુક બિલ્ટ ઇશ્યૂ સાથે મૂડી બજારમાં પ્રવેશ કરશે અને ભરણું ૨૩મી ડિસેમ્બરે બંધ થશે. પ્રાઈસ બેન્ડ રૂ. ૩૦૫થી રૂ. ૩૨૧ નક્કી થઈ છે, મીનીમમ લોટ ૪૬ શેરનો છે. શેર બીએસઈ અને એનએસઈ પર લીસ્ટ થશે. આ ઈસ્યુ ૪૦૦.૦૦ કરોડના તાજા ઈશ્યુ અને રૂ. ૧૫૦.૦૦ કરોડના વેચાણની ઓફરનું સંયોજન છે.

બજારના અગ્રણી ટેક્નિકલ એનાલિસ્ટે જણાવ્યું કે, નિફ્ટી સત્ર દરમિયાન રેન્જ-બાઉન્ડ રહ્યો હતો અને ૨૪,૬૦૦ અને ૨૪,૮૦૦ના બેન્ડમાં ફંગોળાતો રહ્યો હતો. એકંદરે સેન્ટિમેન્ટ ટૂંકા ગાળા માટે સકારાત્મક રહે છે કારણ કે ઇન્ડેક્સ દૈનિક સમયમર્યાદા પર નિર્ણાયક મૂવિંગ એવરેજથી ઉપર ટકી રહ્યો છે. ઇન્ડેક્સ ટૂંકા ગાળામાં આગેકૂચ ચાલુ રાખી ૨૫,૦૦૦ પોઇન્ટના ઊંચા સ્તર સુધી પહોંચી શકે છે અને તેનાથી વિપરીત જો ગબડે તો નીચલા સ્તરે ૨૪,૫૦૦ની સપાટી નિર્ણાયક ટેકો પૂરો પાડી શકે છે.

એશિયન બજારોમાં સિઓલ, ટોકિયો, શાંઘાઈ અને હોંગકોંગ નીચા મથાળે સ્થિર થયા હતા. યુરોપિયન બજારો રેડ ઝોનમાં ક્વોટ થઈ રહ્યા હતા. વોલ સ્ટ્રીટના શેરબજારો શુક્રવારે મોટે ભાગે નીચી સપાટીએ ગબડ્યા હતા.



એક્સચેન્જ ડેટા અનુસાર, વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૨,૩૩૫.૩૨ કરોડના મૂલ્યની ઇક્વિટી ખરીદી હતી, ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૭૫% ઘટીને ૭૩.૯૧ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

દરમિયાન, ખાદ્ય ચીજવસ્તુઓના ભાવમાં ઘટાડો થયો હોવાને કારણે જથ્થાબંધ ભાવ આધારિત ફુગાવો નવેમ્બરમાં ઘટીને ૧.૮૯ ટકાના ત્રણ મહિનાની નીચી સપાટીએ પહોંચ્યો હતો. શુક્રવારે બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ ૮૪૩.૧૬ પોઈન્ટ અથવા ૧.૦૪ ટકા ઉછળીને ૮૨,૧૩૩.૧૨ પર સેટલ થયો હતો. નિફ્ટી ૨૧૯.૬૦ પોઈન્ટ અથવા ૦.૮૯ ટકા વધીને ૨૪,૭૬૮.૩૦ પર સેટલ થયો હતો. સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં ઈન્ડસ ઈન્ડ બેન્ક ૧.૨૮ ટકા, બજાજ ફાઈનાન્સ ૦.૩૦ ટકા, પાવર ગ્રીડ ૦.૨૪ ટકા, એક્સિસ બેન્ક ૦.૧૭ ટકા, મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૧૨ ટકા અને આઈસીઆઈસીઆઈ બેન્ક ૦.૦૩ ટકા વધ્યા હતા. જ્યારે ટાઈટન ઈન્ડસ્ટ્રીઝ ૨.૦૪ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૩૭ ટકા, ટાટા કન્સલ્ટન્સી ૧.૨૯ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૨૯ ટકા, એનટીપીસી ૧.૨૫ ટકા, ભારતી એરટેલ ૧.૧૬ ટકા, ટેક મહિન્દ્ર ૧.૧૧ ટકા, જેએસડબ્લ્યુ સ્ટીલ ૧.૦૮ ટકા, ઈન્ફોસિસ ટેકનોલોજી ૧.૦૧ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૯૮ ટકા, ટાટા મોટર્સ ૦.૭૫ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૭૪ ટકા અને ટાટા મોટર્સ ૦.૭૫ ટકા ઘટ્યા હતા.

દરમિયાન, ફાઇવજી સ્માર્ટ પોનના મામલે ભારત ચીનની નિકટ પહોંચી ગયું છે. ભારતે છેલ્લા ૧૨ મહિનામાં ફોરજીથી ફાઇવજી સ્માર્ટફોન શિપમેન્ટમાં ચીન સાથેનું અંતર નોંધપાત્ર રીતે ઘટાડ્યું છે અને તેની નજીક પહોંચી ગયું છે. ભારતના કુલ સ્માર્ટફોન શિપમેન્ટમાં ૫ઞ્ઞ ફોનનો હિસ્સો ગત નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૫૭ ટકાથી વધીને ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૮૩.૪ ટકા થઈ ગયો છે. આ સમયગાળા દરમિયાન, ચીનની ૫ઞ્ઞ ફોન શિપમેન્ટ ૮૯.૫ ટકાથી વધીને ૯૫.૬ ટકા થઈ ગઈ છે. આ સમયગાળા દરમિયાન, ચીને ત્રિમાસિક ધોરણે કોઈ નોંધપાત્ર વધારો નોંધાવ્યો નથી. ભારતથી વિપરીત, ૫ઞ્ઞ ફોનનો ચીનનો હિસ્સો નાણાકીય વર્ષ ૨૦૨૪ના ત્રીજા ક્વાર્ટરમાં ૯૩.૨ ટકાથી ઘટીને ચોથા ક્વાર્ટરમાં ૮૯.૮ ટકા થયો હતો. ભારતમાં, નાણાકીય વર્ષ ૨૦૨૫ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં તમામ સ્માર્ટફોન શિપમેન્ટમાં ફોનનો હિસ્સો ૭૭ ટકા હતો, જેનો અર્થ છે કે અગાઉના ક્વાર્ટરની તુલનામાં બીજા ક્વાર્ટરમાં ૭ ટકાથી વધુનો વધારો થયો છે. ચાલુ નાણાકીય વર્ષના બીજા ક્વાર્ટરમાં ૫ઞ સ્માર્ટફોન શિપમેન્ટ ૩.૮૪ કરોડ સુધી પહોંચી ગયું છે, જે કોઈપણ ક્વાર્ટરમાં સૌથી વધુ છે. અફડાતફડીથી ભરપૂર સત્રમાં સેકટર જોઇએ તો રિયલ્ટી શેરોમાં ઝડપી સુધારો રહ્યો હતો, જ્યારે મેટલ અને ટેક ઈન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો. બીએસઈ સેન્સેક્સ ગત શુક્રવારના ૮૨,૧૩૩.૧૨ના બંધથી ૩૮૪.૫૫ પોઈન્ટ્સ (૦.૪૭ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૦.૬૪ લાખ કરોડ વધીને રૂ.૪૬૦.૦૬ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ ૮૨,૦૦૦.૩૧ ખૂલીને ઉપરમાં ૮૨,૧૧૬.૪૪ અને નીચામાં ૮૧,૫૫૧.૨૮ સુધી જઈને અંતે ૮૧,૭૪૮.૫૭ પોઈન્ટ્સ પર બંધ રહ્યો હતો.

બીએસઈ સેન્સેક્સની ૬ સ્ક્રિપ વધી હતી અને ૨૪ સ્ક્રિપ્સ ઘટી હતી. એક્સચેન્જમાં ૪,૨૪૦ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૨,૩૪૬ સ્ટોક્સ વધ્યા હતા, ૧,૭૯૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૯૮ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૩૧૭ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૨૨ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા. બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૦.૭૩ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૦.૪૭ ટકા વધ્યો હતો. સ્ટ્રટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૧.૧૨ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૧.૨૩ ટકા વધ્યો હતો.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં રિયલ્ટી ૩.૧૭ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૦.૬૯ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૫૬ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૫ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૩૮ ટકા, હેલ્થકેર ૦.૨૨ ટકા, ઓટો ૦.૧૭ ટકા અને ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૦૨ ટકા વધ્યા હતા, જ્યારે મેટલ ૦.૯૫ ટકા, ટેક ૦.૮૨ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૭૫ ટકા, ફોકસ્ડ આઈટી ૦.૭૪ ટકા, યુટિલિટીઝ ૦.૬૩ ટકા, ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૬૧ ટકા, એનર્જી ૦.૫૩ ટકા, ટેલિકોમ્યુનિકેશન ૦.૫૧ ટકા, સર્વિસીસ ૦.૪૯ ટકા, કોમોડિટીઝ ૦.૪ ટકા, એફએમસીજી ૦.૨૬ ટકા, પાવર ૦.૧૭ ટકા અને બેન્કેક્સ ૦.૦૨ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં ગુરુવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ. ૧૪૦.૩૦ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૯૫૪ સોદામાં ૧,૭૧૩ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૬,૭૫,૬૨૦ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ. ૧૧,૩૫,૦૨૧.૮૫ કરોડનું રહ્યું હતું.

# ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા ગબડીને ૮૪.૯૨ની નવી નીચી સપાટીએ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડમાં વધારો થવાથી આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૧૨ પૈસા ગબડીને ૮૪.૯૨ની નવી નીચી સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં આગલા બંધ સામે સાધારણ નરમાઈ તેમ જ ગત શુક્રવારે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૨૩૩૫.૩૨ કરોડની ચોખ્ખી ખરીદી રહી હોવાથી રૂપિયાને અમુક અંશે ટેકો મળ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૪.૮૦ના બંધ સામે સાધારણ નરમાઈના અન્ડરટોને ૮૪.૮૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૪.૮૦ અને નીચામાં એક તબક્કે ઘટીને ૮૪.૯૩ સુધી ગબડ્યા બાદ આગલા બંધ સામે ૧૨ પૈસા ગબડીને ૮૪.૯૨ની નવી ઐતિહાસિક નીચી સપાટીએ બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે ગત ૧૨મી ડિસેમ્બરના રોજ રૂપિયો ૮૪.૮૮ના નવાં તળિયે બંધ રહ્યો હતો.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૭-૧૮ ડિસેમ્બરની નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં કાપ મૂકે તેવી પ્રબળ શક્યતા, સ્થાનિક ઈક્વિટીમાં નરમાઈનું વલણ અને વિશ્વ બજારમાં ક્રૂડતેલના વધતા ભાવ આગામી સમયગાળા દરમિયાન રૂપિયામાં નરમાઈનું વલણ જળવાઈ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ્ શેરખાનનાં વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે શક્યતઃ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની લેવાલી અને ફુગાવામાં ઘટાડો રૂપિયાને થોડાઘણાં અંશે ટેકો આપી શકે છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ વધ્યા મથાળેથી સાધારણ ૦.૧૪ ટકા ઘટીને ૧૦૬.૮૫ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૭૮ ટકા ઘટીને બેરલદીઠ ૭૩.૯૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ છતાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૩૮૪.૫૫ પૉઈન્ટનો અને ૧૦૦.૦૫ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ફેડરલની બેઠક પૂર્વે વૈશ્વિક સોનામાં સાધારણ સુધારો છતાં સ્થાનિકમાં ₹ ૧૪ની નરમાઈ, ચાંદી ₹ ૪૬૧ ઘટી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આવતીકાલથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પૂર્વે આજે લંડન ખાતે સોના અને ચાંદીના ભાવમાં ધીમો સુધારો આગળ વધ્યો હોવાના નિર્દેશો છતાં સ્થાનિક ઝવેરી બજારમાં સપ્તાહના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૬૧નો ઘટાડો આવ્યો હતો. જોકે, ભાવઘટાડાના માહોલમાં સાર્વત્રિક સ્તરેથી કામકાજો પણ ખપપૂરતા રહ્યા હોવાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને .૯૯૯ ટચ ચાંદીમાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં વેરા રહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૪૬૧ના ઘટાડા સાથે રૂ. ૮૯,૫૧૫ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ સાવચેતીના અભિગમ વચ્ચે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો. જોકે, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની ખપપૂરતી માગ રહેતા વેરા રહિત ધોરણે



ભાવ સાધારણ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧૪ના ઘટાડા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬,૬૦૦ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૭૬,૯૦૮ના મથાળે રહ્યા હતા.

અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૭-૧૮ ડિસેમ્બરની બે દિવસીય નીતિવિષયક બેઠકના અંતે વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી પ્રબળ શક્યતા બજાર વર્તુળો જોઈ રહ્યા છે, પરંતુ હળવી નાણાનીતિનું વલણ વર્ષ ૨૦૨૫માં જાળવી રાખવામાં આવશે કે કેમ તે અંગેની સ્પષ્ટતાની રોકાણકારો રાહ જોઈ રહ્યા હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે રોકાણકારોના સાવચેતીના વલણ વચ્ચે હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૨૬૫૮.૬૪ ડૉલર અને વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૧ ટકા વધીને ૨૬૭૭.૭૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ હાજરમાં ચાંદીના ભાવ પણ આગલા બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૬૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

એકંદરે અમેરિકા ખાતે ફુગાવાની લક્ષ્યાંક કરતાં ઊંચી સપાટી, અર્થતંત્રમાં મક્કમ વલણ અને નવાં ચૂંટાયેલા પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની નીતિ અંગેની અનિશ્ચિતતા વચ્ચે ફેડરલ રિઝર્વ આગામી વર્ષ ૨૦૨૫માં હળવી નાણાનીતિ કે તંગ નાણાનીતિ અપનાવશે તે અંગે રોકાણકારો અવઢવમાં મુકાયા છે. આથી જ સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ આગામી બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવી ધારણા ટ્રેડરો મૂકી રહ્યા છે, જ્યારે જાન્યુઆરી મહિનામાં રેટ કટ કરે તેવી માત્ર ૧૮ ટકા ધારણા બજાર વર્તુળો મૂકી રહ્યા હોવાનું આઈજી માર્કેટના એનાલિસ્ટ યીપ જૂન રૉન્ગે જણાવ્યું હતું.

જોકે, સિટી બૅન્કે એક અહેવાલમાં જણાવ્યું છે કે અમેરિકા સહિત વૈશ્વિક વૃદ્ધિમાં મજબૂત સંકેત ન મળે તેમ જ ઈક્વિટી માર્કેટમાં નરમાઈતરફી વલણ રહેશે ત્યાં સુધી સોનામાં હેજરૂપી માગને મજબૂત ટેકે સોનામાં સુધારો જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય. અમારા મતે વર્ષ ૨૦૨૫નાં ચોથા અને વર્ષ ૨૦૨૬ના પહેલા ત્રિમાસિકગાળા દરમિયાન સોનાના ભાવમાં તેજીનું વલણ જોવા મળે તેમ જણાય છે.

વધુમાં તાજેતરમાં ઈઝરાયલ દ્વારા ગાઝાપટ્ટી પર કરવામાં આવેલા હુમલામાં ૫૩ પેલેસ્ટાઈનીનાં મોતના અહેવાલ ઉપરાંત ઈઝરાયલના લશ્કરે કરેલા હવાઈ હુમલાઓમાં પણ ડઝનબંધ આતંકીઓ મરાયા હોવાનું જણાવ્યું હતું. આમ મધ્ય પૂર્વના દેશોની રાજકીય-ભૌગોલિક અનિશ્ચિતતાઓને કારણે પણ સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીએ ₹ આઠની નરમાઈ, અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના આરંભે પાંખાં કામકાજો વચ્ચે વિવિધ ધાતુઓના ભાવ સાંકડી વધઘટે અથડાઈ જતાં એકંદરે મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જોકે, આજે મુખ્યત્વે નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. આઠનો ઘટાડો આવ્યો હતો, જ્યારે નિરસ માગે બ્રાસ શીટ કટિંગ્સ, કોપર વાયરબાર, કોપર કેબલ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં સાધારણ કિલોદીઠ રૂ. એકથી બેનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે કોપર સ્ક્રેપ હેવી અને ટીનમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. એક અને રૂ. ત્રણનો સુધારો આવ્યો હતો તથા અન્ય તમામ ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. આઠ ઘટીને રૂ. ૧૩૭૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય નિરસ માગે એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૨૪૭ અને કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને અનુક્રમે રૂ. ૭૮૫, રૂ. ૫૬૪ અને રૂ. ૮૧૯ના મથાળે રહ્યા હતા. જોકે, આજે માત્ર ટીનમાં સ્ટોકિસ્ટોની લેવાલી અને કોપર સ્ક્રેપ હેવીમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૫૬૩ અને રૂ. એક વધીને રૂ. ૭૭૯ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર, બ્રાસ અને એલ્યુમિનિયમની અન્ય વેરાઈટીઓ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# જથ્થાબંધ ફુગાવો ઘટીને ત્રણ મહિનાની નીચી ૧.૮૯ ટકાની સપાટીએ, ફેબ્રુઆરીમાં રિઝર્વ બૅન્ક વ્યાજદર ઘટાડે તેવી શક્યતા

નવી દિલ્હીઃ ગત નવેમ્બર મહિનામાં ખાદ્ય ચીજો સસ્તી થવાને કારણે જથ્થાબંધ ફુગાવો ઘટીને ત્રણ મહિનાની નીચી ૧.૮૯ ટકાની સપાટીએ રહેતાં આગામી ફેબ્રુઆરી મહિનાની રિઝર્વ બૅન્કની નાણાનીતિની સમીક્ષામાં મૉનેટરી પૉલિસી કમિટી વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવો આશાવાદ નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વે ગત ઑક્ટોબર મહિનામાં જથ્થાબંધ ફુગાવો આંક ૨.૩૬ ટકાના સ્તરે રહ્યો હતો, જ્યારે નવેમ્બર, ૨૦૨૩માં ૦.૩૯ ટકા અને આ પૂર્વે ઑગસ્ટ મહિનાનો ફુગાવો ૧.૨૫ ટકા રહ્યો હતો.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત નવેમ્બર મહિનામાં ખાસ કરીને શાકભાજીનો ફુગાવો આગલા ઑક્ટોબર મહિનાના ૬૩.૦૪ ટકા સામે ઘટીને ૨૮.૫૮ ટકા રહ્યો હોવાથી એકંદર ખાદ્ય ચીજોનો ફુગાવો આગલા ઑક્ટોબર મહિનાના ૧૩.૫૪ ટકા સામે ઘટીને ૮.૬૩ ટકાના સ્તરે રહ્યો હતો. જોકે, ગત નવેમ્બર મહિનામાં બટાટાનો ફુગાવો ૮૨.૭૯ ટકાની ઊંચી સપાટીએ જળવાઈ રહ્યો હતો, જ્યારે કાંદાનો ફુગાવો તિવ્રપણે ઘટીને ૨.૮૫ ટકાના સ્તરે રહ્યો હતો.

ઈંધણ અને પાવરની શ્રેણીમાં ડિફ્લેશન આગલા ઑક્ટોબર મહિનાના ૫.૭૯ ટકા સામે વધીને ૫.૮૩ ટકાના સ્તરે રહ્યું હતું. તેમ જ ઉત્પાદિત ચીજોમાં ફુગાવો આગલા ઑક્ટોબર મહિનાના ૧.૫૦ ટકા સામે વધીને બે ટકાના સ્તરે રહ્યો હતો. ગત નવેમ્બર મહિનામાં મુખ્યત્વે ખાદ્ય ચીજોના ભાવમાં ઘટાડો થવાથી જથ્થાબંધ ફુગાવામાં ઘટાડો આવ્યો હોવાથી અપેક્ષા કરતાં વધુ ઉત્પાદિત ચીજોના ફુગાવામાં જોવા મળેલી વૃદ્ધિ સરભર થઈ હોવાનું બાર્કલેઝે એક રિસર્ચ નોટ્સમાં જણાવતાં ઉમેર્યું હતું કે ડિસેમ્બરમાં અત્યાર સુધીમાં વૈશ્વિક ભાવમાં ૦.૭ ટકાનો વધારો થયો હોવાથી ડિસેમ્બરના જથ્થાબંધ ફુગાવામાં વધારો થાય તેવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે ગ્રાહક ભાવાંક આધારિત ફુગાવાની ગત સપ્તાહે જાહેર થયેલી માહિતી અનુસાર રિટેલ ફુગાવો આગલા ઑક્ટોબર મહિનાના ૬.૨ ટકા સામે ઘટીને ૫.૫ ટકાની સપાટીએ રહ્યો હતો.

વધુમાં બાર્કલેઝે રિસર્ચમાં જણાવ્યું હતું કે મોનેટરી પૉલિસી કમિટીની ફુગાવાની બેથી છ ટકાની મર્યાદાને ધ્યાનમાં રાખતા આગામી માર્ચ, ૨૦૨૫માં ફુગાવો લક્ષ્યાંકિત ચાર ટકા આસપાસની સપાટીએ પહોંચે તેમ હોવાથી રિઝર્વ બૅન્કની મૉનેટરી પૉલિસી કમિટીની બેઠક આગામી ફેબ્રુઆરી મહિનાની નાણાનીતિની સમીક્ષાની બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો કાપ મૂકે તેવો અમે આશાવાદ સેવી રહ્યા છીએ. જોકે, ગ્રાહક બાબતોના ખાતાની ખાદ્ય ચીજોના ભાવ અંગેની આંકડાકીય માહિતી અનુસાર ડિસેમ્બર મહિનામાં ગત ૧૫ ડિસેમ્બર સુધીમાં ઘણીખરી ખાદ્ય ચીજોના ભાવમાં વધારો થયો હોવાનું દર્શાવાઈ રહ્યું હોવાથી ઈક્રાએ ડિસેમ્બર મહિનાનો ફુગાવો વધીને ૨.૫ થી ૩ ટકા આસપાસ રહેવાની ધારણા મૂકી હોવાનું ઈક્રાના વરિષ્ઠ અર્થશાસ્ત્રી રાહુલ અગરવાલે જણાવ્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં સાધારણ ગુણવત્તાલક્ષી નરમાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહી હોવા છતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી આવી હોવાથી ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો સાધારણ ઘટાડો જોવા મળ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમા અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ માગ ઉપરાંત રિટેલ સ્તરની માગ પણ જળવાઈ રહેતાં ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા નબળી હોવાથી તેનાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા સાથે રૂ. ૩૫૧૨થી ૩૬૩૨માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૨૬થી ૩૭૯૦માં ટકેલા ધોરણે થયા હતા.

જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો અને સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૩૦થી ૩૪૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૧૦થી ૩૫૮૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.



**રાજકોટમાં એક લાખ ગુણી મગફળીની આવકઃ**

રાજકોટ માર્કેટિંગ યાર્ડમાં વાહનોની આવક રવિવારે સવારથી ચાલુ થઈ ગઈ હતી જેમાં મગફળી ભરેલાં વાહનોની ૯ કિલોમીટર સુધીની લાઈન જોવા મળી હતી તથા કપાસની આવકની ૮૫૦૦ ભારી થઈ હતી. અંદાજે ૯૦૦થી વધુ વાહનોને માર્કેટયાર્ડમાં ક્રમવાર પ્રવેશ આપી મગફળી તથા કપાસની ઉતરાઈ કરાવવામાં આવી હતી. જેમાં મગફળીની અંદાજે એક લાખથી વધુ ગુણીની આવક થઈ હતી. રાજકોટ માર્કેટયાર્ડના ચેરમેન જયેશભાઈ બોઘરા, ડિરેક્ટરો તેમ જ સ્ટાફ દ્વારા આ ઉતરાઈની વ્યવસ્થા કરવામાં આવી હતી. (તસવીર પ્રવીણ સેદાણી, રાજકોટ)

# સરકારી કર્મચારીઓને બખ્ખાંઃ મોંઘવારી ભથ્થામાં સાત ટકાનો વધારો, પાંચ મહિનાનું એરિયર્સ પણ ચૂકવાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫ની શરૂઆત પહેલા સરકારી કર્મચારીઓને મોટી ભેટ આપી હતી. રાજ્ય સરકાર દ્વારા છઠ્ઠા પગાર પંચ હેઠળ સરકારી કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં વધારો કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત ૫ મહિનાનું એરિયર્સ પણ ચૂકવાશે. અંગે નાણાં વિભાગ દ્વારા સત્તાવાર પરિપત્ર જાહેર કરવામાં આવ્યો હતો. આ જાહેરાતથી લાખો કર્મચારીઓ અને પેન્શનરોને લાભ થશે.

રાજ્ય સરકારની જાહેરાત પ્રમાણે, સરકાર દ્વારા કર્મચારીઓ ગુજરાત રાજ્ય સેવા નિયમો-૨૦૦૯ હેઠળના પગારધોરણ પ્રમાણે પગાર મેળવે છે તેવા કર્મચારીઓ અને પેન્શનરોના ભથ્થામાં ૭ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. છઠ્ઠા પગારપંચ હસ્તકના કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું ૭ ટકા વધ્યું છે.

રાજ્ય સરકારે છઠ્ઠા પગાર પંચ પ્રમાણે પગાર મેળવતા કર્મચારીઓ અને પેન્શનરોના કિસ્સામાં ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં ૧ જુલાઈ ૨૦૨૪થી વધારો કરવાનું નક્કી કર્યું છે. આ મોંઘવારી ભથ્થું ૫ મહિનાની તફાવતની રકમ જાન્યુઆરીમાં ચૂકવાશે. ડિસેમ્બરના પગાર સાથે તફાવતની રકમ મળશે. પેન્શનરોને તફાવતની રકમ ચૂકવાશે.

સરકારે કરેલા આ ઠરાવનો લાભ ફેરફાર સાથે પ્રાથમિક શિક્ષકો અને પંચાયતમાં પ્રતિનિયુક્તિ ઉપરના અથવા બદલી પામેલી વ્યક્તિઓને તેમજ કામ પૂરતા મહેકમના કર્મચારીઓને આપવામાં આવશે. પંચાયતો, સ્થાનિક સંસ્થાઓ અને નગરપાલિકાઓએ તેમના કર્મચારીઓને મંજૂર કરેલા મોંઘવારી ભથ્થાને કારણે અને બિનસરકારી માધ્યમિક શાળાઓને તેમના શિક્ષકો તેમજ સહાયક અનુદાન લેતી સંસ્થાઓને તેમના કર્મચારીઓને આપવાના થતા મોંઘવારી ભથ્થાના કારણે થતો ખર્ચ આ હુકમોમાં નિયત કર્યા પ્રમાણે વિનિયમિત કરવામાં આવશે. તે જ પ્રકારે રાજ્ય સરકાર હેઠળના પેન્શનરોના કિસ્સામાં, જુલાઈ-૨૦૨૪ થી નવેમ્બર-૨૦૨૪ સુધીના કુલ-૫ માસના સમયગાળાની મળવાપાત્ર હંગામી વધારાના તફાવતની રકમ રોકડમાં ઉપર જણાવ્યા મુજબ ચુકવવાની રહેશે. ■

# જામનગર હાપા માર્કેટિંગ યાર્ડ ડુંગળીથી છલકાયું

## પહેલીવાર ૧૫ હજાર ગૂણીની આવક થતાં પ્રવેશબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જામનગર હાપા માર્કેટિંગ યાર્ડમાં ૧૫,૦૦૦ હજાર ગૂણી ડુંગળીની આવક શરૂ થતા યાર્ડ ડુંગળીથી છલકાઈ ગયું છે. વધુ આવકને કારણે નવી આવક પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે. ૨૨૫થી વધુ વાહનો લઈને ખેડૂતો ડુંગળી વેચવા માટે માર્કેટિંગ યાર્ડ બહાર લાંબી કતારો લગાવીને ઊભા જોવા મળ્યાં હતાં. જામનગર માર્કેટિંગ યાર્ડમાં જીરું, ત્યારબાદ કપાસ અને તાજેતરમાં જ મગફળી અને અજમાની વિપુલ પ્રમાણમાં આવક જોવા મળી હતી. ૧૬ ડિસેમ્બરના રોજ ડુંગળીના મોટા પ્રમાણમાં ઢગલે ઢગલા જોવા મળ્યા હતા, તેમજ માર્કેટિંગ યાર્ડ બહાર ૨૫૦થી વધુ વાહનો અંદાજે ૧૫૦૦૦ જેટલી ડુંગળીની ગૂણીઓ લઈને આવી પહોંચ્યા હતા. માર્કેટિંગ યાર્ડમાં ઇતિહાસમાં પ્રથમ વખત આવી ઘટના બની હતી.

જામનગર માર્કેટિંગ યાર્ડ સેક્રેટરીએ જણાવ્યું હતું કે, યાર્ડના ઇતિહાસમાં પ્રથમ વખત ડુંગળીની આટલા મોટા પ્રમાણમાં આવક જોવા મળી છે તેમજ આવકના કારણે નવી આવક પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે અને હાલની સ્થિતિ મુજબ કપાસ બાદ સૌથી વધુ આવક આ સિઝનમાં ડુંગળીની જોવા મળી છે, જોકે પૂરતા ભાવ ન મળતાં ખેડૂતો પણ ચિંતિત છે.

રાજકોટ માર્કેટિંગ યાર્ડ ખાતે ટેકાના ભાવે જણસીની ખરીદી ચાલી રહી છે. ત્યારે આજે વહેલી સવારથી જ ખેડૂતો તેમની વિવિધ જણસી લઇને ઊમટી પડતાં માર્કેટિંગ યાર્ડ બહાર ૯૦૦ કરતાં વધુ વાહનનો ખડકલો જોવા મળ્યો હતો. યાર્ડ બહાર ૯ કિલોમીટર લાંબી વાહનોની લાઈનો લાગી હતી. યાર્ડના ચેરમેન સહિતના અગ્રણીની હાજરીમાં વાહનોને યાર્ડમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો, જેમાં કપાસની ૮,૫૦૦ ભારી, મગફળીની વધુ ૧.૦૫ લાખ ગૂણીની આવક નોંધાઈ હતી. ■

# રાજકોટના બોગસ દસ્તાવેજ કૌભાંડની તપાસ જિલ્લા કલેક્ટરે પ્રાંત અધિકારીને સોંપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં બોગસ દસ્તાવેજ કૌભાંડની તપાસ કલેક્ટર પ્રભવ જોશીએ પ્રાંત અધિકારી ચાંદની પરમારને સોંપી હતી. તપાસ દરમિયાન દસ્તાવેજોમાં કોઈ ખોટી નોંધ પડી હોય તો તે રદ કરી રિપોર્ટ કરવા આદેશ આપ્યો હતો.

રાજકોટમાં સબ રજિસ્ટ્રાર કચેરીમાં વર્ષ ૧૯૫૦થી ૧૯૭૨ સુધીના ૧૭ દસ્તાવેજો સાથે છેડછાડનું કૌભાંડ ઉજાગર થતાં જ સબ રજિસ્ટ્રાર કચેરીના અધિકારી અતુલ દેસાઇએ ફરિયાદ કરતા કચેરીના સુપરવાઇઝર હર્ષ સોની, કોમ્પ્યુટર ઓપરેટર જયદિપ ચાવડા અને એડવોકેટ કિશન ચાવડા સામે ગુનો દાખલ કરી પોલીસે તપાસ શરૂ કરી હતી. જિલ્લા કલેક્ટરે તેની તપાસ પ્રાંત અધિકારી ચાંદની પરમારને સોંપી હતી.

રાજકોટના બોગસ દસ્તાવેજ કૌભાંડમાં ગામતળના નમુના નં.૨ અને ૭માં પણ જો ખોટી નોંધ પડી છે કે કેમ? તેની પણ તપાસ કરવા અને જો ખોટી નોંધ પડી હોય તો તે રદ કરી રિપોર્ટ કરવા માટે કલેક્ટર પ્રભવ જોશી દ્વારા આદેશ કરવામાં આવ્યો હતો.

કલેક્ટરના આ આદેશના પગલે પ્રાંત-૧ અધિકારી ચાંદની પરમાર સહિત મામલતદારો અને મહેસૂલી અધિકારીઓ દ્વારા તપાસ શરૂ કરવામા આવી છે. દસ્તાવેજ કૌભાંડ મામલે ૪ ઝોનની સબ રજિસ્ટ્રાર કચેરીમાં મહેસૂલી અધિકારીઓએ પડાવ નાંખી જૂના દસ્તાવેજોની તપાસ શરૂ કરી દીધી હોવાનું જાણવા મળ્યું છે. આ કૌભાંડના આંકડા મેળવવાનું પણ અધિકારીઓ દ્વારા શરુ કરાયું હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# સોમનાથની ચિંતન શિબિરમાં સરકારે કરેલી જાહેરાતનો અમલ શરૂ

## એઆઈ ટાસ્કફોર્સની રચના કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ તાજેતરમાં સોમનાથ ખાતે રાજ્ય સરકારની ચિંતન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં સરકાર દ્વારા કરવામાં આવેલી જાહેરાતોનો મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ દ્વારા અમલ શરૂ કરી દેવામાં આવ્યો છે. મુખ્ય પ્રધાને તે સમયે આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સનો અમલ કરવાની વાત કરી હતી.

નાગરિકોને યોજનાઓ, સેવા-સુવિધાઓનો લાભ અસરકારક રીતે અને ટેક્નોલોજીના મહત્તમ ઉપયોગ સાથે ઝડપથી મળી રહે તે માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ નો વિનિયોગ એ હાલના સમયની માગ છે. ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ દિશામાં આગળ વધતા ગિફ્ટ સિટીમાં આર્ટીફિશ્યલ ઈન્ટેલિજન્સ સેન્ટર ઓફ એક્સલન્સની સ્થાપના માટે તાજેતરમાં માઈક્રોસોફ્ટ સાથે કરાર કર્યા હતાં.

આ સેન્ટરમાં મશીન લર્નિંગ, કોગ્નિટિવ સર્વિસીસ અને બોટ સર્વિસ જેવી મુખ્ય ટેક્નોલોજીનો ઉપયોગ કરવામાં આવશે. આ ટેક્નોલોજીઓ વિવિધ ક્ષેત્રોના પાયલોટ પ્રોજેક્ટ્સ, સફળ પાયલોટ પ્રોજેક્ટ્સનું રોલઆઉટ અને વિવિધ તાલીમ કાર્યક્રમો યોજશે.

રાજ્ય સરકારની સોમનાથ ખાતે યોજાયેલી ચિંતન શિબિરમાં મુખ્ય પ્રધાને સુશાસનની વ્યાપકતાથી સોશિયલ ચેલેન્જીસના ઉપાયો માટે એઆઈનો હોલીસ્ટિક એપ્રોચ સાથે વ્યૂહાત્મક ટેક્નોલોજી તરીકે ઉપયોગ કરીને નિર્ણય પ્રક્રિયામાં ગતિ અને પારદર્શીતા લાવવા સાથે સેચ્યુરેશન એપ્રોચ પાર પાડવામાં એઆઈનો ઉપયોગ ઉપકારક બને તેવી આપેલી પ્રેરણાને પગલે હવે આ એઆઈ ટાસ્કફોર્સની રચના કરી છે. રાજ્ય સરકારના સાયન્સ એન્ડ ટેક્નોલોજી વિભાગના અગ્રસચિવ આ ટાસ્ફોર્સના અધ્યક્ષ તરીકે તેમજ સભ્યસચિવ તરીકે આઈસીટી અને ઈ-ગવર્નન્સના નાયબ નિયામક સેવાઓ આપશે. પ્રારંભિક તબક્કે એક વર્ષના સમયગાળા માટે રચાયેલા આ ટાસ્કફોર્સની વાર્ષિક સમીક્ષા કરીને તેના સ્કોપ ઓફ વર્ક અને ફંક્શનીંગ વધુ સમય માટે લંબાવવા સાથે યોગ્ય સુધારાઓ પણ કરાશે. ■

# નકલી રિવૉલ્વર સાથે સોશિયલ મીડિયા પર રીલ પોસ્ટ કરવાનું વરસામેડીના યુવાનને ભારે પડ્યું



તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ

ભુજઃ સોશિયલ મીડિયાની આભાસી દુનિયામાં ચોવીસે કલાક જીવી રહેલા આજના યુવાઓ ઇન્સ્ટાગ્રામ, ફેસબુક, યુટ્યુબ, સ્નેપચેટ જેવા પ્લૅટફૉર્મ્સ પર વટ પડાવવાના ચક્કરમાં ક્યારેક મોટી મુસીબતમાં ફસાઈ જવાના કિસ્સાઓ લગભગ દરરોજ બહાર આવી રહ્યા છે. ત્યારે પૂર્વ કચ્છના અંજાર તાલુકાના વરસામેડી ગામે સ્થિત સાંઇ આશિષ સોસાયટીમાં રહેતા યુવાનને ફિલ્મી અંદાજમાં નકલી બંદૂક સાથે પોસ્ટ કરેલી રીલ વાયરલ કરવી ભારે પડી હતી.

આ અંગે અંજાર વિસ્તારના પી.આઈ. એ.આર.ગોહિલે જણાવ્યું હતું કે, ગત ૧૪મી ડિસેમ્બરે રિવૉલ્વર જેવું હથિયાર લઈને રહેતો ફારૂક રફિક ચૌહાણ આસપાસના લોકોમાં ભયનો માહોલ ઊભો કરતો હોય તે પ્રકારની સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલી રીલ તેમના ધ્યાને આવી હતી. ત્યાર બાદ અલગ-અલગ ટુકડીઓ બનાવી ફારૂકને ઝડપી લેવામાં આવ્યો હતો અને પૂછપરછ કરતાં તેના હાથમાં નકલી રિવૉલ્વર હોવાનું અને તે રીલ્સ બનાવતો હોવાનું જણાવતાં તેને સોશિયલ મીડિયા પર વાઇરલ થવા સીન-સપાટા કરવાની હરકતોથી બચવા અપીલ સાથે કાયદો સમજાવતાં ફારૂકે માફી માગી હવે 'હું આવી રીલ્સ નહીં બનાવું તેમ જણાવી અન્ય યુવાનોને પણ આવી રીલ્સ ન બનાવવા જણાવ્યું હતું. ■

# ગાંધીધામના ખારી રોહર ગામે એલસીબીએ દર્દીઓની સારવાર કરતા બે બોગસ તબીબો ઝડપ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)



તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ

ભુજઃ બે દાયકા અગાઉ કચ્છને તારાજ કરનારા ભૂકંપ બાદ આ જિલ્લામાં સતત વધી રહેલાં ઔદ્યોગિકીકરણ વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં હંગામી ઝૂંપડપટ્ટીઓ અને લેબર કોલોનીઓમાં મોટી સંખ્યામાં પેટિયું રળવા આવેલા પરપ્રાંતીય લોકોની અજ્ઞાનતા તથા સરકારી દવાખાનાઓમાં વર્તાઈ રહેલી તબીબોની ભારે અછતનો લાભ ખાટવા ડિગ્રી વગરના બોગસ તબીબોનાં સંખ્યાબંધ હાટડા આરોગ્ય વિભાગના આંખમિચામણાંના કારણે મોટી સંખ્યામાં ધમધમી રહ્યાં છે.

વીતેલા માત્ર એકાદ વર્ષમાં વગર ડિગ્રીએ દર્દીઓની ચાકરી કરતા ૪૦થી વધુ બોગસ તબીબો ઝડપાઈ ચૂક્યા છે. ત્યારે ગાંધીધામના મોડવદર ખાતે એક દુકાનમાં દવાખાનું ખોલીને લોકોની દવા કરતા બે બોગસ તબીબોને સ્પેશિયલ ઓપરેશન ગ્રુપે ઝડપી પાડ્યા હતા.

પૂર્વ બાતમીના આધારે એસઓજીએ દરોડો પાડીને દુકાનમાં દવાખાનાના નામે હાટડી ચલાવી રહેલાં આંધ્રપ્રદેશ અને બંગાળના બે પરપ્રાંતીય શખસોને દબોચી લઈને તેમને કાયદાનું ઈન્જેક્શન આપ્યું હતું.

પોલીસે લોકનાધામ ગોરકલા નામના તેલુગુ વ્યક્તિના દવાખાના પર દરોડો પાડી ૧૪ હજારની દવાઓ તથા તબીબી સાધનો જપ્ત કર્યાં હતાં. તો, નજીકમાં પ્રૅક્ટિસ કરી રહેલા અન્ય એક બંગાળી અચિન્તકુમાર બિરવાસને ૧૨ હજારની દવાઓ તથા તબીબી સાધનો સાથે જિલ્લા આરોગ્ય અધિકારી, તાલુકા હેલ્થ ઑફિસરની ટુકડીને સાથે રાખીને ધરપકડ કરી હતી અને બંને આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૨૫ તથા મૅડિકલ પ્રૅક્ટિસનર ઍક્ટની કલમ ૩૩ મુજબ ગુનો નોંધી ગાંધીધામ પોલીસ મથકને સોંપવામાં આવ્યા હતા.

પૂર્વ કચ્છ ઉપરાંત મુંદરા, ખાવડા, અબડાસા સહિતનાં મથકોમાં પણ બોગસ તબીબોનાં હાટડાં ધમધમી રહ્યાં હોવા છતાં આરોગ્ય વિભાગે કોઈ કાર્યવાહી કરી નથી. જો પૂર્વ કચ્છમાં પોલીસ સમયાંતરે બોગસ તબીબો સામે કાર્યવાહી કરતી હોય તો પશ્ચિમ કચ્છમાં કેમ પગલાં ભરવા નથી આવતા તેવો સવાલ ઊઠી રહ્યો છે. ■

# ભાવનગર રેલવે ડિવિઝન ખાતે યોજાયેલી પેન્શન અદાલતમાં ૧૫૪ કેસોનું નિરાકરણ કરાયું



તસવીર- વિપુલ હિરાણી, ભાવનગર

ભાવનગરઃ પશ્ચિમ રેલવેના ભાવનગર રેલવે ડિવિઝન ખાતે સોમવારે ડિવિઝનલ રેલવે મૅનેજર રવીશ કુમારની અધ્યક્ષતામાં ૬૬મી પેન્શન અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલવેના સેવાનિવૃત્ત કર્મચારીઓની પેન્શન સંબંધિત સમસ્યાઓ જેમ કે પેન્શન પેમેન્ટ ઑર્ડર, ફિક્સ્ડ મૅડિકલ એલાઉન્સ, ગ્રુપ ઈન્સ્યોરન્સ વગેરે કેસોથી સંબંધિત બ્રોડગેજ વર્કશોપના ૭ કેસો અને મંડળીય કચેરીના ૧૪૭ કેસ સહિત કુલ ૧૫૪ કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

ભાવનગર ડિવિઝનના સિનિયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા મુજબ, આ પેન્શન અદાલતને સફળ બનાવવામાં કાર્મિક વિભાગ, નાણાં વિભાગ, સેટલમેન્ટ શાખા અને કલ્યાણ નિરીક્ષકોની ટીમે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી, જેમના પ્રયત્નોને કારણે તમામ કેસોનો ઝડપથી ઉકેલ આવ્યો હતો. મહત્તમ કેસોનો ઝડપી નિકાલ અને પેન્શન અદાલતની તળ સ્પર્શતી અને ત્વરિત કાર્યવાહીની ઑલ ઈન્ડિયા રેલ્વે પેન્શનર્સ ઍસોસિયેશન દ્વારા પ્રશંસા કરવામાં આવી હતી અને સંતોષ વ્યક્ત કરવામાં આવ્યો હતો અને વહીવટી તંત્રનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ■

# માંડવીની રેસ્ટોરન્ટમાંથી ઝડપાયેલો રસોઈયો ૨૫ ગુનામાં વૉન્ટેડ દિલ્હીનો ખૂંખાર લૂંટારો નીકળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)



તસવીરઃ ઉત્સવ વૈદ્ય, ભુજ

ભુજઃ કચ્છના માંડવીના કોડાય પુલ પાસેની જલારામ રેસ્ટોરન્ટમાં રસોઈયા તરીકે કામ કરતો ૩૨ વર્ષીય અનુજ ઉર્ફે અંતુ સુશીલકુમાર દિલ્હીનો ખૂંખાર વૉન્ટેડ લૂંટારો નીકળતાં આસપાસના વેપારીઓ અને દુકાનદારોમાં ખળભળાટ મચી ગયો હતો.

દિલ્હીની ક્રાઈમ બ્રાન્ચના તપાસકર્તાએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, અનુજ પર પૂર્વ દિલ્હીના સીલમપુર, સોનિયા વિહાર, નારેલા આઉટર, જાફરાબાદ સહિતનાં વિવિધ પોલીસ મથકોમાં છેલ્લાં દસ વર્ષમાં આર્મ્સ ઍક્ટ, લૂંટ, ચોરી, ચિલઝડપ વગેરે જેવા ૨૫ ગુના નોંધાયેલા છે. દિલ્હી પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, આઠ ગંભીર ગુનામાં વૉન્ટેડ જાહેર કરેલા અને વર્ષ ૨૦૨૨થી ફરાર થઈ ગયેલા અનુજને પકડવા માટે છ મહિના અગાઉ દિલ્હી ક્રાઈમ બ્રાન્ચે ખાસ ટીમ બનાવીને તપાસ શરૂ કરી હતી. આ ટીમે દિલ્હી, હરિયાણા, પંજાબ અને છેક રાજસ્થાન સુધી અનુજને ટ્રેક કરવા દોડધામ કરી હતી. આ દરમ્યાન તે સીમાવર્તી કચ્છમાં છુપાયો હોવાનો ઇનપુટ મળતાં તેને ગત ગુરુવારે દિલ્હી ક્રાઈમ બ્રાન્ચની ટીમે કોડાય પોલીસની મદદથી જલારામ રેસ્ટોરન્ટમાંથી ઝડપી પાડ્યો હતો.

દિલ્હી પોલીસની પ્રાથમિક પૂછપરછમાં બહાર આવ્યું છે કે, અનુજ ઉર્ફે અંતુ એક સારો રસોઈયો છે. માદક પદાર્થોનો બંધાણી બની તે લૂંટ અને ચોરીના રવાડે ચઢી ગયેલો. નિર્જન વિસ્તારો કે અંધારાવાળી જગ્યાએ તે રાહદારીઓને ટાર્ગેટ બનાવીને છરીની અણીએ લૂંટી લેતો. પોલીસની ધોંસ વધતાં અંતુ દિલ્હીથી નાસીને રાજસ્થાન પહોંચ્યો હતો. અહીં એક હોટેલમાં રસોઈયા તરીકે નોકરી કરતો હતો. પોલીસ પોતાને શોધતી હોવાની માહિતી મળી જતાં તે ત્યાંથી ભાગીને કોડાય આવ્યો હતો.

પોલીસ સ્વજનોના ફોન કોલને ટ્રેસ કરતી હોઈ અંતુએ સ્વજનો સાથે ફોન પર વાત કરવાનું બંધ કરી દીધું હતું. કોઈ અગત્યનું કામ હોય તો ક્યારેક ૧૦૦ કિલોમીટર દૂરનો પ્રવાસ ખેડીને ફોન પર સંપર્ક કરતો. ઉલ્લેખનીય છે કે ભૂતકાળમાં પૂર્વ અને પશ્ચિમ કચ્છમાંથી લોરેન્સ બિશ્નોઈ ગેંગના સાગરીતો સહિતના આવા અનેક ખૂંખાર ગુનેગારો આશ્રય લેતાં ઝડપાયેલા છે. ■

# જૂનાગઢમાં લોકોનાં બૅન્ક એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરાવી સાયબર ફ્રોડ આચરતી ગેંગ ઝડપાઈ



(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢઃ દેશમાં સાયબર ક્રાઈમના બનાવો સતત વધી રહ્યા છે. ઑનલાઈન ફ્રોડ અને ડિજિટલ એરેસ્ટના બનાવોથી લોકો લૂંટાઈ રહ્યા છે. ત્યારે જૂનાગઢમાં લોકોને અલગ અલગ બહાનાં બતાવી તેમનાં બૅન્ક એકાઉન્ટો મેળવી તે બૅન્ક એકાઉન્ટોમાં સાયબર ફ્રોડનાં નાણાં ટ્રાન્સફર કરાવી આંગડિયા/હવાલા મારફતે દેશનાં અલગ અલગ રાજ્યોમાં મોકલી નાણાંની હેરફેર કરતી આંતરરાજ્ય સાયબર ક્રિમિનલોની ગેંગને પોલીસે ઝડપી પાડી હતી.

પ્રાપ્ત વિગતો દ્વારા આરોપીઓ દ્વારા અલગ અલગ મોડસ ઓપરેન્ડીથી લોકોને અલગ અલગ બહાનાં બતાવી તેમના બેંક એકાઉન્ટો વિગત મેળવી તેનો સાયબર ક્રાઇમના ગુન્હાને અંજામ આપતી એક ગેંગ જુનાગઢ રેન્જ વિસ્તારમાં સક્રીય થઈ હતી. જેની ખાનગી બાતમી મળતાં પોલીસ દ્વારા આ બાબતે સતત વોચ રાખવામાં આવતી હતી. જે દરમ્યાન એક અરજદાર તરફથી ઉપરોક્ત બાબતની અરજી મળતા તાત્કાલીક તેઓની ફરીયાદ નોંધી કુલ ૮ આરોપીઓને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી. જેમાં અલગ અલગ કુલ-૨૦૦ જેટલા બેંક એકાઉન્ટોની સંડોવણી પ્રાથમિક રીતે ખુલી આવેલ અને હાલમાં કુલ-૮૨ બેંક એકાઉન્ટ વિરૂધ્ધ આખા દેશમાં એનસીસીઆરપી પોર્ટલ પર કુલ-૧૫૨ ઓનલાઇન કમ્પલેન નોંધાઈ છે. જે પૈકી કુલ-૪૨ બેંક એકાઉન્ટોમાં ૫૦ કરોડ રૂપિયાનું સાયબર ફ્રોડ કર્યું હોવાનું જાણવા મળ્યું હતું. બીજા બેંક એકાઉન્ટસની વિગત મેળવવાની કાર્યવાહી પોલીસ દ્વારા શરૂ કરવામાં આવી હતી. ■

## ગીરમાં સિંહોના રક્ષણ અને સંવર્ધન માટે

# વન વિભાગ દ્વારા ફાયબર ઓપ્ટિક્સનો ઉપયોગ કરાશે

અમદાવાદઃ જૂનાગઢ જિલ્લાના ગીર વિસ્તારના સિંહોની સુરક્ષા અને સંવર્ધન મુદ્દે વન વિભાગ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જેમાં પ્રથમ માઈક્રોચીપ, રેડિયો કોલર, સેટેલાઇટ સહિતની ટેકનોલોજીની મદદથી સિંહ સુરક્ષા માટે ઉપયોગ કરાતો. પરંતુ હવે વાણીયાવાવ વિસ્તારમાં અલગ ટેકનોલોજી સાથે સંકળાયેલા અને સ્પીડ મોનિટરિંગ સિસ્ટમવાળા સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે. જેથી ત્યાંથી પસાર થતી તમામ વન્ય પ્રાણીઓના વીડિયો તાત્કાલિક મળી જાય તેવી વ્યવસ્થા ઊભી કરાઈ છે.

સાસણમાં મોનિટરિંગ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે જ્યાં ડેટા લઈ જવા માટે આ ફાઇબર ઓપ્ટિક્સની મદદ જરૂરી બનશે. આ ટેકનોલોજીના આવવાથી રેલવે ટ્રેક ઉપર વારંવાર આવી જતા વન્ય પ્રાણીઓના થતા અકસ્માતને અટકાવવામાં પણ ખૂબ જ મદદ મળશે. ઉપરાંત આ વિસ્તારમાં વન વિભાગ જ કામ કરતો હશે તેને અને રેલવે કર્મચારીને પણ જાણ કરી એલર્ટ કરવામાં આવશે જેથી ટ્રેનની અડફેટે થતાં સિંહોના મોત અને અકસ્માતો અટકાવી શકાશે.

આ અંગે વન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે સિંહોના રક્ષણ અને સંવર્ધન માટે વન વિભાગ દ્વારા પહેલા માઈક્રો ચિપ્સ રેડિયો કોલર, સેટેલાઈટ ટેક્સ્ટ, તેવી જ રીતે ફાઇબર ઓપ્ટિક્સનો પણ ઉપયોગ કરવામાં આવશે. વન વિભાગ દ્વારા હાલ સ્પીડ મોનિટરિંગ સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. જેમાં ત્રણ પ્રકારના કેમેરા લગાવવામાં આવ્યા છે. જેથી રોડ પરથી જે પ્રાણીઓ પસાર થાય તેના ફોટો અને વીડિયો તાત્કાલિક કંટ્રોલ રૂમને મળી જાય છે. હાલ વન વિભાગ દ્વારા આ ટેક્નોલોજીનો ઉપયોગ કરી સિંહોને બચાવવા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ■

# લખપતના ઘડુલી નજીક ઊભેલા ટ્રેઈલરની પાછળ મોટરસાઇકલ ઘૂસી જતાં બે યુવકોનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)



ભુજઃ કચ્છમાં ફરી વળેલા કાળચક્રમાં પાંચ લોકોનાં અકાળે મોત નીપજતાં પંથકમાં અરેરાટી વ્યાપી છે. લખપત તાલુકાના ઘડુલી નજીક ઊભેલા ટ્રેઇલર પાછળ મોટરસાઈકલ ઘૂસી જતાં બે યુવકોના ઘટનાસ્થળે કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં. જ્યારે ભુજ તાલુકાના મોખાણા નજીક ટ્રેઇલર અને મોટરસાઈકલ વચ્ચે થયેલી ટક્કરમાં મોડસરના રમેશ રવા ગાગલ નામના ૩૦ વર્ષીય યુવકનું ગંભીર ઈજાઓના પગલે મોત થયું હતું.

બીજી તરફ મુંદરા તાલુકાના વડાલા ગામે પ્રસંગમાં જવા બાબતે પતિ સાથે થયેલા વિવાદ બાદ આવેશમાં આવી ગયેલી ૨૩ વર્ષની પત્ની એવી મનીષા ભાવેશ ભાણજી પારાધીએ ગળેફાંસો ખાઈ પોતાનો જીવ દઈ દીધો હતો. તેમ જ ભુજના ખારી નદી સ્મશાન માર્ગ પર મધરાતે મૂળ નવસારી બાજુના ૫૦ વર્ષીય આધેડ હરેશ જયકિશન ટંડેલ મૃત અવસ્થામાં મળી આવતાં પંથકમાં ચકચાર મચી ગઈ હતી. ■